અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

02 DECEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 151 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad


Ahmedabad

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  ભ્રષ્ટાચારના આરોપોને લીધે કરિયર દાવ પર લાગતા નેતન્યાહૂએ રાષ્ટ્રપતિ પાસે માફી માગી

4  બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય, કે જેનો અર્થ "વાતુલ "થાય છે.

6  'દોસ્ત, કોઈ બીજી જર્સી તારા પર નહીં શોભે' : આન્દ્રે રસેલે IPLમાંથી નિવૃત્તિ લીધી

7  રૂપિયો 89.79 સુધી ગગડ્યો, સૌથી નીચલા સ્તરે : વિદેશી રોકાણકારો સતત પૈસા ઉપાડી રહ્યા છે....

### બેંકની પણ તપાસ કરવામાં આવે : સુપ્રીમ કોર્ટ

# સાયબર ઠગોની ખેર નહીં, ડિજિટલ અરેસ્ટના કેસની તપાસ CBI કરશે

## આ સ્કેમથી અનેક લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવી લેવાયા, આ મામલો હવે એટલો મોટો થઈ ગયો છે કે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે : સુપ્રીમ

**નવી દિલ્હી, તા.01**

સુપ્રીમ કોર્ટે ડિજિટલ અરેસ્ટ મામલે સખત વલણ અપનાવ્યું છે અને ઝમ્નેને આખા દેશમાં તપાસ શરૂ કરવાનો આદેશ આપ્યો છે. છેલ્લા કેટલાક મહિનાઓમાં આ સ્કેમથી અનેક લોકો પાસેથી કરોડો રૂપિયા પડાવવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું કે આ મામલો હવે એટલો મોટો થઈ ગયો છે કે તાત્કાલિક કાર્યવાહી જરૂરી છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે દેશના બધા રાજ્યો, પછી ત્યાં કોઈ પણ પાર્ટીની સરકાર હોય, CBIને આ તપાસ માટે તાત્કાલિક મંજૂરી આપે. સુપ્રીમ કોર્ટે માન્યું કે આટલા મોટા નેટવર્કવાળા ફ્રોડને રોકવા માટે એક જ એજન્સી દ્વારા કેન્દ્રિત રીતે તપાસ કરાવવી સૌથી જરૂરી છે.



કોર્ટે CBIને એ પણ છૂટ આપી છે કે જો કોઈ બેંકે ખોટી રીતે એકાઉન્ટ ખોલ્યા હોય અને તેનો ઉપયોગ આ સાયબર ફ્રોડમાં થયો હોય, તો તે બેંકરોની પણ તપાસ કરવામાં આવે. આ તપાસ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ થશે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કહ્યું કે, બેંકિંગ સિસ્ટમમાં જે કોઈ નબળાઈઓ છે, તેને બહાર કાઢવી જરૂરી છે, કારણ કે સ્કેમર્સ આ જ ખામીનો લાભ ઉઠાવે છે.

ડિજિટલ અરેસ્ટ સ્કેમ ફોન કોલ, વીડિયો કોલ અને મેસેજિંગ પ્લેટફોર્મ દ્વારા ચાલે છે. એટલે કોર્ટે Meta, Google તથા બાકી સોશિયલ મીડિયા કંપનીઓને સ્પષ્ટ કહ્યું છે કે CBIને જરૂરી બધા ડેટા, માહિતી અને ટેકનિકલ મદદ તુરંત ઉપલબ્ધ કરાવવામાં આવે. કોર્ટે એ પણ માન્યું કે સ્કેમર્સ પોતાને પોલીસ, એજન્સી કે સરકારી અધિકારી ગણાવીને ડર ફેલાવે છે અને લોકો ડરીને પૈસા મોકલી દે છે. એટલે ડિજિટલ પ્લેટફોર્મનો સહયોગ અત્યંત જરૂરી છે.

સુપ્રીમ કોર્ટે એ પણ નિર્દેશ આપ્યો છે કે, જો તપાસમાં એવું સામે આવે કે આ ગેંગ ભારતની બહારથી કામ કરે છે અથવા વિદેશમાં પૈસા મોકલવામાં આવ્યા છે, તો સીબીઆઈ ઈન્ટરપોલની મદદ લઈ શકે છે. બન્ને દેશોની એજન્સીઓ વચ્ચે સંકલન સાધીને કાર્યવાહી કરી શકાશે, જેથી આંતરરરાષ્ટ્રીય સ્તરે ફેલાયેલા નેટવર્કને ખતમ કરી શકાય. સુપ્રીમ કોર્ટની ખંડપીઠે ટેલિકોમ ડિપાર્ટમેન્ટને કહ્યું છે કે, તેઓ જણાવે કે આટલા મોટા પાયે ફેક સિમ કેવી રીતે જારી થઈ રહ્યા છે અને તેને રોકવા શું નવાં પગલાં લઈ શકાય. કોર્ટે કહ્યું કે, સ્કેમર્સ નકલી ઓળખપત્રો અને ખોટા દસ્તાવેજો પર સિમ લે છે અને એ જ નંબરોથી લોકોને ધમકાવવાના કે ફસાવવાના કોલ કરે છે.

સુપ્રીમ કોર્ટે RBIને સલાહ આપી છે કે, તે ટેકનોલોજીનો વધારે ઉપયોગ કરે. ખાસ કરીને AI અને મશીન લર્નિંગની મદદથી આ ફેક એકાઉન્ટ્સની ઓળખ, ગેરકાયદેસર ટ્રાન્ઝેક્શન રોકવા અને મ્યૂલ એકાઉન્ટ્સ પકડવાની સિસ્ટમને વધુ મજબૂત કરવામાં આવે. કોર્ટે કહ્યું કે બેંકોને ઘણી વાર મોડી ખબર પડે છે કે એકાઉન્ટનો ખોટો ઉપયોગ થયો છે, એટલે ટેકનોલોજીને વધુ ઝડપી અને સ્માર્ટ બનાવવી જરૂરી છે. કોર્ટે તમામ રાજ્ય સરકારોને એ પણ નિર્દેશ આપ્યો છે કે તેઓ પોતાની સાઈબર ક્રાઈમ યુનિટ્સને વધુ ઝડપી, સક્ષમ અને સંસાધનયુક્ત બનાવે.

# દિલ્હી બ્લાસ્ટમાં કાશ્મીરમાં 10 સ્થળોએ NIAના દરોડા

### ડૉ. ઉમરના સાથી બિલાલના ઘરે તપાસ ચાલુ, તેણે જ ડ્રોન હુમલાનું પ્લાનિંગ કર્યું હતું

**શ્રીનગર, તા.01**

દિલ્હી આતંકી બ્લાસ્ટ કેસને લઈને રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ સોમવારે કાશ્મીરમાં લગભગ 10 સ્થળોએ દરોડા પાડ્યા. એજન્સીએ મૌલવી ઈરફાન અહેમદ, ડો. આદિલ, ડો. મુઝમ્મિલ, આમિર રશીદ અને જસીર બિલાલના ઘરો પર દરોડા પાડ્યા છે.



ન્યૂઝ એજન્સી PTI અનુસાર, NIAના દરોડા શોપિયાંના નાદિગામ ગામ, પુલવામાના કોઈલ, ચંદગામ, મલંગપોરા, સંબુરા અને કુલગામમાં ચાલી રહ્યા છે. ટીમો એવા પુરાવા શોધી રહી છે જે વ્હાઈટ કોલર ટેરર નેટવર્ક અને દિલ્હી બ્લાસ્ટ સાથે સંકળાયેલા હોઈ શકે છે.

કેન્દ્રીય તપાસ એજન્સી ડો. ઉમર નબીના સાથી જસીર બિલાલ વાની ઉર્ફે દાનિશના ઘરે પણ તપાસ કરી રહી છે. જસીર દિલ્હી બ્લાસ્ટના મુખ્ય સહ-ષડયંત્રકારોમાંનો એક માનવામાં આવે છે. તેના પર ઉમર સાથે મળીને હમાસની જેમ ભારતમાં ડ્રોન હુમલાનું ષડયંત્ર રચવાનો આરોપ છે.

દિલ્હી કાર બ્લાસ્ટમાં NIAએ મૌલવી ઈરફાન, ડો. આદિલ, જસીર બિલાલ સહિત 7 લોકોની અત્યાર સુધી ધરપકડ કરી છે. તેમાંથી 5 જમ્મુ-કાશ્મીરના રહેવાસી છે. ધમાકામાં પોતાને ઉડાવી દેનાર ડો. ઉમર પણ પુલવામાનો રહેવાસી હતો. તે ફરીદાબાદની અલ-ફલાહ યુનિવર્સિટીમાં આસિસ્ટન્ટ પ્રોફેસર હતો.

NIAએ 17 નવેમ્બરે જસીરની શ્રીનગરથી ધરપકડ કરી હતી. તે અનંતનાગના કાઝીકુંડનો રહેવાસી છે. તેણે અનંતનાગ જિલ્લાના કાઝીગુંડમાંથી પોલિટિકલ સાયન્સમાં ગ્રેજ્યુએશન કર્યું છે. દિલ્હી બ્લાસ્ટમાં તેની સક્રિય ભૂમિકા રહી છે.

આરોપ છે કે જસીર બોમ્બ વિસ્ફોટ માટે ડ્રોન મોડિફાય કરતો હતો અને રોકેટ બનાવવાનો પણ પ્રયાસ કર્યો હતો. જસીર ગયા વર્ષે ઓક્ટોબરમાં કુલગામની એક મસ્જિદમાં ઉમરને પહેલીવાર મળ્યો હતો. ત્યારબાદ તે ટેરર મોડ્યુલમાં સામેલ થઈ ગયો.

સૂત્રો અનુસાર, શરૂઆતમાં અન્ય આતંકવાદીઓ ઈચ્છતા હતા કે જસીર જૈશ-એ-મોહમ્મદ માટે એક સક્રિય કાર્યકર તરીકે કામ કરે, પરંતુ ઉમરે તેને આત્મઘાતી હુમલાખોર બનવા માટે ઉશ્કેર્યો.

જોકે, એપ્રિલ 2025માં જસીરે આર્થિક તંગી અને ઈસ્લામમાં આત્મહત્યાને હરામ ગણાવતા આત્મઘાતી હુમલાખોર બનવાનો ઈનકાર કર્યો. પરંતુ તેણે આતંકવાદી ઉમરને ટેકનિકલ સપોર્ટ આપવાનું ચાલુ રાખ્યું.

# મહારાષ્ટ્રમાં NDAમાં તણાવ! શિંદેના નેતાના ઘરે રેડ પડતાં શિવસેના ભડકી, ભાજપના ઈશારે કાર્યવાહીનો આરોપ

**મુંબઈ, તા.01**

મહારાષ્ટ્રના રાજકારણમાં એક મોટી હલચલ જોવા મળી છે, જ્યાં ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની શિવસેનાને અત્યાર સુધીનો સૌથી મોટો ઝટકો લાગ્યો છે. સત્તાધારી મહાયુતિના સહયોગી પક્ષ શિવસેનાના નેતાઓના નિવાસસ્થાન અને કાર્યાલયો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. શિંદેના પૂર્વ ધારાસભ્ય શહાજી બાપુ પાટીલના કાર્યાલય પર એલસીબી(LCB) અને ચૂંટણી અધિકારીઓ રેડ પાડવા પહોંચ્યા છે.



શહાજી બાપુ પાટીલના કાર્યાલય પર સાંગોલા ખાતે દરોડા પાડવામાં આવ્યા, જેના કારણે મોટી હલચલ મચી ગઈ હતી. આ દરોડા દરમિયાન, એલસીબી(LCB) અને ચૂંટણી પંચની ટીમે રેકોર્ડિંગ પણ કર્યું હતું. આ સિવાય, સાંગોલામાં આવેલા ધારાસભ્ય બાબાસાહેબ દેશમુખના પ્રચાર કાર્યાલયની પણ ચૂંટણી અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

એકનાથ શિંદે જૂથના નેતા શહાજી બાપુ પાટીલે ભાજપ પર ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, 'આ સમગ્ર કાર્યવાહી જિલ્લા પાલક મંત્રી જયકુમાર ગોરે અને પૂર્વ ધારાસભ્ય દીપક આબા સાળુંખેના ઈશારે કરવામાં આવી છે.' તેમણે સીધો આક્ષેપ કર્યો કે ભાજપને સાંગોલા નગર પરિષદની ચૂંટણીમાં પોતાની હાર સ્પષ્ટ દેખાઈ રહી હોવાથી, તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ છે અને આ રાજકીય કાર્યવાહી તેનું જ પરિણામ છે.

# કેટલીક પાર્ટીઓ હાર પચાવી શકતી નથી : PM મોદી

## ખડગેએ કહ્યું, ધનખરને ફેરવેલ ન મળ્યું એનું દુઃખ, નડ્ડાએ કહ્યું, ડોક્ટરને તકલીફ બતાવો

**નવી દિલ્હી, તા.01**

સંસદનું શિયાળુ સત્ર (વિન્ટર સેશન) સોમવારથી શરૂ થયું. લોકસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષે હોબાળો મચાવ્યો, જેમાં ઘણા સાંસદો વેલમાં ધસી ગયા. ત્યાર બાદ સ્પીકર ઓમ બિરલાએ કાર્યવાહી બપોરે 12 વાગ્યા સુધી સ્થગિત કરી હતી. બાદમાં કાર્યવાહી શરૂ થતાં SIR પરત ખેંચવાની માગણી સાથે વિપક્ષે લોકસભામાં ફરી હોબાળો મચાવ્યો. ત્યાર બાદ વિપક્ષના હોબાળા વચ્ચે લોકસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી હતી.



સત્ર શરૂ થાય એ પહેલાં પીએમ મોદીએ મીડિયા સાથે 10 મિનિટ વાત કરી. તેમણે કહ્યું, હાલની ચૂંટણીમાં હાર બાદ વિપક્ષે હારની નિરાશામાંથી બહાર નીકળીને ગૃહમાં મજબૂત મુદ્દાઓ ઉઠાવે. જો વિપક્ષ ઈચ્છે તો હું તેમને પ્રદર્શન કેવી રીતે કરવું એ અંગે ટિપ્સ આપવા તૈયાર છું. PMએ કહ્યું, કેટલાક પક્ષો તેમની ચૂંટણીની હાર પચાવી શકતા નથી. એક કે બે પક્ષો બિહારનાં પરિણામોથી આગળ વધી શકતા નથી. સંસદમાં ડ્રામા નહીં, ડિલિવરી હોવી જોઈએ.

તેમણે કહ્યું હતું કે આ સત્ર હારની હતાશા કે જીતના ઘમંડનું મેદાન ન બનવું જોઈએ. નવી પેઢીએ અનુભવનો લાભ લેવો જોઈએ. અહીં ડ્રામા નહીં, પરંતુ ડિલિવરી હોવી જોઈએ. PMએ નવા રાજ્યસભા અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું હતું.

કોંગ્રેસે પીએમના નિવેદન પર પ્રતિક્રિયા આપતાં કહ્યું હતું કે 'પીએમનું આ નિવેદન માત્ર દંભ છે. જે સૌથી મોટા ડ્રામેબાજ છે, એ જ ડ્રામા વિશે વાત કરે છે.

મોદીએ રાજ્યસભાના નવા અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણનનું સ્વાગત કર્યું અને તેમના અભિવાદનમાં ભાષણ આપ્યું. ત્યાર બાદ વિપક્ષના નેતા અને કોંગ્રેસપ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ અધ્યક્ષનું અભિવાદન કર્યું. આ દરમિયાન ખડગેએ પૂર્વ ચેરમેન જગદીપ ધનખરના અચાનક રાજીનામા પર સવાલ ઉઠાવ્યા. ખડગેએ કહ્યું, 'મને દુઃખ છે કે ગૃહને ભૂતપૂર્વ સ્પીકરને ફેરવેલ આપવાની તક મળી નહીં.' ખડગેની ટિપ્પણીનો ભાજપ-અધ્યક્ષ અને કેન્દ્રીય મંત્રી જેપી નડ્ડાએ વળતો પ્રહાર કર્યો. નડ્ડાએ કહ્યું, 'બિહાર, હરિયાણા અને મહારાષ્ટ્રમાં મળેલી હારથી તમને ખૂબ તકલીફ થઈ છે. તમારે તમારી તકલીફ વિશે ડૉક્ટરને બતાવવું જોઈએ. શિયાળુ સત્ર શરૂ થતાં પહેલાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ભારતે સાબિત કર્યું છે કે ડેમોક્રેસી કેન ડિલિવર. આ સત્ર વિકસિત ભારતના લક્ષ્યને વધુ ઊર્જાવાન બનાવવાની તક છે. પીએમ મોદીએ વિપક્ષને હારની નિરાશાને દૂર કરવા અને મજબૂત મુદ્દાઓ ઉઠાવવા વિનંતી કરી. તેમણે કહ્યું હતું કે સત્ર હારની હતાશા અથવા જીતના ઘમંડનું મેદાન ન બનવું જોઈએ. નવી પેઢીને અનુભવનો લાભ મળવો જોઈએ. અહીં ડ્રામા નહીં, પરંતુ ડિલિવરી હોવી જોઈએ. રાષ્ટ્રીય નીતિ પર ચર્ચા થવી જોઈએ. લોકસભામાં હોબાળા વચ્ચે મણિપુર GST (બીજો સુધારો) બિલ 2025 અને સેન્ટ્રલ એક્સાઈઝ (સુધારો) બિલ રજૂ કરવામાં આવ્યા હતા. નાણામંત્રી નિર્મલા સીતારમણે હોબાળા વચ્ચે આ બિલો લોકસભામાં રજૂ કર્યા હતા.

# મૈથિલીએ 'મૈથિલી' ભાષામાં શપથ લીધા : શપથ લેતી વખતે પારંપરિક મધુબની સાડી પહેરી હતી

**પટના, તા.01**

18મી વિધાનસભાના પહેલા સત્રમાં નવનિર્વાચિત સભ્યોએ શપથ લીધા. બાહુબલી રાજબલ્લભની પત્ની અને નવાદાથી જદયુ ધારાસભ્ય વિભા દેવી શપથપત્ર વાંચી શક્યાં નહીં. અટકી-અટકીને કોઈક રીતે શપથ વાંચી રહ્યાં હતાં. આ દરમિયાન તેમણે બાજુમાં બેઠેલા ધારાસભ્ય મનોરમા દેવીને કહેવા કહ્યું. પછી મનોરમા દેવીએ પ્રોમ્પ્ટ કર્યા પછી તેમણે તૂટેલા-ફૂટેલા શબ્દોમાં શપથ લીધા.



જ્યારે બાહુબલી અશોક મહતોનીની પત્ની અને વારિસલીગંજ ધારાસભ્ય અનિતા દેવીએ બહુજનના નેતાઓને ટાંકીને શપથ લેવાનું શરૂ કર્યું. તેમણે કહ્યું, હું બહુજન સમાજની દીકરી અનિતા, રૂહાની આશીર્વાદ લેતાં બાબા સાહેબને યાદ કરતાં શપથ લઉં છું.... જે પછી પ્રોટેમ સ્પીકરે તેમને રોક્યા. આ પછી તેમણે ફરીથી પોતાનું નામ લઈને શપથ વાંચ્યા. બેતિયાથી ભાજપનાં ધારાસભ્ય અને પૂર્વ ડેપ્યુટી સીએમ રેણુ દેવીએ ગૃહમાં ખોટા શપથ લીધા. જે પછી પ્રોટેમ સ્પીકરે તેમને રોક્યા અને ફરીથી શપથ વંચાવડાવ્યા.

આ દરમિયાન સૌથી યુવા ધારાસભ્ય મૈથિલી ઠાકુરે તેમની મૂળ ભાષા મૈથિલીમાં શપથગ્રહણ કર્યા હતા. આ દરમિયાન તેમણે પરંપરાગત મધુબની સાડી પણ પહેરી હતી. નવાદાથી જેડીયુના ધારાસભ્ય અને બાહુબલી રાજવલ્લભની પત્ની વિભા દેવી શપથ લઈ શક્યાં નહીં. આ વખતે તેઓ નવાદાથી ચૂંટણી જીત્યાં છે. ચૂંટણી પહેલાં તેઓ જેડીયુમાં જોડાયાં. આ પહેલાં તેઓ આરજેડીનાં ધારાસભ્ય હતાં.



# પહેલાં મોતની રીલ બનાવી, બે દિવસ બાદ માથું ધડથી અલગ

## સુરતમાં 18 વર્ષીય બાઈકરનું અકસ્માતે મોત, રોડ પર માંસના ટુકડા વિખેરાયા; 'લેલા' (KTM)ને પ્રેમ કરવો ભારે પડ્યો

**સુરત, તા.01**

સુરતમાં એક અત્યંત હૃદયદ્રાવક અને લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે, જેણે દરેક વાલી અને યુવાનોને હચમચાવી દીધા છે. 'ઝડપની મજા, મોતની સજા' આ કહેવત સુરતના બ્રેડ લાઈનર સર્કલ પાસે સાચી પડી છે. માત્ર 18 વર્ષની વયના એક આશાસ્પદ યુવાન અને સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર પ્રિન્સ પટેલનું બાઈક અકસ્માતમાં કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. આ ઘટનામાં સૌથી ચોંકાવનારી વાત એ છે કે મૃતકે પોતાના મોતના માત્ર બે દિવસ પહેલાં જ સોશિયલ મીડિયા પર એક રીલ પોસ્ટ કરી હતી, જેમાં તે મોત અને સ્વર્ગની વાતો કરી રહ્યો હતો, જે આજે તેના માટે એક ભયાનક હકીકત બની ગઈ છે. પ્રિન્સ પટેલ પોતાની KTM બાઈક લઈને સુરતના યુનિવર્સિટી રોડ તરફથી આવી રહ્યો હતો અને બ્રેડ લાઈનર બ્રિજ પરથી નીચે ઊતરી રહ્યો હતો. બ્રિજ ઊતરતી વખતે બાઈકની સ્પીડ એટલી વધારે હતી કે તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. કાબૂ ગુમાવતાં બાઈક જોરદાર ધડાકા સાથે ડિવાઈડર સાથે અથડાઈ હતી. અકસ્માતની તીવ્રતા એટલી ભયાનક હતી કે જોનારાનાં કાળજાં કંપી ગયાં હતાં. પ્રિન્સનું માથું અને



ધડ અકસ્માતના કારણે અલગ થઈ ગયાં હતાં અને ઘટનાસ્થળે જ તેનું પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

અકસ્માતની જાણ થતાં જ ખટોદરા પોલીસ સ્ટેશનનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો લઈ તેને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો છે અને અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. 18 વર્ષના જુવાનજોધ દીકરાના અચાનક મોતથી પટેલ પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે પ્રિન્સે હેલ્મેટ પહેર્યું ન હતું. જો તેણે સારી ગુણવત્તાનું હેલ્મેટ પહેર્યું હોત તો કદાચ આ જીવલેણ ઈજાથી બચી શકાયું હોત અથવા તો શરીરનાં અંગો આ રીતે ક્ષતવિક્ષત ના થયાં હોત. આ ગમખ્વાર અકસ્માત અંગે ટ્રાફિક ડીસીપી પન્ના મોમાયાએ દુઃખ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે માતાએ ખૂબ મહેનત કરીને તેને ભણાવ્યો હતો, પરંતુ ઓવરસ્પીડિંગને કારણે આ ઘટના બની. તેમણે લોકોને અપીલ કરી છે કે રીલ બનાવવાની ઘેલછામાં યુવાનો ઓવરસ્પીડિંગ કરી રહ્યા છે, જે ખૂબ જ જોખમી છે. આવાં જોખમી કૃત્યોથી દૂર રહેવું જોઈએ અને સુરક્ષાના નિયમોનું પાલન કરવું જોઈએ.

મૃતક યુવકની માતા આવાસમાં રહીને દૂધ વેચાણ કરી મહામહેનતે પોતાનું ગુજરાન ચલાવતી હતી. પ્રિન્સ તેની માતાનો એકમાત્ર દીકરો હતો. તેણે ધોરણ 10 સુધીનો અભ્યાસ કર્યો હતો. દીકરો મોટો થઈને પરિવારનો આધાર બનશે, એવી માતાની આશાઓ હતી, પરંતુ ઓવરસ્પીડિંગ અને રીલ બનાવવાની ઘેલછાએ એક ગરીબ માતા પાસેથી તેનો એકમાત્ર આધાર છીનવી લીધો છે અને હવે આ ઘટના બાદ તે માતા એકલી પડી ગઈ છે. પોલીસ તપાસ અને પ્રિન્સના સોશિયલ મીડિયા એકાઉન્ટ (PKR BLOGGER) પરથી મળેલી વિગતો મુજબ, પ્રિન્સને પોતાની નવી KTM બાઈક પ્રત્યે દીવાનગી હતી. તે પોતાની આ બાઈકને પ્રેમથી 'લેલા' કહીને બોલાવતો હતો. કરુણતા એ છે કે અકસ્માતના માત્ર બે દિવસ પહેલાં જ તેણે ઈન્સ્ટાગ્રામ પર પોતાની બાઈકને લઈ એક રીલ બનાવી શેર કરી હતી. આ રીલમાં તે પોતાની બાઈક (લેલા) વિશે વાત કરી રહ્યો હતો કે સ્વર્ગમાં જઈને પણ તેને પોતાની બાઈક જેવું કોઈ સુંદર લાગશે નહીં. આ શબ્દો જાણે કે તેના માટે ભવિષ્યવાણી સાબિત થયા હોય તેમ, આજે તે જ બાઈક પર સવાર થઈને તે કાયમ માટે આ દુનિયા છોડી ગયો છે. તેણે કેપ્શનમાં પણ લખ્યું હતું કે લેલા કે અલાવા કોઈ નહીં.

પ્રિન્સ સોશિયલ મીડિયા પર ખૂબ સક્રિય હતો અને અવારનવાર બાઈક સ્ટંટ અને સ્પીડના વીડિયો અપલોડ કરતો હતો. 22 સપ્ટેમ્બરે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર રીલ પોસ્ટ કરી જણાવ્યું હતું કે તેણે નવી KTM બાઈક ખરીદી છે. 13 ઓક્ટોબરે તેણે એક રીલ પોસ્ટ કરી હતી, જેમાં તેની બાઈકની સ્પીડ 144 કિમી પ્રતિ કલાકની જોવા મળી હતી. તેણે પોતાની બાઈક પર 'મોન્સ્ટર' લખાવ્યું હતું, જે દર્શાવે છે કે તેને સ્પીડનો કેટલો શોખ હતો. આ ઘટના આજના યુવાનો માટે એક ચેતવણી સમાન છે. સોશિયલ મીડિયા પર રીલ બનાવવાના મોહમાં અને સ્પીડના થ્રિલમાં યુવાનો પોતાની અને બીજાની જિંદગી જોખમમાં મૂકી રહ્યા છે. હેલ્મેટ જેવી પ્રાથમિક સુરક્ષાને અવગણવી અને રસ્તા પર બેફામ ગતિએ વાહન ચલાવવું કેટલું મોંઘું પડી શકે છે, તે પ્રિન્સ પટેલની આ ઘટના પરથી સ્પષ્ટ થાય છે. 'લેલા' (બાઈક) રહી ગઈ, પણ તેનો 'મજનુ' (પ્રિન્સ) હવે આ દુનિયામાં નથી.

### શાતિર ચોર ગેંગની નવી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ

# ATM મશીનના કેશ ડિસ્પેન્શનમાં ડબલ ગમ પટ્ટી લગાવતા, ગ્રાહકને કેશ ઊપડવા જતાં પૈસા ન મળતા, ચારની ધરપકડ

**સુરત, તા.01**

સુરતના સચિન વિસ્તારમાં આવેલી યુકો બેંકના ATMમાં ગ્રાહકોને છેતરીને પૈસા ચોરી કરવાની એક અનોખી મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશ થયો છે. સચિન પોલીસે આ મામલે સક્રિયતા દાખવીને ચાર જેટલા આરોપીને ઝડપી પાડ્યા છે અને તેમની પાસેથી ચોરી કરેલી રોકડ રકમ પણ જપ્ત કરી છે, જોકે ચોર ગેંગની શંકાસ્પદ ગતિવિધિ ATM મશીનના રૂમના CCTVમાં કેદ થઈ ગઈ હતી. તો બીજી તરફ પોલીસે આરોપીઓને ઝડપી પાડી ઘટનાસ્થળે લાઈવ ડેમો પણ કર્યો હતો.

પોલીસસૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, આરોપીઓની આ ગેંગ યુકો બેંકના ATM મશીનમાં કેશ ડિસ્પેન્શન (પૈસા બહાર આવવાનો) સ્લોટ પર ડબલ ગમ પટ્ટી લગાવી દેતી હતી. જ્યારે કોઈ ગ્રાહક ATMમાંથી પૈસા ઉપાડવાનો પ્રયત્ન કરતો ત્યારે મશીનમાંથી બહાર આવતી નોટો આ ગમ પટ્ટીમાં ફસાઈ જતી હતી. ગ્રાહકને લાગતું કે મશીનમાં કોઈ ટેક્નિકલ ખામી છે અથવા તો પૈસા બહાર આવ્યા નથી. નિરાશ થઈને ગ્રાહક ખાલી હાથે ATM કેબિનમાંથી નીકળી જાય ત્યાર બાદ તરત જ આ ગઠિયાઓ ત્યાં આવીને ગમ પટ્ટી




સાથે ફસાયેલી નોટો કાઢીને ચોરી કરીને ફરાર થઈ જતા હતા.

આ ચોરીની ઘટનાઓ છેલ્લા બે દિવસથી સતત થઈ રહી હોવાની શંકા યુકો બેંકના મેનેજરને થઈ હતી. ATMમાં થતી ગડબડને કારણે તેઓ નિયમિત તપાસ માટે ATM કેબિનમાં પહોંચ્યા હતા. નિયમિત નિરીક્ષણ દરમિયાન તેમને ડસ્ટબિનમાંથી ડબલ ગમ લગાવેલી કાળી પટ્ટી મળી આવી હતી. જેણે ચોરીની પદ્ધતિ તરફ ઈશારો કર્યો હતો. મેનેજરે તાત્કાલિક સચિન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે પોલીસે તાત્કાલિક તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં.

પોલીસે સૌપ્રથમ ATM કેબિનના સીસીટીવી ફૂટેજ ચેક કર્યા. ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાયું હતું કે એક અજાણ્યો શખસ ATM મશીનના કેશ ડિસ્પેન્શન પાસે શંકાસ્પદ હરકતો કરી રહ્યો છે. આ ઉપરાંત બીજા જ દિવસે વહેલી સવારે પણ અન્ય એક વ્યક્તિ એ જ રીતે મશીન સાથે છેડછાડ કરતી નજરે પડતાં પોલીસે મામલાની ગંભીરતા સમજીને આરોપીઓને ઝડપી પાડવા માટે જાળ બિછાવી હતી. સીસીટીવી ફૂટેજ અને અન્ય ટેક્નિકલ સર્વેલન્સના આધારે સચિન પોલીસને આ ગેંગને પકડવામાં મોટી સફળતા મળી છે. પોલીસે ચોરીના ગુનામાં સંડોવાયેલા ચાર શખસની ધરપકડ કરી છે.

# ફલાય ઓવર પર BRTS બસ રેલિંગમાં અથડાઈ, મુસાફરોમાં બૂમાબૂમ....

## બસ બ્રિજ નીચેથી પડતા પડતા માંડ માંડ બચી, સહારા દરવાજા નજીક રિંગરોડ બ્રિજ પર અકસ્માત





**સુરત, તા.01**

સુરતના સહારા દરવાજા નજીક રિંગરોડ ફલાય ઓવર બ્રિજ પર BRTS બસના અકસ્માતની ગંભીર ઘટના બની છે, જેમાં મોટી દુર્ઘટના થતા માંડ માંડ બચી છે. બસ રેલિંગ તોડીને બ્રિજ નીચે ખાબકતા ખાબકતા માંડ માંડ બચી હતી. અકસ્માતને કારણે બસમાં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને બૂમાબૂમ થઈ ગઈ હતી.

સુરતના સહારા દરવાજા નજીક રિંગરોડ પરના ફ્લાય ઓવર બ્રિજ પર BRTS બસ અકસ્માતનો ભોગ બની છે. બસ જ્યારે બ્રિજ પરથી નીચે ઉતરી રહી હતી, ત્યારે ડ્રાઈવરે કોઈ કારણોસર કાબૂ ગુમાવતા બસ બ્રિજની રેલિંગ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અથડામણ એટલી જોરદાર હતી કે રેલિંગનો કેટલોક ભાગ તૂટી પડ્યો હતો. બસ રેલિંગ તોડીને બ્રિજ નીચે ખાબકતા ખાબકતા માંડ માંડ બચી હતી, જેના કારણે એક મોટી જાનહાનિ ટળી ગઈ હતી.

અકસ્માતને કારણે બસમાં સવાર મુસાફરોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને બૂમાબૂમ થઈ ગઈ હતી. સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાની કે ગંભીર ઈજાના સમાચાર નથી. અકસ્માત થવાના કારણે સહારા દરવાજા નજીકના વિસ્તારમાં ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને હળવો કરવા માટે કાર્યવાહી કરવામાં આવી હતી.

બસની ટક્કરથી બ્રિજની રેલિંગ તૂટી પડવાની સાથે જ બ્રિજના સ્પાન (માળખા) ને પણ નુકસાન થયું હોવાની શક્યતા છે. આ નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે સંબંધિત વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં BRTS બસના અકસ્માતોની ઘટનાઓ અગાઉ પણ ઘણીવાર સામે આવી ચૂકી છે. BRTS બસના ડ્રાઈવરોની બેદરકારી અને વધતી ગતિ જેવા મુદ્દાઓ અવારનવાર વિવાદનું કેન્દ્ર બને છે. શહેરી પરિવહનની આ મહત્વની સેવાના વારંવારના અકસ્માતોને લઈને સુરત મહાનગરપાલિકા (SMC) અને પોલીસ દ્વારા સુરક્ષાના પગલાં લેવા અંગે સતત દબાણ રહે છે. આ તાજેતરની ઘટનાએ ફરી એકવાર BRTS બસની સુરક્ષા અને ડ્રાઈવિંગની પદ્ધતિઓ પર ગંભીર સવાલો ઊભા કર્યા છે.

# રાજકોટની હવા પ્રદુષિત બની : શહેરમાં શરદી-ઉધરસ-તાવનાં દર્દીઓમાં વધારો

**રાજકોટ, તા.01**

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી શરદી-ઉધરસ અને તાવના દર્દીઓમાં વધારો નોંધાઈ રહ્યો છે. શહેરના અમુક વિસ્તારોમાં પ્રદુષણનું પ્રમાણ વધ્યું છે. જેને લઈને શરદી-ઉધરસનાં કેસોમાં વધારો થતો હોવાનું નિષ્ણાંતો જણાવી રહ્યા છે. જોકે શિયાળામાં સવારના સમયમાં પ્રદુષણનું પ્રમાણ વધુ હોવાનું સ્વાભાવિક છે. જેને લઈ વહેલી સવારે બહાર નીકળતા લોકોએ માસ્ક પહેરવું હિતાવહ હોવાનું મનપાનાં પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ જણાવ્યું હતું. તેમજ લોકોએ ડરવાની નહીં પરંતુ સાવચેત રહેવાની જરૂર હોવાનું જણાવ્યું હતું.

મનપાએ આજે જાહેર કરેલા સાપ્તાહિક રોગચાળાનાં આંકડાઓમાં શરદી-ઉધરસનાં 1314 કેસ અને તાવના 865 કેસ નોંધાયા છે. આ સિવાય ઝાડા-ઉલટીનાં 198 કમળાનાં 2 અને ડેંગ્યુનાં 3 સહિત વિવિધ રોગના મળી કુલ 2,382 કેસ નોંધાયા છે. આમ મનપાનાં આંકડાઓ મુજબ પણ શરદી-ઉધરસ અને સામાન્ય તાવના દર્દીઓ વધ્યા છે. છેલ્લા ત્રણેક સપ્તાહથી એટલે કે શિયાળાની શરૂઆતથી આ કેસો સતત વધી રહ્યા છે. આ પહેલા ગત સપ્તાહે શરદી ઉધરસનાં 1048 અને તાવના 856 કેસો હતા. એ



પહેલાં 10 નવેમ્બરે શરદી ઉધરસના 807 અને સામાન્ય તાવના 717 કેસો સામે આવ્યા હતા. આ રીતે જોઈએ તો છેલ્લા ત્રણેક સપ્તાહમાં શરદી-ઉધરસનાં કેસો ડબલ જેટલા થયા છે. આમ પ્રદુષણનો આંક વધે તેની સાથે શરદી-ઉધરસનાં કેસોમાં વધારો થાય છે. તો લોકોએ સાવચેતી રાખવી જરૂરી છે.

રાજકોટ મનપાનાં પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ જણાવ્યું હતું કે, સામાન્ય રીતે શિયાળામાં પ્રદુષણનો આંકડો ઉપર જતો હોય છે. તેમાં પણ ખાસ કરી વહેલી સવારથી લઈને સૂર્યોદય સુધી પ્રમાણ વધારે રહે છે. જો કે હાલ રામાપીર ચોકડી, નાનામૌવા ચોક, કોર્પોરેશન ચોક, જામટાવર ચોક અને સોરઠીયા વાડી સર્કલ સહિત પાંચેક વિસ્તારોમાં આંકડો 300ને પાર પહોંચ્યો છે. જે ખરેખર નોંધનીય બાબત છે. પરંતુ આ વિસ્તારોમાં ખૂબ ટ્રાફિક રહેતો હોવાને કારણે પ્રદુષણ વધ્યું છે. ત્યારે હવે ટ્રાફિકનું નિયંત્રણ કરવું ખૂબ જરૂરી બન્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આપણે સામાન્ય રીતે તો શિયાળામાં જ પ્રદુષણ વધુ જોવા મળે છે. પરંતુ આવી સ્થિતિ આખું વર્ષ ન રહે તેના માટે વૃક્ષો વાવવા એ પણ એટલું જ જરૂરી છે. તેમજ લોકોએ શક્ય તેટલો પબ્લિક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ વધારવો જોઈએ. પ્રદુષણને લઈ ખાસ નાના બાળકો અને વૃદ્ધોમાં વધુ અસર થાય છે. તો આવા લોકોએ વહેલી સવારે બહાર નીકળવાનું ટાળવું જોઈએ. અને જો ફરજિયાત બહાર જવુ પડે તો ખાસ માસ્ક પહેરવું જોઈએ. જેનાથી પ્રદુષિત હવાને કારણે થતા શરદી-ઉધરસ સહિતના રોગોથી બચી શકાય છે.

મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે મલ્ટીપર્પઝ હેલ્થ વર્કર અને આશા બહેનો દ્વારા ઘરે-ઘરે જઈને પોરાનાશક કામગીરી ઉપરાંત પાણીનું ક્લોરિન ટેસ્ટિંગ કરવાની એટલે કે રેસિડ્યુઅલ ક્લોરિન ટેસ્ટ કરવાની કામગીરી કરવામાં આવે છે. આ ઉપરાંત મચ્છરની ઉત્પત્તિ બદલ બેદરકારી રાખનારાઓની સામે દંડનીય કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે. છેલ્લા સપ્તાહમાં આવા 20 આસમીઓને નોટિસ આપવામાં આવી છે.

પાણીજન્ય રોગચાળો અટકાવવા જ્યાં કન્ટામિનેશનની ફરિયાદો આવતી હોય તેમજ હિપેટાઈટિસ એટલે કે કમળા કેસ ઉપરાંત ટાઈફોઈડના અમુક કેસ છૂટાછવાયા કેસો સામે આવતા હોય તે વિસ્તારોમાં અમારી ટીમ દ્વારા દૈનિક દરેક કેસનું ટ્રેકિંગ કરવામાં આવે છે. અને પાણીમાં ક્લોરીનેશનની માત્રા ચકાસવા ઉપરાંત પાણીની લાઈનો અને ભૂગર્ભની લાઈનો એક થતી હોય ત્યાં તાત્કાલિક રીપેરીંગ સહિતની કામગીરી કરવામાં આવી રહી છે. મોટાભાગના વિસ્તારોમાં રાજકોટ મહાપાલિકા પાણીનું ડિસ્ટ્રિબ્યુશન કરે છે. અને એમાં સચોટ ક્લોરીનેશન શરૂ છે. અને એન્ડ પોઈન્ટ ઉપર 0.5 ppm જેટલું પાણીમાં ક્લોરિનનું લેવલ મળે એ પણ સુનિશ્ચિત કરવામાં આવે છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા 649 ક્લોરીન ટેસ્ટ પણ કરવામાં આવ્યા છે.

વધુમાં તેમણે જણાવ્યું કે, રોગચાળા દ્વારા ઊભા થતા આરોગ્ય પડકારને પહોંચી વળવા મહાનગરપાલિકા દ્વારા ઘનિષ્ઠ પ્રયાસો શરૂ કરાયા છે. જેમાં વાહક નિયંત્રણની કામગીરી હેઠળ 56 મેલેરિયા ફિલ્ડવર્કર, 415 અર્બન આશા અને 115 વોલેન્ટીયર્સ દ્વારા તા. 24 નવેમ્બરથી 30 નવેમ્બર સુધી 16,749 ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી હતી. અને 683 જેટલા ઘરમાં ફોગીંગ સહિત કામગીરી કરવામાં આવી છે. મચ્છરની ઘનતા વધુ હોય તેવા વિસ્તારમાં વહિકલ માઉન્ટેન ફોગીંગ મશીનથી ફોગીંગ કરાઈ રહ્યું છે. આ ઉપરાંત રાજકોટ શહેરનાં વિવિધ વિસ્તારોમાં મચ્છર ઉત્પતિ સબબ બાંધકામ સાઈટ, સ્કૂલ, કોલેજો સહિત કુલ 144 પ્રિમાઈસીસમાં તપાસ કરવામાં આવી હતી. દરમિયાન રહેણાંકમાં 61 તો કોર્મશીયલમાં કુલ 20 આસામીઓને નોટીસ ફટકારવામાં આવી છે.

# આખું ટોળું યુવક પર તૂંટી પડ્યું : અડાજણ SMC આવાસમાં જુની આદાવતમાં છુટ્ટા હાથની મારામારી

**સુરત, તા.01**

સુરતના અડાજણ વિસ્તારમાં આવેલ SMC આવાસમાં ફરી એકવાર અસામાજિક તત્વોનો આતંક જોવા મળ્યો છે. આ વિસ્તારમાં જાહેર જગ્યા પર બેફામ બનીને અસામાજિક તત્વો દ્વારા છુટ્ટા હાથની મારામારી કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ સમગ્ર મારામારીની ઘટના ત્યાં લગાવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે, જે હાલ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા છે.



સીસીટીવી ફૂટેજમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, કેટલાક યુવકો ભેગા મળીને એકબીજા સાથે ઉગ્ર બોલાચાલી અને મારામારી કરી રહ્યા છે, જેના કારણે આસપાસના રહેવાસીઓમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. આવી ઘટનાઓને કારણે આવાસ અને તેના નજીકમાં રહેતા સ્થાનિકો અસામાજિક તત્વોથી ત્રાહિમામ પોકારી ઊઠ્યા છે અને તેઓ પોલીસ કમિશનર સમક્ષ યોગ્ય અને કડક કાર્યવાહી કરવાની માગ કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં આવા બનાવો ન બને અને શાંતિ જળવાઈ રહે. સ્થાનિકોની માંગ છે કે, ફરિયાદની રાહ જોયા વિના વાઈરલ વીડિયો અને CCTV ફૂટેજના આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવી જોઈએ.

અડાજન પીઆઈ વી. એ. જોગરાનાએ જણાવ્યું હતું કે, વીડિયો વાઈરલ થયા બાદ ફરિયાદી આવ્યા છે. આખી હકીકત શું છે તે જાણ્યા બાદ ફરિયાદ લેવામાં આવશે. હાલ જૂની બાબતને લઈ બંને પક્ષો વચ્ચે ઝઘડો થયો હોવાનું જાણવા મળ્યું છે. ફરિયાદના આધારે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. અગાઉ પણ બંને પક્ષો વચ્ચે ઝઘડો થયો હતો અને ત્યારબાદ સમાધાન થયું હતું, પરંતુ ફરીથી વિવાદ સર્જાતા આ મારામારીની ઘટના બની હતી.

# જામનગર રોડની ટ્રાફિક સમસ્યા યથાવત રહેશે : રાજકોટ મનપા દ્વારા ચાલતું સાંઢીયા પુલનું કામ લંબાશે

## રેલવેની મંજૂરીના અભાવે કામગીરી ધીમી પડી, મેયરે કહ્યું- કામ ઝડપથી પૂરું કરવા પ્રયાસ ચાલુ

**રાજકોટ, તા.01**

રાજકોટ-જામનગર હાઈવે પર બનેલા સાંઢીયા પુલની જગ્યાએ રૂ. 74.32 કરોડના ખર્ચે તૈયાર થઈ રહેલા ફોરલેન બ્રિજના બાકી કામમાં વિલંબ થયો છે. હાલમાં બ્રીજની 70 ટકા કામગીરી પુરી થઈ છે. છતાં વિલંબનું મુખ્ય કારણ રેલવે વિભાગની મંજૂરી ન મળવી છે. પુલની કામગીરી ધીમી પડતાં, ખાસ કરીને હાલમાં હાઈવેનો ટ્રાફિક શહેરના અન્ય વિસ્તારોમાંથી પસાર થઈ રહ્યો છે, જેના કારણે ભારે ટ્રાફિકજામ અને અસુવિધા સર્જાઈ રહી છે. જે નિયત સમયમર્યાદા કરતા બે મહિના વધુ લંબાય તેવી શક્યતા છે. અગાઉ જાન્યુઆરીનાં અંત સુધીમાં કામ પૂર્ણ કરવાની ખાતરી સ્ટે. ચેરમેને આપી હતી. જોકે હવે કામ માર્ચનાં અંત સુધી ચાલે તેવી પુરી શક્યતા છે.

પ્રાપ્ત વિગત મુજબ, મોરબી દુર્ઘટના બાદ અસલામત જાહેર કરાયેલા અને પાંચ દાયકા જૂના ટુ-લેન સાંઢીયા પુલને તોડીને નવો



ફોરલેન બ્રિજ બનાવવાની કામગીરી ચેતન કન્સ્ટ્રક્શન કંપનીને ગત તા. 14-3-2024ના રોજ સોંપવામાં આવી હતી. પુલની કામગીરી પૂર્ણ કરવાની મૂળ સમયમર્યાદા માર્ચ 2026 નક્કી કરાઈ હતી. જોકે જાન્યુઆરીનાં અંત સુધીમાં કામ પૂરું કરવાની ખાતરી અગાઉ સ્ટે. ચેરમેન જયમીન ઠાકરે આપી હતી. પરંતુ રેલવેની મંજૂરી નહીં મળતા કામગીરી ધીમી પડી છે.

મેયર નયના પેઢડીયાએ જણાવ્યું હતું કે પુલની કામગીરી અંદાજે 70% જેટલી પૂર્ણ થઈ ગઈ છે. જોકે, પુલના સેન્ટ્રલ પોર્શનમાં, એટલે કે રેલવે ટ્રેક ઉપરના ભાગે સ્ટીલ ગર્ડર લોન્ચ કરવાનું મહત્ત્વનું કામ બાકી છે. આ કામ માટે રેલવે દ્વારા બ્લોક આપવો ફરજિયાત છે, કારણ કે અહીં તોતિંગ ગર્ડરનું લોન્ચિંગ રેલવેની મંજૂરી અને સહકાર વગર શક્ય નથી. મનપા દ્વારા ગર્ડર લોન્ચિંગની મંજૂરી માટે લગભગ ચારથી છ મહિના પૂર્વે રેલવે વિભાગને પત્રવ્યવહાર કરવામાં આવ્યો હતો અને ભલામણ પણ કરાઈ હતી. તેમ છતાં, હજુ સુધી રેલવેની મંજૂરી મળી નથી.

વધુમાં તેમણે જણાવ્યું કે, કોર્પોરેશનની હદમાં આવતું પુલનું અન્ય તમામ કામ ઝડપથી પૂર્ણ થઈ ગયું છે, પરંતુ રેલવેના ટ્રેક પરના ભાગની મંજૂરીમાં જ વિલંબ થઈ રહ્યો છે, જે રેલવેની નીતિને કારણે ધીમું છે. આ પુલનું કામ ઝડપથી પૂર્ણ થાય અને નાગરિકોની અસુવિધા દૂર થાય તે માટે સતત પ્રયત્નો ચાલુ છે. રેલવે દ્વારા તાત્કાલિક ધોરણે મંજૂરી આપવામાં આવે અને બાકીના બે બ્લોકનું કામ ઝડપથી થાય, તે માટે જરૂરી પ્રક્રિયા કરવામાં આવી ચૂકી છે. અને કામમાં કોઈ કચાશ ન રહે તેના માટે પુલના કામકાજની સ્થિતિની સમયાંતરે વિઝીટ પણ કરવામાં આવી છે. ત્યારે ઝડપથી મંજૂરી મેળવીને બાકીના બંને બ્લોક્સનું કામકાજ વહેલી તકે પૂર્ણ થાય તે માટે હાલ પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, સ્ટે. ચેરમેને જાન્યુઆરીનાં અંત સુધી એટલે કે મનપાની ચૂંટણી પહેલા કામ પૂર્ણ કરવા માટેની ખાતરી આપી હતી. જોકે ત્યારે રેલવેની મંજૂરી મળી જશે તેમ માની લેવામાં આવ્યું હતું.

# ક્રેટા કારમાંથી એક દારૂની બોટલ સાથે ઈસમ ઝડપાયો

## 5 લાખથી વધુનો મુદ્દામાલ ઝડપાયો, બે શખ્સો વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો

**ભાવનગર, તા.01**

ભાવનગરમાં ભરતનગર પોલીસ સ્ટેશનના સ્ટાફે પેટ્રોલીંગ દરમિયાન માલણકા-તરસમીયા રોડ પરથી એક ક્રેટા કારમાંથી ભારતીય બનાવટનો એક વિદેશી દારૂની બોટલ ઝડપી પાડી હતી, કાર ચાલક સહિત બે શખ્સો વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે ભરતનગર પોલીસ સ્ટેશનેથી મળતી માહિતી અનુસાર, ભરતનગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યો હતો. આ દરમિયાન, માલણકા-તરસમીયા રોડ પરથી પસાર થઈ રહેલી GJ-33-B-5896 નંબરની એક ક્રેટા કારને શંકાના આધારે રોકીપોલીસે કારને રોકીને ચેક કરતાં, કારચાલકનું નામ હરપાલસિંહ નીતુભા જાડેજા ઉ.વ.24, રહે. મફતનગર, ઘોઘારોડ, ભાવનગર અને તેની બાજુમાં બેઠેલા ઈસમનું નામ ભાવેશ બાલાભાઈ સોલંકી ઉ.વ.25, રહે.પડવા ગામ,



તા.ઘોઘા, જિ.ભાવનગર હોવાનું જાણવા મળ્યું હતું.

પેલીસે તલાશી લેતા કારની આગળની સીટ નીચેના ભાગેથી વિદેશી દારૂની એક કાચની બોટલ મળી આવી હતી. જેની કિંમત રૂ.1300નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો, જ્યારે ભાવેશ બાલાભાઈ સોલંકી ને પૂછવામાં આવ્યું ત્યારે તેની જી ભ થોથરાતી હતી, આ દારૂની બોટલ બાબુરાવ ર હે. શીતળા માના મંદિર પા સે , ઘોઘા રો ડ , ભાવનગર પાસે થી લાવ્યાનું હરપાલસિંહે જણાવ્યું હતું. પોલીસે કાર કિંમત રૂ.5,00,000 અને દારૂની બોટલ કિંમત રૂ.1300 સહિત કુ લ રૂ.5,01,300 નો મુદ્દા મા લ ઝડપી લઈ કાયેસદરની કાર્યવાહી હાથ ધરી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ભારતમાં ઈમરાનની બહેનના ઈન્ટરવ્યુથી પાકિસ્તાન ભડક્યું

## માહિતી મંત્રીએ કહ્યું- દેશ માટે ખરાબ બોલતા શરમ આવવી જોઈએ, મોદી વિશે ખરાબ બોલવાનું હતું

**ઈસ્લામાબાદ, તા.01**

પાકિસ્તાનના સૂચના મંત્રી અતાઉલ્લાહ તરારે ઈમરાન ખાનની બહેન નોરીન ખાન નિયાઝી દ્વારા ભારતીય મીડિયાને આપેલા ઈન્ટરવ્યુ પર નારાજગી વ્યક્ત કરી છે. તરારે કહ્યું કે નોરીને પાકિસ્તાનની છબી ખરાબ કરી છે, દેશની બુરાઈ કરનારાઓને શરમ આવવી જોઈએ.

તેમણે કહ્યું કે નોરીને ભારત સાથે જોડાયેલા કોઈ મુદ્દા જેમ કે કાશ્મીર કે ભારતમાં મુસલમાનોની સ્થિતિ પર કંઈ કહ્યું નથી. તરારે એ પણ પૂછ્યું કે નોરીને ભારતીય ચેનલ પર જઈને મોદી સરકારની બુરાઈ કેમ ન કરી.

નોરીને તાજેતરમાં ન્યૂઝ એજન્સી ANI સાથે વાત કરતા પાકિસ્તાની સેના ચીફ આસિમ મુનીરને તાનાશાહ ગણાવ્યા હતા. તેમણે કહ્યું હતું કે ટ્રમ્પે આપણા દેશના તાનાશાહ અસીમ મુનીરને પોતાનો ખૂબ સારો મિત્ર ગણાવ્યો હતો. અસીમ મુનીર હવે મોટી તાકાત છે. જોકે, પાકિસ્તાનમાં પહેલા પણ તાનાશાહ આવી ચૂક્યા છે અને તેમનો અંજામ સારો રહ્યો નથી.

તરારના મતે, નોરીને ઈન્ટરવ્યુમાં માત્ર એટલું જ કહ્યું કે ઈમરાન ભ્રષ્ટાચારના કેસમાં કેદી છે અને તેની સાથે જેલમાં દુર્વ્યવહાર થઈ રહ્યો છે, જ્યારે તેની પાસેથી અપેક્ષા હતી કે તે પાકિસ્તાનના મુદ્દાઓ પર વાત કરે.

તેમણે એવો પણ આરોપ લગાવ્યો કે ઈમરાન ખાનનો પરિવાર અને તેમની પાર્ટી પાકિસ્તાન વિરુદ્ધ નિવેદનો આપે છે. તરારનું કહેવું છે કે ભારતીય મીડિયા જાણી જોઈને ઈમરાનના પરિવારને મંચ આપી રહ્યું છે જેથી પાકિસ્તાનની છબી ખરાબ થાય.

તરારે એવો પણ દાવો કર્યો કે 9 મે 2023 ના રોજ ઈમરાનની પ્રથમ ધરપકડ પછી થયેલી હિંસામાં ઈમરાનની ત્રણેય બહેનો સામેલ હતી. તેમનું કહેવું છે કે તેઓ કોર કમાન્ડરના ઘર સુધી ગઈ હતી અને વીડિયોમાં પણ દેખાય છે. તેમના મતે આ પણ એક પુરાવો છે.

તરારે નોરીનને પૂછ્યું કે તેમને ભારતના ટીવી ચેનલ પર જઈને ફરિયાદ કરવાની શું જરૂર હતી. તેમના મતે, નોરીને ભારતીય



મીડિયાને ઈન્ટરવ્યુ સરકારની ઉપલબ્ધિઓ પરથી લોકોનું ધ્યાન હટાવવા માટે આપ્યો.

આ વિવાદ એવા સમયે સામે આવ્યો છે જ્યારે ઈમરાન ખાનના સંબંધીઓ અને પાર્ટી નેતાઓએ આરોપ લગાવ્યો છે કે અડિયાલા જેલમાં બંધ ઈમરાનને મળવા દેવામાં આવતા નથી. ગયા અઠવાડિયે તેમની ત્રણ બહેનો જેલની બહાર રસ્તા પર બેસી ગઈ હતી. તેમનું કહેવું હતું કે તેમને વારંવાર મળતા અટકાવવામાં આવી રહ્યા છે.

ગયા અઠવાડિયે ઈમરાનની પાર્ટી PTIની ઘણી મહિલાઓ, જેમાં તેમની બહેનો અલીમા, ઉઝમા અને નોરીનનો સમાવેશ થતો હતો, જેલની બહાર શાંતિપૂર્ણ રીતે બેઠી હતી. પાર્ટીનો દાવો છે કે પોલીસે તેમને બળજબરીથી ઉઠાવી લીધા.

ઈમરાન ખાનના મૃત્યુને લઈને સોશિયલ મીડિયા પર અફવાઓ તેજ બની ગઈ છે. કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે તેમની તબિયત સારી નથી.

ઈમરાનની બહેનો છેલ્લા 3 અઠવાડિયાથી તેમને મળવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ જેલ પ્રશાસન તેની પરવાનગી આપી રહ્યું નથી. આના કારણે ઈમરાનના ખરાબ સ્વાસ્થ્ય અંગે અટકળો લગાવવામાં આવી રહી છે.

ઈમરાનની બહેનોએ સરકાર પાસે સત્ય જણાવવાની માંગ કરી છે. તણાવ વધ્યા પછી જેલ પ્રશાસને કહ્યું છે કે ઈમરાન ખાનની તબિયત બિલકુલ ઠીક છે.

ઈમરાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (PTI) એ પણ ઈમરાનના સ્વાસ્થ્ય વિશેની તાજેતરની અફવાઓ અંગે સરકાર પાસેથી સ્પષ્ટતા માંગી છે. તેમજ પ્રશાસન પાસેથી પૂર્વ વડાપ્રધાન અને તેમના પરિવાર વચ્ચે મુલાકાતની વ્યવસ્થા કરવાની માંગ કરી છે.

ઈમરાન ખાન પર 100 થી વધુ કેસ ચાલી રહ્યા છે અને તેઓ ઓગસ્ટ 2023 થી જેલમાં છે. ભ્રષ્ટાચારના કેસમાં તેમને 14 વર્ષની સજા સંભળાવવામાં આવી છે, જેમાં સરકારી ભેટો (તોશાખાના કેસ) વેચવા અને સરકારી રહસ્યો લીક કરવા જેવા આરોપોનો સમાવેશ થાય છે.

ઈમરાન પર આરોપ છે કે તેમણે અલ-કાદિર ટ્રસ્ટ માટે પાકિસ્તાન સરકારની અબજો રૂપિયાની જમીનને સસ્તામાં વેચી દીધી હતી. આ મામલે ઈમરાનને 9 મે 2023 ના રોજ ધરપકડ કરવામાં આવી હતી. આ પછી આખા દેશમાં સેનાના ઘણા મહત્વના ઠેકાણાઓ પર હુમલા થયા હતા.

પાકિસ્તાનના નેશનલ એકાઉન્ટેબિલિટી બ્યુરો (NAB) એ અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં ડિસેમ્બર 2023 માં ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબી અને અન્ય 6 વ્યક્તિઓ પર કેસ દાખલ કર્યો હતો. જોકે જ્યારે ઈમરાન વિરુદ્ધ આ કેસ દાખલ થયો, તે પહેલાથી જ તેઓ તોશાખાના કેસમાં અડિયાલા જેલમાં બંધ હતા.

# ભ્રષ્ટાચારના આરોપોને લીધે કરિયર દાવ પર લાગતા નેતન્યાહૂએ રાષ્ટ્રપતિ પાસે માફી માગી

**તેલ અવિવ, તા.01**

વિરોધી દેશો પર તાબડતોડ હુમલા કરનારા ઈઝરાયલના વડાપ્રધાન ભ્રષ્ટાચારના મામલે એવા ઘેરાયા છે કે, હવે તેઓ રાષ્ટ્રપતિ પાસે 'ક્ષમાદાન' માગી રહ્યા છે. પોતાની વિરુદ્ધ ભ્રષ્ટાચારના કેસ પર રોક લગાવવા માટે તેમણે રાષ્ટ્રપતિને માફ કરવા માટે વિનંતી કરી છે. નેતન્યાહૂ ઈઝરાયલના એવા વડાપ્રધાન છે જેમની સામે કેસ ચાલી રહ્યો હોવા છતાં પદ પર છે. નેતન્યાહૂ પર વિશ્વાસઘાત, લાંચ લેવા અને પૈસાના બદલામાં ટેલિકોમ કંપનીઓ અને હોલિવૂડ પ્રોડ્યૂસર્સ પાસેથી રાજકીય સમર્થન મેળવવાનો આરોપ છે.

આ આરોપોને લઈને નેતન્યાહૂએ દેશની ન્યાય વ્યવસ્થા સામે મોરચો ખોલ્યો છે. તેમણે કહ્યું કે, આ વિનંતી પ્રદેશમાં મહત્ત્વપૂર્ણ પરિવર્તનના સમયે દેશને એકજૂઠ કરવામાં મદદ કરશે. જોકે, નેતન્યાહૂના વિરોધીઓએ તરત જ તેની નિંદા કરતાં કહ્યું કે, આનાથી ઈઝરાયલની લોકશાહી સંસ્થાઓ નબળી પડશે અને એક ખતરનાક



સંદેશ જશે કે તેઓ કાયદાના શાસનથી ઉપર છે. ઈઝરાયલના વડાપ્રધાન કાર્યાલયે રવિવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, નેતન્યાહૂએ રાષ્ટ્રપતિ કાર્યાલયના કાનૂની વિભાગને માફી માટે વિનંતી કરી છે. રાષ્ટ્રપતિ કાર્યાલયે તેને એક અસાધારણ વિનંતી ગણાવી છે. બેન્જામિન નેતન્યાહૂ સામે ત્રણ કેસ ચાલી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈ પણ કેસમાં તેમને દોષિત ઠેરવવામાં નથી આવ્યા. જોકે, આ કેસોના કારણે તેમની કરિયર દાવ પર લાગી છે. જો તેઓ કોઈપણ કેસમાં દોષિત સાબિત થશે, તો તેમણે તાત્કાલિક રાજીનામું આપી દેવું પડશે. નેતન્યાહૂએ આરોપોને નકારી કાઢ્યા છે અને આ કેસની નિંદા કરતાં તેને મીડિયા, પોલીસ અને ન્યાયતંત્ર દ્વારા તેમને ષડયંત્ર હેઠળ ટાર્ગેટ કરવાનો આરોપ લગાવ્યો છે. આ વિનંતી અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઈઝરાયલને નેતન્યાહૂને માફ કરવા માટે વિનંતી કર્યાના થોડા અઠવાડિયા પછી આવી છે. આ મહિનાની શરુઆતમાં ટ્રમ્પે રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગને એક પત્ર પણ મોકલ્યો હતો, જેમાં ભ્રષ્ટાચારના કેસને રાજકીય અને ખોટી કાર્યવાહી ગણાવી હતી. એક વીડિયો ટેપમાં નેતન્યાહૂએ કહ્યું કે, 'આ કેસના કારણે દેશનું વિભાજન થઈ ગયું છે અને માફી દ્વારા રાષ્ટ્રીય એકતા પુનઃસ્થાપિત કરવામાં મદદ મળશે. અઠવાડિયામાં ત્રણ વખત કોર્ટમાં રજૂ થવાની મારી અનિવાર્યતા એક એવું ધ્યાન ભટકાવનારું પગલું છે જેના કારણે મારા માટે દેશનું નેતૃત્વ કરવું મુશ્કેલ બની જાય છે.'

તેમણે કહ્યું કે, 'કેસનું ચાલુ રહેવું એ આપણને અંદરથી તોડી નાખે છે, વિભાજિત કરે છે અને દરારને વધુ ગાઢ બને છે. દેશના અન્ય ઘણા લોકોની જેમ મને પણ વિશ્વાસ છે કે, ટ્રાયલના ઝડપી નિરાકરણથી સમાધાનને પ્રોત્સાહન મળશે, જેની આપણા દેશને ખૂબ જરૂર છે.

# પાકિસ્તાનમાં ત્રણેય સેનાના સુપ્રીમ ન બન્યા આસિમ મુનીર

## PM શાહબાઝે અડચણ ઊભી કરી, CDF બનાવતા પહેલા જાણ કર્યા વિના લંડન રવાના થયા

**ઈસ્લામાબાદ, તા.01**

પાકિસ્તાનમાં ફિલ્ડ માર્શલ આસિમ મુનીરને દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) બનાવવાનું નોટિફિકેશન હજુ સુધી બહાર પાડવામાં આવ્યું નથી. આ આદેશ 29 નવેમ્બર સુધીમાં બહાર પાડવાનો હતો. તેની પાછળનું કારણ વડાપ્રધાન શાહબાઝ શરીફનું દેશમાં હાજર ન હોવું છે. તેઓ નોટિફિકેશન બહાર પાડવામાં આવે તે પહેલાં 26 નવેમ્બરે બહેરીન ગયા હતા, પછી 27 નવેમ્બરે અનૌપચારિક મુલાકાતે લંડન રવાના થયા હતા. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, શાહબાઝે જાણી જોઈને પોતાને આ પ્રક્રિયાથી દૂર રાખ્યા હતા, જેથી તેમને આસિમ મુનીરના વિસ્તરણ અથવા CDF નિમણૂકના આદેશ પર સહી ન કરવી પડે. 12 નવેમ્બરે સંસદે સેનાની સત્તાઓ વધારતા 27મા બંધારણીય સુધારાને મંજૂરી આપી હતી. આ અંતર્ગત મુનીરને ત્રણેય સેનાઓના ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) બનાવવામાં



આવનાર હતા. પદ મળતા જ તેમને પરમાણુ હથિયારોની કમાન મળી જાત. આનાથી તેઓ પાકિસ્તાનના સૌથી શક્તિશાળી વ્યક્તિ બની જાત. આ દરમિયાન ભારતના પૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડ (NSAB) ના સભ્ય તિલક દેવેશરે ANI સાથેની વાતચીતમાં દાવો કર્યો છે કે પીએમ શહબાઝ શરીફે જાણી જોઈને આવું કર્યું. ANI સાથેની વાતચીતમાં નેશનલ સિક્યુરિટી એડવાઈઝરી બોર્ડના પૂર્વ સભ્ય તિલક દેવાશેરે ચિંતા વ્યક્ત કરી કે આસિમ મુનીર પોતાની તાકાત બતાવવા માટે ભારત વિરુદ્ધ કોઈ તણાવ પેદા કરવાનો પ્રયાસ કરી શકે છે.

તેમણે કહ્યું કે ભલે સત્તાવાર રીતે એ સ્પષ્ટ ન હોય કે મુનીર હવે આર્મી ચીફ છે કે નહીં, તો પણ તેમની પાસે એટલો પ્રભાવ છે કે તેઓ કંઈ પણ કરાવી શકે છે.

દેવેશરના મતે, પાકિસ્તાન પોતે જ અનિશ્ચિત છે કે આર્મી ચીફ કોણ છે, અને જો મુનીરના મનમાં ભારત પર દબાણ લાવવાનો કે કોઈ ઘટના ભડકાવવાનો વિચાર આવી ગયો તો પરિસ્થિતિ વધુ ખતરનાક બની જશે. રક્ષા મંત્રી ખ્વાજા મુહમ્મદ આસિફે X પર પોસ્ટ કરીને જણાવ્યું કે, 'CDFની નોટિફિકેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે, જલ્દી જ નોટિફિકેશન જાહેર થશે.' જોકે સરકારે એ નથી જણાવ્યું કે આખરે 29 નવેમ્બરે નોટિફિકેશન કેમ જાહેર ન થઈ. વડાપ્રધાન શહેબાઝ શરીફ આજે (સોમવાર) બપોર સુધીમાં ઈસ્લામાબાદ પહોંચી રહ્યા છે. ડોન અનુસાર, તેમના પાછા ફરતા જ કેબિનેટ ડિવિઝન CDFની નોટિફિકેશનને અંતિમ રૂપ આપશે અને આજે સાંજ કે આવતીકાલે સવાર સુધીમાં તેને જાહેર કરી દેવામાં આવશે.

# પ્લોટ પચાવી પાડવાના કેસમાં હસીનાને 26 વર્ષની સજા : બ્રિટિશ સાંસદ રહેલી ભત્રીજી અને નાની બહેનને પણ જેલ, ત્રણેય દોષિત ફરાર

**ઢાકા, તા.01**

બાંગ્લાદેશના પૂર્વ PM શેખ હસીનાને ઢાકાની વિશેષ કોર્ટે સોમવારે ભ્રષ્ટાચારના કેસમાં 5 વર્ષની જેલની સજા સંભળાવી છે. આ કેસ પૂર્બાચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટમાં પ્લોટ ફાળવણીમાં ગેરરીતિ સાથે સંબંધિત છે.

હસીના ઉપરાંત તેમની નાની બહેન શેખ રેહાનાને 7 વર્ષની સજા થઈ છે. જ્યારે, શેખ હસીનાની ભત્રીજી (બ્રિટનની સાંસદ રહી ચૂકેલી) ટ્યૂલિપ રિઝવાના સિદ્દીકને 2 વર્ષની કેદની સજા મળી છે.

એન્ટી-કરપ્શન કમિશન (ACC) એ જાન્યુઆરીમાં શેખ હસીના વિરુદ્ધ 6 કેસ દાખલ કર્યા હતા. આ ચોથો ચુકાદો છે. આ પહેલા શેખ હસીનાને 3 કેસમાં 21 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી હતી. એટલે કે હવે હસીનાની કુલ સજા 26 વર્ષ થઈ ગઈ છે (બધી સજાઓ સતત ચાલશે, એટલે કે એક પછી એક).

હાલમાં ત્રણેય દોષિતો બાંગ્લાદેશથી ફરાર છે. શેખ હસીના 5 ઓગસ્ટ 2024ના રોજ ઉથલપાથલ પછી રાજીનામું આપીને ભારત આવી ગયા હતા.



શેખ હસીનાને 27 નવેમ્બરે પૂર્બાચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટ સંબંધિત ત્રણ અલગ ભ્રષ્ટાચારના કેસોમાં કુલ 21 વર્ષની સજા સંભળાવવામાં આવી હતી.

દરેક કેસમાં તેમને 7-7 વર્ષની સજા આપવામાં આવી, જે સતત ચાલશે. બે કેસોમાં સજા મળવી હજુ બાકી છે.

આ કેસો ACC દ્વારા 12-14 જાન્યુઆરી 2025 ની વચ્ચે કરવામાં આવ્યા હતા. માર્ચ 2025 માં ચાર્જશીટ રજુ કરવામાં આવી. જુલાઈ 2025માં આરોપો નક્કી થયા અને 29 લોકોની જુબાની પછી ચુકાદો આવ્યો.

ટ્યૂલિપ અને શેખ રેહાના પર 1 લાખ ટાકાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. તે ન ચૂકવવા પર તેમને 6 મહિનાની વધારાની જેલ થઈ શકે છે.

કેસના અન્ય 14 આરોપીઓને 5-5 વર્ષની સજા ફટકારવામાં આવી છે. આ ચુકાદો ઢાકાની સ્પેશિયલ કોર્ટ-4ના જજ મોહમ્મદ રબીઉલ આલમે સવારે 11 વાગ્યે સંભળાવ્યો હતો.

પૂર્વચલ ન્યૂ ટાઉન પ્રોજેક્ટ કેસમાં કુલ 17 લોકો પર આરોપ લગાવવામાં આવ્યો હતો. તેમના પર આરોપ છે કે ટ્યૂલિપે બ્રિટનની સત્તાધારી લેબર પાર્ટીના સાંસદ હોવાનું દબાણ કરીને પ્લોટ મેળવ્યા.

ટ્યૂલિપે તેની માતા શેખ રેહાના, બહેન અજમીના સિદ્દીક અને ભાઈ રદવાન મુજીબ સિદ્દીકના નામે 7 હજાર સ્ક્વેર ફીટના પ્લોટ ખોટી રીતે લીધા.

વર્તમાન કેસમાં ફક્ત શેખ રેહાનાને મળેલા પ્લોટનો મામલો સામેલ હતો, તેથી અજમીના અને રદવાનને તેમાં આરોપી બનાવવામાં આવ્યા નથી. તેમની વિરુદ્ધ બે અલગ કેસ કરવામાં આવ્યા છે.

આ મામલામાં શેખ હસીના, શેખ રેહાના અને ટ્યૂલિપ સિદ્દીક ઉપરાંત આવાસ અને લોક નિર્માણ મંત્રાલયના ઘણા વરિષ્ઠ અધિકારીઓ, RAJUKના પૂર્વ સભ્ય, પૂર્વ રાજ્ય મંત્રી શરીફ અહેમદ અને હસીનાના અંગત સચિવ પણ આરોપી હતા.

તેમાંથી મોટાભાગના લોકો હજુ ફરાર છે અને માત્ર એક આરોપી ખુર્શીદ આલમ જેલમાં છે. શેખ હસીનાની સરકાર પડ્યા પછી તેમના પરિવાર વિરુદ્ધ ભ્રષ્ટાચારના ડઝનબંધ કેસ સામે આવ્યા છે, જેમાં આ સજા સૌથી ચર્ચિત નિર્ણયોમાંથી એક છે.

આ મામલાઓ સામે આવ્યા પછી ટ્યૂલિપ સિદ્દીકે ભારે દબાણ હેઠળ 14 જાન્યુઆરી 2025 ના રોજ બ્રિટન સરકારમાં આર્થિક સચિવ (ટ્રેઝરી) ના પદ પરથી રાજીનામું આપી દીધું હતું.

આ પહેલાં શેખ હસીનાને 17 નવેમ્બરે મોતની સજા સંભળાવવામાં આવી હતી. તેમને ઢાકાની ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલ (ICT) એ હત્યા માટે ઉશ્કેરવા અને હત્યાનો આદેશ આપવા બદલ મોતની સજા ફટકારી હતી. બાકીના કેસોમાં તેમને આજીવન કેદની સજા સંભળાવી. ICT એ તેમને 5 કેસોમાં આરોપી બનાવ્યા હતા. ટ્રિબ્યુનલે શેખ હસીનાને જુલાઈ 2024ના વિદ્યાર્થી આંદોલન દરમિયાન થયેલી હત્યાઓના માસ્ટરમાઈન્ડ ગણાવ્યા. કોર્ટે હસીનાની સંપત્તિ જપ્ત કરવાનો આદેશ આપ્યો છે. ચુકાદા પછી બાંગ્લાદેશના વચગાળાના પીએમ મોહમ્મદ યુનુસે ભારત પાસેથી હસીનાને ડિપોર્ટ કરવાની માંગ કરી છે.

# પાકિસ્તાનના ખૈબર-પખ્તુનખ્વામાં રાજ્યપાલ શાસન લાદવા પર વિચારણા

## PAK મંત્રીએ કહ્યું- CM પરિસ્થિતિ સુધારવામાં નિષ્ફળ; ઈમરાન ખાનને મળવા માટે પ્રદર્શન કરાયું હતું

**ઈસ્લામાબાદ, તા.01**

પાકિસ્તાન સરકાર ખૈબર પખ્તુનખ્વા (KP) માં રાજ્યપાલ શાસન લાગુ કરવા પર વિચાર કરી રહી છે. પાકિસ્તાનના જુનિયર કાયદા અને ન્યાય મંત્રી અકીલ મલિકે સોમવારે જણાવ્યું હતું કે, 'પખ્તુનખ્વામાં સુરક્ષા અને વહીવટની સ્થિતિ ખૂબ જ ખરાબ થઈ ગઈ છે.'

જિયો ન્યૂઝ અનુસાર મલિકે કહ્યું, 'ખૈબર પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદી ત્યાંની સ્થિતિ સુધારવામાં ખરાબ રીતે નિષ્ફળ રહ્યા છે. તેઓ ન તો કેન્દ્ર સરકાર સાથે કોઈ તાલમેલ રાખી રહ્યા છે અને ન તો જરૂરી જગ્યાઓ પર કોઈ કાર્યવાહી કરી રહ્યા છે.'

આ નિવેદન આફ્રિદીએ સેન્ટ્રલ જેલ રાવલપિંડી (અડિયાલા જેલ) બહાર રાતભર ધરણા કર્યાના થોડા દિવસો પછી આવ્યું છે. વાસ્તવમાં આફ્રિદી અડિયાલા જેલમાં બંધ પૂર્વ PM ને મળવાની પરવાનગીની માંગણીને લઈને પ્રદર્શન કરી રહ્યા હતા.

પાકિસ્તાનના બંધારણ મુજબ બંધારણના અનુચ્છેદ 232 અને 234 હેઠળ વડાપ્રધાનની સલાહ પર રાષ્ટ્રપતિ ગવર્નર રાજ લાદી શકે છે. આ પહેલા બે મહિના માટે હોય છે, બાદમાં જરૂર પડ્યે તેને લંબાવી પણ શકાય છે. બાદમાં સંસદના બંને ગૃહોની સંયુક્ત બેઠક દ્વારા તેની મંજૂરી લેવી પડે છે.

બીજી તરફ, ખૈબર પખ્તુનખ્વાના ગવર્નર ફૈઝલ કરીમ કુંડીએ કહ્યું કે જો તેમની જગ્યાએ કોઈ બીજાને લાવવામાં આવે તો તેઓ પાર્ટીનો નિર્ણય સ્વીકારી લેશે. જોકે, ગયા અઠવાડિયે વડાપ્રધાન શાહબાઝ શરીફે તેમની મુલાકાત લીધી હતી અને પૂરો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે તેમને હટાવવામાં આવશે નહીં.

ઈમરાન ખાનને સમર્થન આપવા રાવલપિંડીની અડિયાલા જેલ પહોંચેલા ખૈબર-પખ્તુનખ્વા (KP) રાજ્યના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદીને પોલીસે 27 નવેમ્બરે રસ્તા પર પાડીને માર માર્યો હતો.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, CM સોહેલ આફ્રિદી પર હુમલાની કાર્યવાહી સેનાના આદેશ પર કરવામાં આવી હતી. આફ્રિદી ગુરુવારે જે સમયે જેલ પહોંચ્યા હતા ત્યાં ભારે સુરક્ષા તૈનાત હતી અને PTI સમર્થકોની ભીડ સતત વધી રહી હતી. તેમના પહોંચવાથી પરિસ્થિતિ વધુ વણસી ગઈ.

પોલીસે તેમને અને તેમની સાથે આવેલા નેતાઓને આગળ વધતા



રોક્યા. ધક્કામુક્કી દરમિયાન પોલીસકર્મીઓએ CMને લાત-ઘૂંસા પણ માર્યા અને જમીન પર પાડી દીધા. PTIએ આ ઘટનાને લોકતાંત્રિક અધિકારો પર હુમલો ગણાવ્યો છે.

આફ્રિદીનું કહેવું છે કે સરકારે ઈમરાન ખાનના સ્વાસ્થ્ય અને સુરક્ષાને લઈને ઉઠેલા તમામ પ્રશ્નોના સાચા જવાબો આપવા પડશે. જો આમ કરવામાં નહીં આવે તો તેઓ જનતા સાથે રસ્તાઓ પર ઉતરવા માટે મજબૂર થઈ જશે.

આફ્રિદીએ આરોપ લગાવ્યો કે સરકાર ઈમરાન ખાનની હાલતની સાચી જાણકારી આપી રહી નથી. તેમણે ચેતવણી આપી કે જો ઈમરાન ખાનને કંઈ થશે તો તેના પરિણામની જવાબદારી સંપૂર્ણપણે વર્તમાન સરકાર પર રહેશે.

તેમણે પાકિસ્તાન સેના પ્રમુખ જનરલ આસિમ મુનીર પર કટાક્ષ કરતા કહ્યું કે દેશની કથળતી પરિસ્થિતિ માટે તેઓ જ જવાબદાર છે. આફ્રિદીનું કહેવું છે કે ઈમરાન ખાન સુધી પહોંચ રોકવી અને તેમના સ્વાસ્થ્યની માહિતી છુપાવવી જનતાના વિશ્વાસ સાથે ચેડાં છે.

આ આખો વિવાદ ત્યારે વધુ ભડકી ઉઠ્યો જ્યારે થોડા દિવસો પહેલા મુખ્યમંત્રી આફ્રિદી આખી રાત ધરણા પર બેસી ગયા. કારણ એ હતું કે તેમને સતત આઠમી વખત પીટીઆઈના સ્થાપક અને પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનને મળવા દેવામાં આવ્યા ન હતા.

તેમની સાથે ખૈબર પખ્તુનખ્વાના ઘણા મંત્રીઓ અને સેંકડો પીટીઆઈ કાર્યકરો પણ હાજર હતા. આખી રાત ધરણા ચાલ્યા, સવારે જેલની બહાર જ ફજરની નમાઝ અદા કરવામાં આવી. બીજા દિવસે સીએમએ ધરણા સમાપ્ત કરતા જાહેરાત કરી કે હવે તેઓ ઈસ્લામાબાદ હાઈકોર્ટ જશે.

છેલ્લા કેટલાક દિવસોથી ઈમરાન ખાનના મૃત્યુની અફવાઓ તેજ બની ગઈ છે. ઈમરાન ખાનના પુત્ર કાસિમ ખાન અને તેમની બહેનો સતત પ્રશાસન પાસે મળવા દેવા અને ઈમરાન જીવિત હોવાના પુરાવા માંગી રહ્યા છે. જ્યારે, ઈમરાન ખાનની પાર્ટી પીટીઆઈ સતત ધરણા કરી રહી છે.

માર્ચ, 2025માં ઈસ્લામાબાદ હાઈકોર્ટે કહ્યું હતું કે ઈમરાન ખાન પરિવાર અને વકીલોને મળી શકે છે. જેલ મેનેજમેન્ટે કોર્ટનો આદેશ માન્યો ન હતો. ઓક્ટોબર, 2025માં કોર્ટે ફરીથી નિર્દેશ આપ્યો. તેમ છતાં તેમની બહેનોને એક પણ વાર મળવા દેવામાં આવી ન હતી.

26 નવેમ્બરના રોજ સોશિયલ મીડિયા પર સમાચાર આવ્યા કે જેલમાં ઈમરાન ખાનની હત્યા કરવામાં આવી છે. આ પછી તેમની બહેનો અને સમર્થકો અડિયાલા જેલ પહોંચી ગયા. ઈમરાન ખાનની બહેનો નૂરીન નિયાઝી, અલીમા અને ઉઝમા જેલની બહાર પ્રદર્શન કરવા લાગી. ઈમરાનની પાર્ટી PTIના કાર્યકરો સમગ્ર પાકિસ્તાનમાં પ્રદર્શન કરવા લાગ્યા.

વાતાવરણ બગડતું જોઈને પોલીસે જેલની બહાર કર્ફ્યુ લગાવી દીધો. 27 નવેમ્બરના રોજ ઈમરાન ખાનને સમર્થન આપવા અડિયાલા જેલ પહોંચેલા ખૈબર-પખ્તુનખ્વાના મુખ્યમંત્રી સોહેલ આફ્રિદી સાથે પોલીસે મારપીટ કરી.

આના વીડિયો પણ સામે આવ્યા છે. આફ્રિદીએ આરોપ લગાવ્યો કે સરકાર ઈમરાન ખાનની હાલત વિશે સાચી માહિતી આપી રહી નથી. જો ઈમરાન ખાનને કંઈ થશે તો તેના પરિણામની જવાબદારી સરકાર પર રહેશે.

# પાકિસ્તાનના ફ્રન્ટિયર કોર્પ્સ હેડક્વાર્ટર પર આત્મઘાતી હુમલો

## મેઈન ગેટ બ્લાસ્ટ કરી 6 હુમલાખોરો અંદર ઘૂસ્યા હતા, 3 માર્યા ગયા, PAKનો દાવો- BLAએ હુમલો કર્યો

**ઈસ્લામાબાદ, તા.01**

પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંતમાં રવિવારે મોડી રાત્રે નોકકુંડી સ્થિત ફ્રન્ટિયર કોર્પ્સ (FC)ના હેડક્વાર્ટર પર આત્મઘાતી હુમલો થયો. ડોનના રિપોર્ટ અનુસાર મુખ્ય ગેટ પાસે એક આત્મઘાતી બોમ્બરે પોતાને ઉડાવી દીધો. ધમાકો એટલો જોરદાર હતો કે ગેટ તૂટી ગયો. ત્યારબાદ 6 હથિયારબંધ હુમલાખોરો અંદર ઘૂસી આવ્યા. સુરક્ષા દળોએ તરત જ જવાબી કાર્યવાહી શરૂ કરી. ભારે ગોળીબાર બાદ 3 હુમલાખોરો માર્યા ગયા. જ્યારે, ડોનના જ કેટલાક સૂત્રોએ 6 હુમલાખોરો માર્યા ગયા હોવાનો દાવો કર્યો છે.

આ દરમિયાન, પંજગુર જિલ્લાના ગુરમાકન વિસ્તારમાં પણ એક FC ચેકપોસ્ટ પર હુમલો થયો. FCના પ્રવક્તાએ દાવો કર્યો કે બંને હુમલા બલુચિસ્તાન લિબરેશન આર્મી (BLA) દ્વારા કરવામાં આવ્યા છે.

થોડા કલાકો પહેલા આ જ વિસ્તારમાં એક જ દિવસમાં સતત 7 વિસ્ફોટ થયા હતા. શંકાસ્પદ ઉગ્રવાદીઓએ ક્વેટા અને ડેરા મુરાદ જમાલીમાં ઘણી જગ્યાઓને નિશાન બનાવી. વિસ્ફોટોમાં કોઈનું મોત થયું ન હતું.



શનિવારે ક્વેટામાં પોલીસ ચેકપોસ્ટ પર હેન્ડ ગ્રેનેડથી હુમલો કરવામાં આવ્યો. આ પછી એન્ટી-ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ (ATD)ની ગાડી પાસે IED બ્લાસ્ટ થયો. સાંજ સુધીમાં વધુ ત્રણ વિસ્ફોટ થયા.

ક્વેટાના SSP આસિફ ખાનના જણાવ્યા અનુસાર, સરિયાબ રોડ પર નિર્માણ કંપનીના કેમ્પ પર હથિયારબંધ લોકોએ ગ્રેનેડ ફેંક્યા, જેમાં બે ગાર્ડ ઘાયલ થયા.

મનજૂર શહીદ પોલીસ સ્ટેશન પર પણ મોટરસાયકલ સવાર હુમલાખોરોએ બે ગ્રેનેડ ફેંક્યા. તેમાંથી એક ઘટનાસ્થળે ફાટી ગયો, બીજાને બોમ્બ સ્ક્વોડે નિષ્ક્રિય કરી દીધો. શહેરના બહારના ભાગમાં લોહર કરેજ પાસે રેલવે ટ્રેકને પણ IED બ્લાસ્ટ કરીને ઉડાવી દેવામાં આવ્યો.

ડેરા મુરાદ જમાલીમાં પણ પોલીસની પેટ્રોલિંગ ગાડી પર ગ્રેનેડ હુમલો થયો. ક્વેટાના કેચ બેગ વિસ્તારમાં પોલીસ પોસ્ટ પાસે પણ હેન્ડ ગ્રેનેડ ફેંકવામાં આવ્યા. કોઈપણ સંગઠને આ હુમલાઓની જવાબદારી લીધી નથી. આ પહેલા પણ બલુચિસ્તાનમાં ઘણા મોટા હુમલા થઈ ચૂક્યા છે. આ વર્ષે અત્યાર સુધીમાં 782 લોકો માર્યા ગયા છે. માર્ચમાં બલુચ લિબરેશન આર્મી (BLA) એ એક ટ્રેન હાઈજેક કરીને ઘણા સૈનિકોની હત્યા કરી હતી. સપ્ટેમ્બરમાં ક્વેટામાં એક રાજકીય રેલી પર આત્મઘાતી હુમલો થયો હતો, જેમાં 11 લોકોના મોત થયા હતા.

પાકિસ્તાનના ડેપ્યુટી પીએમ ઈશાક ડારે શનિવારે દાવો કર્યો હતો કે છેલ્લા 4 વર્ષમાં પાકિસ્તાનમાંથી 4 હજાર સૈનિકો માર્યા ગયા છે, જ્યારે 20 હજારથી વધુ ઘાયલ થયા છે.

તેમણે કહ્યું કે અફઘાનિસ્તાનમાં તાલિબાનના સત્તા સંભાળ્યા પછી પાકિસ્તાનને સહનશક્તિ કરતાં વધુ નુકસાનનો સામનો કરવો પડ્યો છે. પાકિસ્તાનના ડેપ્યુટી પીએમએ તાલિબાનને ઉગ્રવાદીઓ પર કડક કાર્યવાહી કરવા અપીલ કરી. ડારે કહ્યું કે પાકિસ્તાની તાલિબાન (TTP) ના લડવૈયાઓને બોર્ડર વિસ્તારમાં આશ્રય ન આપવો જોઈએ.

# તંત્રી લેખ

## ગેંગ બનાવી પોતાને 'દાદો' સમજતા ક્રિમિનલ્સની સાન ઠેકાણે આવી ગઈ

છેલ્લાં 3 વર્ષમાં ગુજરાતમાં ગુજસીટોકના 64 ગુના નોંધાયા છે, જેમાં કુલ 493 જેટલા આરોપીઓ પર કાર્યવાહી કરવામાં આવી છે. આ સમયગાળામાં સરકારે કચ્છ, મોરબી સહિતના વિસ્તારોમાં વ્યાજખોરોના વધતા ત્રાસને ડામવા માટે સૌથી વધુ ગુજસીટોકના ગુના નોંધ્યા છે. થોડા સમય પહેલાં જ કચ્છ જિલ્લાના અંજાર તાલુકામાં વ્યાજખોરો પર આ કાયદા હેઠળ કાર્યવાહી કરી તેમની મિલકત જપ્ત કરીને અલગ દાખલો બેસાડ્યો હતો. ગોધરામાં ગૌ હત્યાના કેસમાં ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો, જેને ગુજરાતમાં ગૌ હત્યાના કેસમાં નોંધાયેલો ગુજસીટોકનો પ્રથમ કેસ માનવામાં આવે છે, જોકે તેના તપાસ અધિકારી અલગ હતા. છેલ્લાં 10 વર્ષથી ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાંથી ગાય અને ગૌ વંશની ઉઠાંતરી કરી તેની હત્યા કરી ગૌ માંસ વેચતી ગોધરાની 9 આરોપીની ગેંગ સામે ગુનો નોંધાયો હતો. આ ગેંગ સરકારી અધિકારીઓ ઉપર પણ હુમલા કરતી હતી. નિર્દોષ લોકોને ધાકધમકી આપવી, હુલ્લડ કરવા જેવા 45 ગુના પણ આ ગેંગના આરોપીઓ સામે નોંધાયા હતા.

રાજકોટમાં મરઘા ગેંગના 21 શખસ વિરુદ્ધ આ કાયદા હેઠળ ગુનો નોંધાયો છે. આ ગેંગ પર મારામારી, આર્મ્સ એક્ટ, NDPS, અપહરણ અને લૂંટ જેવા 36 મોટા ગુના નોંધાયેલા હતા. થોડા દિવસો પહેલાં જ રાજકોટમાં મરઘા ગેંગ અને પેંડા ગેંગ વચ્ચે જાહેરમાં ફાયરિંગ થયું હતું, જેના પછી કડક કાર્યવાહી કરતાં પોલીસે પેંડા ગેંગ વિરુદ્ધ ગુજસીટોકનો ગુનો નોંધ્યો હતો. હવે મરઘા ગેંગને પણ આ કાયદાના સાણસામાં લેવાઈ છે. રાજકોટ ક્રાઈમ બ્રાન્ચના ACP ભરત બસિયાએ આ બન્ને ખૂનખાર ગેંગ વિરુદ્ધ તપાસ કરી હતી. ACP બસિયાને ગુજસીટોકના નિષ્ણાત અધિકારી માનવામાં આવે છે. આ પહેલાં તેમણે ગુજસીટોકના કાયદા હેઠળ કુલ 5 ગુના નોંધેલા છે. ACP ભરત બસિયાએ દિવ્ય ભાસ્કરને કહ્યું હતું કે ગુજસીટોક એટલે ગુજરાત કન્ટ્રોલ ઓફ ટેરરિઝમ એન્ડ ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એક્ટ, 2015. આ કાયદો 1 ડિસેમ્બર, 2019થી અમલમાં આવ્યો છે. આ કાયદા હેઠળ આરોપીની ગુનાહિત કબૂલાત અંગેના નિયમો, મિલકત કબજે-ટાંચમાં લેવાના નિયમો છે. સંગઠિત ગુનાખોરીને નિયંત્રણમાં લાવવા માટે આ કાયદો બનાવાયો છે. આ કાયદા હેઠળ પોલીસને વિશેષ સત્તાઓ આપવામાં આવેલી છે. 'આ ગુના હેઠળ પકડાયેલા આરોપીએ SP/DCP કક્ષાના પોલીસ અધિકારી સમક્ષ કરેલી કબૂલાત કોર્ટમાં માન્ય રહે છે. સામાન્ય રીતે ગંભીર ગુનામાં ચાર્જશીટનો સમય 90 દિવસનો છે. જ્યારે ગુજસીટોકના ગુનામાં 180 દિવસ સુધી લંબાવી શકાય છે. આ કેસમાં સરકારના ગૃહ વિભાગની પૂર્વમંજૂરીથી જ વિશેષ અદાલત કોગ્નીઝન્સ લઈ શકે છે.' તેમણે કહ્યું હતું કે ગુજસીટોકના કેસ ચલાવવા માટે સરકારે વિશેષ અદાલતની સ્થાપના કરી છે. સૌરાષ્ટ્રની ગુજસીટોક કોર્ટ રાજકોટમાં આવેલી છે. આ કેસ ચલાવવા સરકાર સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટરની નિમણૂક કરે છે.

# બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય, કે જેનો અર્થ "વાતુલ "થાય છે.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અન્ય પ્રજાની સરખામણીમાં ગુજરાતની પ્રજા ઉત્સાહી ખરી! એટલે કે એને જીવનમાં કંઈક કારણ જોઈએ પછી તે ધાર્મિક હોય, સામાજિક હોય, કે રાજકીય હોય, એ એને ઉત્સાહથી જ ઉજવે! ટૂંકમાં જીવન જીવવા માટે છે એવો એક મર્મ એના જીવનમાં જોવા મળે. અન્ય રાજ્યોની પ્રજા કર્મપ્રધાન, અને ધર્મ પ્રધાન ભૂમિકામાં જીવે. જ્યારે ગુજરાત એ રીતે રંગીલુ કહી શકાય, કે જે થવાનું હોય એ સમયે થઈને જ રહેશે! એવી પણ એક વિચારધારા ગુજરાતીઓની ખરી. બાપુ કોઈ નો શેર કહે છે એમ, 'મરના લગા રહેગા, અબ જી તો લીજીયે! જોકે આવું વિચારવું એ કંઈ ખોટી વાત નથી, પરંતુ અધિકતમ ભોગ અને પોતાના પ્રત્યેનો લગાવ કે મમતા એ એને અનાચરણ પણ કરાવી જાય! ત્યારે નિષ્ઠા ડગમગી જાય, નીતિ ચૂકાઈ જાય! બસ આ વાતનો ખ્યાલ રાખવામાં આવે તો બહુ વાંધો ન આવે. પરંતુ મોટેભાગે જીવનનાં અંત સમયે જ અમુક પ્રકારના જ્ઞાન થતાં હોય છે, જે પછી કંઈ કામનું નથી હોતું હા હરિનામ જપીએ તો મરણ સુધરી જાય, પણ જીવન તો નકામું જ ગયું એ અફસોસ લઈને જવું પડે છે.

હમણાં જ આપણે વાત કરી હતી કે ભક્તિ પરાકાષ્ઠા એ પહોંચે તો એ જ્ઞાન તરફ દોરી જાય છે, અને જ્ઞાન પણ પરિપક્વ થતા ભક્તિ તરફ દોરી જાય છે. ટૂંકમાં જ્ઞાન અને ભક્તિ એ બંને રીતે ઈશ્વર તત્વની પ્રાપ્તિ થાય છે, અને અંતે તો બંને છેડા એક જ ચરણોમાં મળે છે! પરંતુ આપણને ખબર હોવી જોઈએ કે આપણી ઉપાસના ભક્તિ સંગત છે કે જ્ઞાનસંગત! આપણે ત્યાં વિવિધ રીતે સાધકોને અધ્યાત્મ પ્રેરિત કરાતા હોય છે.પરંતુ સાંપ્રત સમયમાં જુદી જુદી કેટલીય પ્રકારની માનસિકતા ધરાવતા સમાજ હોય છે, અને એ દરેકને સમજાવી શકાય એ માટે આપણે ક્યારેક દ્રષ્ટાંતનો ઉપયોગ કરીએ છીએ, તો એવી જ એક પરંપરા બાઉલની પણ રહી.

મૂળમાં આ બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય. આ સંપ્રદાયનાં અનુયાયી સાધકો બંગાળનાં ગામોમાંગીત ગાઈને જીવન ગાળનારા હિંદુ તથા મુસલમાન બંને પ્રકારના હોય છે. તેઓ કાપડના ટુકડાઓ સાંધીને શરીરને ઢાંકે છે, બંગાળી ભાષા બોલે છે અને બંગાળી ભાષામાં રચેલાં દિવ્ય પ્રેમનાં ગીતો ગાય છે. હકીકતમાં 'બાઉલ' શબ્દ 'વાતુલ' પરથી આવ્યાની એક માન્યતા છે. 'વાતુલ'નો અર્થ પાગલ અથવા અમુક પ્રકારનું રટણ એટલે કે 'વાતોડિયો' પણ કરવામાં આવે છે. તેઓ જીવન વ્યવહારને ગણકારતા નથી, અને પાગલની જેમ, અલગારીની રીતે જીવે છે. બીજી માન્યતા 'બાઉલ'ના મૂળમાં વ્યાકુળ શબ્દ હોવાની છે. તેઓ 'મનેર માનુષ' એટલે માનવદેહ અને મનમાં વધુ આસ્થા રાખી તેને આદર્શ બનાવવા વ્યાકુળ હોય છે. તેઓ વાળ વધારે છે, અને ઝોળી, લાકડી, અને તુંબીપાત્ર લઈ ફરે છે. બાઉલ સંપ્રદાયના અનુયાયીઓ સમાજના નીચલા ગણાતા સ્તરમાં જન્મેલા અને નિરક્ષર હોય છે. હિંદુ બાઉલો ચૈતન્યના વૈષ્ણવ સંપ્રદાયના અને પ્રેમલક્ષણા ભક્તિ ધરાવનારા હોય છે; જ્યારે મુસલમાન બાઉલો સૂફી પંથને અનુસરનારા હોય છે. હિંદુ બાઉલ, હિંદુ જેવો અને મુસલમાન બાઉલ મુસલમાન જેવો પોશાક પહેરે છે.



એકવાર એક સાધક એનાથી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા બાઉલ સાધુ સંત પાસે જાય છે, અને ઈશ્વર વિશે કે બ્રહ્મજ્ઞાન વિશે જાણવાની ઈન્તઝારી બતાવે છે. બાઉલ સાધુ એની માનસિકતા પારખી જાય છે, અને હજી પરિપક્વતામાં ઉણપ છે! એવું દેખાતા એને કોબીજ ના ઢગલા પાસે લઈ જાય છે અને કહે છે' કો બીજ' એટલે કે આમાંથી બીજ કાઢીને બતાવ! આમ કહી પેલાં બાઉલ સાધુ ચાલ્યાં જાય છે! પેલો બાઉલ સાધક એક પછી એક કોબીજના પાંદડા કાઢતો જાય છે! પરંતુ એમાંથી બીજ નીકળતું નથી! એક ઢગલો પૂરો થયો અને આમને આમ ત્રણ માસ સુધી એ બાઉલ સાધકે કોબીજ ના પાન કાઢ્યા ત્યારે તેને સમજાયું કે સાધુ મહાત્મા એમ કહેતા હતા કે કો બીજ? એટલે કે તારું બીજ ક્યાં છે?અને તત્વતઃ પ્રશ્ન સમજાઈ જતાં એ કો બીજ! કો બીજ! એમ કરી નાચવા લાગ્યાં!

મનુષ્યનું બીજ એટલે કે પ્રાણ એ આત્મા છે! અને તારો આત્મા તારા શરીરથી મુક્ત છે! કે શરીર સાથે એટલે કે ભોગ સાથે ઓતપ્રોત થઈ ગયેલો છે? આવો એક સીધો સાદો સવાલ સાધુ મહાત્માનો હતો. પરંતુ એને સમજતા એ સાધકને ત્રણ માસ થયાં! એ બાઉલ સાધુ તો એટલી ઊંચાઈએ પહોંચેલા હતાં. પરંતુ આપણે સ્થૂળ ભૂમિકાએ આ ઘટનાને જોઈએ તો સંસારમાં ઘટતી દરેક ઘટનાઓમાં કોઈ એવું તથ્ય હોતું નથી, છતાં આપણે એની આળપંપાળ માં પડ્યા રહીએ છીએ, અને કોબીજના પાંદડા કાઢવા એટલે કે એનું ખોટે ખોટું વિશ્લેષણ કરી સમયની બરબાદી કરતા હોઈએ છીએ. આ એક સર્વ સામાન્ય સર્વેક્ષણ છે, અને દરેક માનવીની ઓછેવત્તે અંશે આવી જ માનસિકતા છે. એટલે જ આપણે ત્યાં કહેવત પણ છે કે મરેલા મડદાં શું કામ ઉખાડવા!; આપણી ભૂલ ત્યાં થાય છે કે, આપણે પ્રાણ તત્વ એવા આત્માને બીજ માનવાની બદલે, મનને બીજ માની લઈએ છીએ, અને મન કહે એમ કરવામાં આત્મ સંદેશ કે આત્મવાણી સંભળાતી નથી, અને જીવન પતનની તરફ ક્યારે જતું રહે છે એનો ખ્યાલ રહેતો નથી. આ ઉપરાંત મનની એક ખાસિયત એ છે કે એની જેટલી આળપંપાળ કરીએ એમ એ વધુને વધુ ચંચળ બને છે, અને વારંવાર જુદી જુદી ઈચ્છાઓ વ્યક્ત કરે છે! એક પૂરી થઈ ત્યાં બીજી આમ આ ઈચ્છાઓ પૂરી કરવાના ચક્રવ્યુમાં બીજું કંઈ વિચારી શકાતું નથી!

આપણે તો એ સંપ્રદાય વિશે બહુ જાણતા નથી,પણ કહેવાય છે કે આવી કેટલીય બાઉલ કથાઓ છે. ટૂંકમાં ગીત ગાઈને પરમાત્મ તત્વની પ્રાપ્તિ કે અનૂભૂતિ કરવી! તો નરસિંહ અને મીરા એ બંને પણ પ્રેમ લક્ષણા ભક્તિથી ઈશ્વરત્વને પ્રાપ્ત કર્યું હતું. પુકારમાં પરમાત્માને પોતાની તરફ જોવા માટે મજબૂર કરવાની તાકાત રહેલી છે, અને એટલે જ આપણે ત્યાં પ્રાર્થનાનો પ્રકલ્પ પણ છે. વિકટ પરિસ્થિતિમાં અંતર મનથી આદ્ર ભાવે ઈશ્વરને પોકારવામાં આવે તો, એ કોઈને કોઈ રૂપે આવી જરૂર મદદ કરતો હોય છે. ચાહે બુદ્ધ ને સ્મરીએ, નરસિંહને ગાઈએ, કે બાઉલ સંપ્રદાયના તથ્યને યાદ રાખીએ! પણ મૂળમાં આપણું બીજ આત્મા છે! અને એને પોષણ આપવાથી જ આપણો ઉદ્ધાર છે! એ વાત સૌ પોતાની ગાંઠે બાંધીને જીવન જીવે તો જીવન પ્રમાણમાં સમતાથી જીવાય. સાંપ્રત સમયમાં માનવીય માનસિકતાનું પતન એટલી હદે વધી ગયું છે, કે કોઈને કોઈ રીતે વળી પાછા આપણી સંસ્કૃતિ તરફ પાછા ફરાતું હોય, તો એ બોધ લઈ લેવો, એમાં જ આપણું અને આપણા સમાજનું હીત સમાયેલું છે. ગઈકાલે ગીતા જયંતી હતી, અને ભગવાન યોગેશ્વર એ પોતાના મુખે માનવીએ કઈ રીતે જીવવું જોઈએ એનું 700 શ્લોકમાં ખુબ સુંદર રીતે વિવેચન કરેલું છે! તો આપણે પણ ગીતાનો બોધ ગ્રહણ કરી જીવનને નવેસરથી સ્થાપિત કરી, અર્જુન જેમ ધર્મ સ્થાપના માટે કટિબદ્ધ થઇ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

## અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતો વિવિધ સહાયલક્ષી યોજનાઓના લાભો મેળવવા ikhedut પોર્ટલ પર અરજી કરી શકશે





અમદાવાદ, તા. 01

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ હેઠળના ઘટકોમાં સહાયનો લાભ લેવા ઓનલાઇન અરજી કરવાની રહેશે, અમદાવાદ જિલ્લાના બાગાયતદાર ખેડૂતોને ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાગાયત ખાતા દ્વારા ચાલતી વિવિધ સહાયલક્ષી યોજનાઓના લાભ આપવામાં આવી રહ્યા છે. અમદાવાદ જિલ્લામાં આ યોજનાનો લાભ લેવા માંગતા ખેડૂતોએ ikhedut portal (www.ikhedut.gujarat.gov.in)માં ઓનલાઇન અરજી કરવાની રહેશે. સરકારની વિવિધ સહાયલક્ષી યોજનાઓ હેઠળ નીચેના ઘટકોમાં સહાયનો લાભ લેવા માંગતા હોય તેવા બાગાયતદાર ખેડૂતો પોતાના ગામના ઈ-ગ્રામ સેન્ટર કે કોઈ ખાનગી ઈન્ટરનેટના માધ્યમ દ્વારા ઓનલાઈન અરજી કરી શકાશે તેમ નાયબ બાગાયત નિયામકની કચેરી, અમદાવાદની અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

૧) રાજ્યમાં જુથ/ગ્રામ્ય કક્ષાએ ફળ -શાકભાજી પાકોના કલેક્શન એકમ અને સોલાર કોલ્ડ રૂમ યોજનામાં તા.૨૬/૧૧/૨૦૨૫ થી ૩૧/૦૩/૨૦૨૬ સુધી , ૨) મહિલા તાલીમાર્થીઓને વૃતીકા (સ્ટાઈપેંડ) યોજનામાં તા.૨૮/૧૧/૨૦૨૫ થી ૧૨/૧૨/૨૦૨૫ સુધી, ૩) અર્બન ગ્રીન મિશન કાર્યક્રમ (માળી તાલીમ) યોજનામાં તા.૧૭/૧૧/૨૦૨૫ થી ૦૬/૧૨/૨૦૨૫ સુધી ૪) કૃષિ યાંત્રીકરણમાં પ્રોત્સાહિત કરવા અંગેની યોજનામાં તા.૦૧/૧૨/૨૦૨૫ થી ૧૦/૧૨/૨૦૨૫ સુધી, અરજી કરી શકાશે. આ અંગે વધુ માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, બ્લોક - સી, પ્રથમ માળ, બહુમાળી ભવન - ૧, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨ નો સંપર્ક કરી શકશે તથા ફો.નં.: 079-26577316 પર પણ માર્ગદર્શન મેળવી શકાશે.

# એકબીજાના મનના દરવાજા ખખડાવતા રહેજો,મુલાકાત ભલે ન થાય,પણ નજીક હોવાના અહેસાસમાં કોઇ કમી ન રહેવી જોઇએ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો શુકદેવજી પછી સત્યવ્રત મનુ મહારાજ વંશની કથા છે.વૈવસ્વત મનુ સૂર્યવંશના આદિ પ્રવર્તક છે. તેમનાં પત્નીનું નામ શ્રદ્ધા. તેમને દશ બાળકો થયાં. ઈક્ષ્વાકુ, નૃપ, શર્યાતિ,દિષ્ટિ,કરૂપ,નરિષ્યન્ત,પૃષ ઘ્ન,નભગ અને કવિ.આમાંથી દિષ્ટિના વંશમાં મરુત્ત નામનો ચક્ર વર્તી રાજા થયો.મરુત્તના ગુરુ હતા બૃહસ્પતિ.તે ઈન્દ્રના પણ ગુરુ હતા. મરુત્ત રાજાને યજ્ઞ કરવાનો હતો,પણ બૃહસ્પતિએ આવવા ના પાડી.કહે કે હું ઈન્દ્રનો ગુરુ,બાવા રાજવીને ત્યાં જાઉં તે શોભે નહીં.હવે કરવું શું?એવામાં મરુત્તને નારદજી મળ્યા.નારદજી એ કહ્યુ કે, યજ્ઞ કરવો છે તો કરો. બૃહસ્પતિ ના આવે તો બૃહસ્પતિ ના ભાઈ સર્વત્તને બોલાવો. રાજા કહે,સંવર્ત યોગી છે.યોગીનો પત્તો શું?

નારદજીએ કહ્યું,પત્તો હું આપું, પણ મારું નામ લેશો નહીં.પુરુષો ને એકાંત પ્રિય હોય છે.તેઓ તેમની સાધનામાં લીન રહે છે, તેથી કોઈ તેમાં વિક્ષેપ કરે તે તેમને ગમતું નથી. એથી નારદજી આવી સાવધ વાણી ઉચ્ચારે છે.

સંવર્તયોગ રોજ એકવખત કાશી, કાશી વિશ્વનાથનાં દર્શન કરવા આવે છે.પણ રસ્તામાં કોઈ શબ નાં દર્શન થાય તો તેને શિવરૂપ માની વંદન કરી પાછાં ફરી જાય છે.શબમાં જ એને શિવનાં દર્શન થઈ જાય છે,એવી એમની સમ દૃષ્ટિ છે.


મરુત્તરાજા કાશી જઈને રાત્રે શબ લઈને બેઠા.એવામાં પાગલ જેવો એક માણસ આવ્યો.તેણે શબને જોતાંવેંત વંદન કર્યું. મરુત્ત રાજાને ખાતરી થઈ ગઈ કે,આ સંવર્ત યોગી છે. એકદમ એણે યોગીનાં ચરણ પકડી લીધાં.

મરુત્ત કહે, મારે પણ કરવો છે, પણ બૃહસ્પતિ યજ્ઞ કરાવતા નથી તમે કરાવો!

સંવર્ત કહે, હું યજ્ઞ કરાવીશ, પણ જો તું મારો ત્યાગ કરશે તો તે વખતે હું તને ભસ્મ કરી નાખીશ, એ નક્કી જાણજે!

રાજા કબુલ થયો.સંવર્તેમરુત્ત રાજાને મંત્રદીક્ષા આપી.હવે બૃહસ્પતિએ અગ્નિ મારફત કહેવડાવ્યું કે, મને ગુરુ બનાવો!

અગ્નિને સંવર્તે કહ્યું, મારી આજ્ઞા વિરુદ્ધ જઈશ તો તને બાળી મૂકીશ! દેવો બધા ડરી ગયા. સંવર્તયોગી આજ્ઞા કરે તે દેવ ત્યાં પ્રત્યક્ષ હાજર થઈ હવિર્માત્ર ગ્રહણ કરે છે.મરુત્તનો યજ્ઞ ખૂબ સરસ રીતે પાર પડયો.મનુપુત્ર નભગને ત્યાં નાભાગ થયા નાભાગને ત્યાં મહાન ભક્ત અંબરીષનો જન્મ થયો.અંબરીષ એ મર્યાદા ભક્તિના આચાર્ય છે. કાંકરોલીમાં જે દ્વારકાનાથ બિરાજે છે તે અંબરીષ રાજાના સેવ્ય ઠાકોરજી છે.આ ઠાકોરજી બાવન મણ મરી રોજ આરોગતા. વિચારો કેટલી સામગ્રી થતી હશે! અંબરીષ શબ્દનો વિચાર કરો. અંબર એટલે આકાશ.ઈશ એટલે ઈશ્વર. આકાશ એ અંદર પણ છે અને બહાર પણ છે. જેના અંદર બહાર સર્વ ઠેકાણે ઈશ્વર છે તે અંબરીષ.જેને ચારેબાજુ પરમાત્મા દેખાય તે અંબરીષ. ભક્તિમાર્ગમાં ભક્ત એક એક ઈન્દ્રિયને પરમાત્માનાં ચરણમાં અર્પણ કરે છે. ઈન્દ્રિયોને પરમાત્મા સાથે પરણાવે છે. ભગવાન હૃષીકેશ છે એટલે ઈન્દ્રિયોના સ્વામી છે.




અંબરીષ રાજા મહાન ભક્ત હતા તેઓ પ્રાર્થના કરતા કે,મારું મન સદા શ્રીકૃષ્ણનાં ચરણકમળમાં રહો.મારી વાણી ભગવાનના ગુણ ગાતી રહો,મારા હાથ પ્રભુ મંદિર ની સેવામાં રહો,મારા પગ પ્રભુનાં ક્ષેત્રોની યાત્રાકરતા રહો,મારા કાન પ્રભુની કથા સાંભળવામાં લીન રહો!મારી આંખ પ્રભુની મૂર્તિની બધે ઝાંખી કરતા રહો!મારું મસ્તક સદાસર્વદા પ્રભુને વંદન કરતું રહો.

અંબરીષરાજા ભક્તિના આચાર્ય છે.ભક્તિમાર્ગમાં ધન મુખ્ય નથી, તન મુખ્ય નથી પણ મન મુખ્ય છે. ભક્તિમાં ધન મુખ્ય થયું ત્યારથી ભક્તિ છિન્નભિન્ન થઈ.તેથી અંબરીષ મહારાજ પ્રથમ કહે છે કે,મારું મન શ્રીકૃષ્ણનાં ચરણ યુગલમાં સદા રહો!મનભગવાનને અર્પણ થઈ ચૂક્યું, પછી બીજાં અંગો એને અનુસરશે જ. સેવાનો સંબંધ મન સાથે છે.શરીરથી જે ક્રિયા કરો તેને મનનો સહકાર ન મળે તો તે વ્યર્થ છે.અંબરીષની સેવાની શરૂઆત મનથી થાય છે મનસૂક્ષ્મ છે.તે એકી સાથે જગત અને ઈશ્વર સાથે સંબંધ કરી શકે નહીં.બીજો માણસ ઉપદેશ કરશે તો મન પર અસર થશેનહીં.તમે પોતે મનને સમજા વશો તો અસર થશે.સેવામાં શરીરનો ઘસારો થવા દે છે,તેનું અભિમાન ઘસાઈ જાય છે. ભગવદ્ ગીતા જ્ઞાનમાં છેલ્લે જોઈએ તો મોટા નાના જીવનો ઘમંડ શું યોગ્ય છે?એક સમયે, નદીના કિનારે એક શહેર હતું. ભારે વરસાદ પડ્યો, જેના કારણે નદીએ પોતાનો માર્ગબદલીનાખ્યો આના કારણે શહેરમાં પાણીની તંગી ઉભી થઈ, એટલી હદે કે લોકો તેને પી પણ શકતા ન હતા ધીમેધીમે લોકો ત્યાંથી જતા રહ્યા અને એક સમય એવો આવ્યો જ્યારે શહેર સંપૂર્ણપણે ઉજ્જડ થઈ ગયું, ફક્ત ઉંદરો જ રહ્યા. ઉંદરોએ ત્યાં પોતાનુંરાજ્યસ્થાપ્યું એક વખત જમીનમાંથી પાણીનો એક ઝરો ફૂટી નીકળ્યો, જેનાથી એક મોટું તળાવ બન્યું. બીજીબાજુ,તે શહેરથી બહુ દૂર નહીં,એક જંગલ હતું જ્યાં ઘણા જંગલી પ્રાણીઓ રહેતા હતા.તે પ્રાણીઓમાં,ઘણા હાથીઓ હતા જેનો રાજા ગજરાજ નામનો હાથી હતો.એક વખત,ભયંકર દુકાળ પડ્યો.બધા પ્રાણીઓ પાણી માટે રડવાલાગ્યા મોટા હાથીઓ પણ ખૂબ જ મુશ્કેલીમાં હતા. હાથીના વાછરડા ઓ દુઃખી થઈ રહ્યા હતા.તે જ સમયે, ગજરાજનો મિત્ર,ગરુડ, આવી પહોંચ્યો અને જાણ કરી કે ખંડેર શહેરમાં પાણીનું એક તળાવ છે. આ સાંભળીને,હાથી, તેના બાળકો અને અન્યસાથીઓ સાથે,શહેર તરફ રવાના થયો. ઘણા હાથીઓ તેની પાછળ ગયા અને ઉંદરોનું શહેર પણ તેમના માર્ગ પર હતું.તે વિશાળ હાથીઓ ના પગ નીચે ઘણા ઉંદરો કચડીને મરી ગયા.વધુમાં,હાથીઓ એ જ રીતે પાછા ફર્યા.ઘણા બધા ઉંદરો આવ્યા અને ફરીથી માર્યા ગયા.

આ ઘણા દિવસો સુધી ચાલુ રહ્યું, અને આ સમાચાર ઉંદરોના રાજા સુધી પહોંચ્યા.તે ખૂબ જ ચિંતિત થઈ ગયો.

તેના મંત્રીઓએ ઉંદરરાજાને કહ્યું, 'મહારાજ,તમારે જઈનેગજરાજ સાથે આ વિશે વાત કરવીજોઈએ તેમના શબ્દો સાંભળીને,ઉંદર રાજા ગજરાજ સાથે વાત કરવા જંગલમાં ગયો.ગજરાજ એક મોટા ઝાડ નીચે ઊભો હતો.ઉંદર રાજા નજીકના એક મોટા પથ્થર પર ચઢી ગયો અને કહ્યું,ગજરાજ ને નમસ્કાર! હું ઉંદરરાજા છું. હું મારી પ્રજા સાથે તે ખંડેર શહેરમાં રહું છું.'

હાથી ઉંદરરાજાને સ્પષ્ટ રીતે સાંભળી શક્યો નહીં.તે સહેજ નીચે ઝૂકી ગયો અને ઉંદર તરફ કાન ફેરવીને કહ્યું,'ઓહ,નાના પ્રાણી,તું કંઈક કહી રહ્યો હતો. શું તને તે પુનરાવર્તન કરવામાં વાંધો છે?'આ સાંભળીને, ઉંદરરાજાએ ફરીથી કહ્યું.'હું ઉંદર રાજા છું. હું મારી પ્રજા સાથે તે ખંડેર શહેરમાં રહું છું.જ્યારે પણ તમે અને તમારા અન્ય હાથી મિત્રો તળાવ માં જાઓ છો, ત્યારે તમારા પગ નીચે ઘણા ઉંદર મરી જાય છે. કૃપા કરીને આ કરવાનું બંધ કરો, નહીંતો ટૂંક સમયમાંઆપણામાંથી કોઈ બચશે નહીં.'આ સાંભળીને, હાથી રાજાએ ઉદાસ થઈને કહ્યું, 'મને ખ્યાલ નહોતોકે અમે આટલું ખરાબ કામ કરી રહ્યા છીએ. આપણે તળાવ સુધી પહોંચવાનો બીજો રસ્તો શોધીશું.'આ સાંભળીને, ઉંદર ખૂબ ખુશ થયો અને કહ્યું,'ગજરાજ,તમે મારા જેવા નાના પ્રાણીની વાતસાંભળી હું તમારો આભારી છું.' જો તમને ભવિષ્યમાં ક્યારેય કોઈ મદદની જરૂર હોય, તો કૃપા કરીને મને જણાવો.'

હાથીએ મનમાં વિચાર્યું, 'આટલા નાના પ્રાણીનો મને શું ઉપયોગ?' તેથી,તેણે હસીને ઉંદરને દૂર મોકલી દીધો.થોડા દિવસો સુધી બધું બરાબર ચાલી રહ્યું હતું, જ્યાં સુધી એક પડોશી દેશના રાજાએ તેની સેનાને મજબૂત બનાવવા માટે હાથીઓ રાખવાનું નક્કી કર્યું નહીં. રાજાના મંત્રી અને તેની સેનાએ જંગલમાં ઘણા હાથીઓને પકડી લીધા. હાથીઓ પકડાઈ જવાનો ડર ગજરાજને પરેશાન કરવા લાગ્યો.એક રાત્રે હાથી જંગલમાં ચિંતામાં ભટકતો હતો,ત્યારે અચાનક તેનો પગ સૂકા પાંદડાઓમાં છુપાયેલીજાળ પર પડ્યો અને તે ફસાઈ ગયો.

હાથીએ જોરથી રણશિંગડું વગાડવાનું શરૂ કર્યું, પરંતુ કોઈ તેની મદદ માટે આવ્યું નહીં.તે દરમિયાન,એક ભેંસે હાથીનો પોકાર સાંભળ્યો.તે હાથીનો ખૂબ આદર કરતી હતી કારણ કે હાથી એ એક વખત ખાડામાંથી તેની ભેંસને બચાવી હતી અને તેનો જીવ બચાવ્યો હતો.હાથીને જાળ માં ફસાયેલો જોઈને તે ખૂબ જ ચિંતિત થઈ ગઈ અને કહ્યું, 'ગજ રાજ, હું તમને શું મદદ કરી શકું? હું મારા જીવથી પણ તમને મદદ કરીશ, ગજરાજ.' હાથીએ કહ્યું, 'જલ્દી જા અને તે ખંડેર શહેરમાં રહેતા ઉંદર રાજાનેજાણ કર.' હાથીના શબ્દો સાંભળીને, ભેંસ ઉંદર રાજા પાસે દોડી ગઈ અને તેને બધું કહ્યું.ઉંદર રાજાએ આ સાંભળતાં જ,તે તેના ઘણા સૈનિકોને લઈને ભેંસની પીઠ પર બેઠો અને હાથી પાસે ગયો.પછી ઉંદરોએ જાળ કાપી, અને હાથી મુક્ત થઈ ગયો. પછી હાથી રાજા એ ઉંદર રાજાનો આભાર માન્યો. બધા ખુશહાલીથી જીવતા હતા. હાથી રાજા અને ઉંદર રાજા વચ્ચેની મિત્રતા વધુ ગાઢ બની. વાચક ચાહક મિત્રો જીવનમાં કોઈપણ જીવ નાનો નથી; ફક્ત પ્રેમ અને વિશ્વાસની જરૂર છે. પરસ્પર પ્રેમ બધા દુઃખોને દૂર કરી શકે છે. આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

# સિવિલ હોસ્પિટલના પીડીયાટ્રીક સર્જરી વિભાગના તબીબો દ્વારા 15 મહિનાના બાળક ઉપર અત્યંત જટીલ ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરાઇ

**અમદાવાદ, તા. 01**

અમદાવાદની સિવિલ હોસ્પિટલ જટિલમાં જટિલ સર્જરી થકી દર્દીઓને નવજીવન આપવા માટે દેશભરમાં જાણીતી છે અને એટલે જ ગુજરાત ઉપરાંત આસપાસનાં રાજ્યોમાંથી લોકો અહીં એક આશા સાથે સારવાર માટે આવતા હોય છે. લોકોના ભરોસાને વધુ મજબૂત કરતી વધુ એક અત્યંત જટિલ સર્જરી સિવિલ હોસ્પિટલના પીડિયાટ્રિક સર્જરી વિભાગના ડૉક્ટરોએ કરી બતાવી છે. ડૉક્ટરની ટીમ દ્વારા માત્ર 15 મહિનાના હિમાંક્ષ પર ગેસ્ટ્રીક પુલઅપ સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી અને આ બાળક હવે સામાન્ય બાળકોની જેમ પોતાના મોંઢેથી ખાતું-પીતું થયું છે. જન્મ્યા ત્યારથી જ ટ્યૂબ વડે બહારથી ભોજન લેવા મજબૂર બાળકને પહેલી વાર મોંઢેથી ખોરાક લેતાં જોઈને તેના માતા સહિતના પરિવારજનો ગદગદિત થઈ ગયા હતા. ભાવુક થયેલાં માતા-પિતાએ આંખમાં હરખનાં આંસુઓ સાથે સિવિલ હોસ્પિટલના ડૉક્ટરોનો આભાર માન્યો હતો.



ફુડ પાઈપની ઈસોફેજીયલ એટ્રીસીયા નામની જન્મજાત ખામી થી પીડાતા મહારાષ્ટ્ર ના 15 મહિના ના હિમાંક્ષ ને સિવિલ ના ડોક્ટરો એ દુર્લભ સર્જરી થી આપી નવી જીંદગી. હિમાંક્ષ ને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય પર ગળા માં કાણું કર્યું જ્યાં થી સલીવા બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય. ઈસોફેજીયલ એટ્રેશિયા એ 4000 બાળકોમાં એકમાં જોવા મળતી દુર્લભ જન્મજાત ખામી છે તેમ ડો. રાકેશ જોષીએ જણાવ્યું હતું. આ વિશે વધુ વિગતો આપતા સિવિલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો. રાકેશ જોષી એ જણાવ્યુ હતુ કે , મુંબઈ,મહારાષ્ટ્ર ના રહેવાસી અને વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ એવા ધવલ ઉનડકટ અને અમીબેન ના પુત્ર હિમાંક્ષ ને જન્મ થી અન્નનળી બનેલી જ નહતી એટલે એ સમય તાત્કાલિક ધોરણે ઓપરેશન કરી ગળા માં કાણું કર્યું જ્યાં થી સલીવા બહાર આવે અને હોજરી માં ટ્યૂબ મૂકી જેથી ખાવાનું આપી શકાય જન્મ થી 15 મહિના સુધી હિમાંક્ષ ખાવા માટે આ ટ્યુબ ઉપર જ આધારીત હતો. 15 મહિનાના હિમાંક્ષ ના ચિંતિત માતાપિતા ને આગળની સર્જરી કે જેના દ્વારા હિમાક્ષ પોતાના મોં વાટે ખોરાક લઇ શકે તેના માટે આશરે 8 લાખ રૂપિયા નો ખર્ચો પ્રાઈવેટ હોસ્પિટલો દ્વારા જણાવવા માં આવ્યો હતો પરંતુ તેમના દ્વારા તપાસ કરતા સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે આ પ્રકારના ઘણા દર્દીઓની સફળ સારવાર થઈ હોવાનું માલુમ પડતા તેઓએ હિમાંક્ષ ની આગળની ગેસ્ટ્રીક પુલ અપ સર્જરી પણ સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે જ કરાવવાનું નક્કી કર્યું, તારીખ 29.10.25 ના રોજ ડો. રાકેશ જોશી પ્રોફેસર પીડિયાટ્રિક સર્જરી વિભાગ અને ડો. નમ્રતા શાહ એસોસીએટ પ્રોફેસર એનેસ્થેસિયા વિભાગ દ્વારા 15 મહિના ના હિમાંક્ષ ની સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી સફળતાપુર્વક કરવામાં આવી. ગેસ્ટ્રિક પુલ અપ સર્જરી માં હોજરી ને ખેંચી તેમાંથી અન્નનળી બનાવવામાં આવે છે જેથી બાળક મોઢે થી ખોરાક લઇ શકે છે તેમ ડો. જોષી એ જણાવ્યુ હતુ. સર્જરી બાદ પોસ્ટઓપરેટિવ પીરીયડ કોઈ પણ તકલીફ વગર નો રહેતા બાળકે જીવનમાં પહેલીવાર મોઢા દ્વારા ખાવાનું શરૂ કર્યું હતું. બાળક ની સ્થિતી સામાન્ય અને સંતોષકારક થતા હોસ્પિટલ માંથી રજા આપવામાં આવી છે તેમ ડો. જોષીએ જણાવ્યુ હતુ.

## 4 ડિસેમ્બરની અમદાવાદ–તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિત માર્ગેથી ચાલશે

**www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.**

**અમદાવાદ, તા. 01**

દક્ષિણ રેલ્વેના ચેન્નાઇ એગ્મોર (MS) સ્ટેશને પુનર્વિકાસ કાર્યના બીજા તબક્કા હેઠળ પ્લેટફોર્મ નંબર 7, 8 અને 9 પર ચાલી રહેલા કામને કારણે લાઈન બ્લોક/પાવર બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ ટ્રેન પરિવર્તિત માર્ગેથી ચલાવવામાં આવશે. વિગતો નીચે મુજબ છે:-

4 ડિસેમ્બર 2025ની ટ્રેન નં. 09419 અમદાવાદ-તિરુચિરાપલ્લી સ્પેશિયલ પરિવર્તિત માર્ગ વાયા રેનિગુન્ટા-અરક્કોનમ નોર્થ કેબિન-મેલપક્કમ-કાટપાડી-વેલ્લોર કેન્ટ-વિલ્લુપુરમની રસ્તે ચાલશે. આ દરમિયાન ટ્રેન અરક્કોનમ, પેરમ્બૂર, ચેન્નાઈ એગ્મોર, તામ્બરમ અને ચેંગલપટ્ટુ સ્ટેશનો પર નહીં જાય. માર્ગ પરિવર્તન દરમિયાન આ ટ્રેનને તિરુત્તણી સ્ટેશન પર વધારાનો ઠેરાવ આપવામાં આવ્યો છે. માર્ગ પરિવર્તન દરમિયાન આ ટ્રેનને તિરુત્તણી સ્ટેશન પર વધારાનો ઠેરાવ આપવામાં આવ્યો છે. ટ્રેનોના ઠેરાવ, માર્ગ તથા રચના અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## "સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ" પોરબંદરના મોડદરના ગ્રામજનો માટે આશીર્વાદરૂપ સાબિત થયો



**ગાંધીનગર, તા. 01**

ગુજરાતમાં લોકપ્રિય બનેલો 'સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ' છેવાડાના લોકોના પાયાના પ્રશ્નોનું કાયમી નિરાકરણ લાવી રહ્યો છે. તેનું ઉદાહરણ છે - પોરબંદર જિલ્લાના મોડદર ગામનો કિસ્સો. પોરબંદરના કુતિયાણા પાસે 1200ની વસ્તી ધરાવતું નાનકડું ગામ - મોડદર આજે ખુશ છે. તેનું કારણ છે -સ્વાગત ઓનલાઈન કાર્યક્રમ. વાત વિગતે. મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં પોરબંદરના મોડદર ગામના લખમણભાઈ મોડદરા અન્ય ખેડૂતોએ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ તેમના ગામના રસ્તાનો પ્રશ્ન રજૂ કર્યો.મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને ધ્યાનથી સાંભળ્યા. ગામની રજૂઆત હતી કે તેમને કુતિયાણા પહોંચવા માટે રસ્તો અને બ્રિજ બનાવી આપવામાં આવે. મુખ્યમંત્રી ને લાગ્યું કે, ગ્રામજનોનો પ્રશ્ન વાજબી છે. અને તેનાથી ખેડૂતો, વિદ્યાર્થીઓ અને અન્ય ગ્રામજનોની સુખાકારી વધશે. તેમને તરત જ રૂ. 9 કરોડ મંજૂર કર્યા. રસ્તા અને પુલનું કામ મંજુર કરી તાત્કાલિક ધોરણે કામગીરી કરવા સૂચના આપી હતી. હવે મોડદર અને પસવારી ગામ વચ્ચે માઈનોર બ્રિજ, કલવર્ટ અને ત્રણ કિમી રસ્તાની કામગીરી શરૂ થશે. આ કા. માટે 9 કરોડની સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. મુખ્યમંત્રી સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં ગામના પ્રશ્નનું નિરાકરણ આવતા ગ્રામજનો ભાવવિભોર બન્યા છે. શ્રી લખમણભાઈ કહ્યું : ' અમે મુખ્યમંત્રીને મળીને ગામડે પહોંચ્યા ત્યાં ચોથા જ દિવસે સીએમ કાર્યાલયમાંથી ફોન આવ્યો કે તમારા પ્રશ્નનું નિરાકરણ થઈ ગયું છે.એટલું જ નહીં પરંતુ આ કામગીરી માટે રૂપિયા નવ કરોડની સૈદ્ધાંતિક મંજૂરી પણ આપી દેવામાં આવી છે. અમારા નાના ગામ માટે આ બહુ મોટી વાત છે.' લક્ષ્મણભાઈ કહે છે કે છેલ્લાં અનેક વર્ષોથી ગામ લોકોની એવી લાગણી હતી કે કુતિયાણા જવા માટે રસ્તો અને બ્રિજ બને. હાલ ચારેક ગામ પાસે વટાવીને જવું પડે છે. જેનું અંતર 20 કિમી છે. વળી નદીના સામા કાંઠે ૧૦૦ થી વધુ ખેડૂતોના ખેતરો છે. આ ખેતરો એ પણ ફરી ફરીને જવું પડે છે. ખેડૂતો ટૂંકા રસ્તાનો ઉપયોગ કરતા, પણ જીવ જોખમમાં મૂકીને. લક્ષ્મણભાઈ કહે છે કે, ગ્રામજનો માલ ઢોર સાથે નદીમાં ઉતરી ખેતરે જતા. ક્યારેક તરાપાનો ઉપયોગ કરતા.

## વિશ્વ એઇડ્સ દિવસ પર ઝાલોદમાં જનજાગૃતિ રેલી અને માર્ગદર્શક કાર્યક્રમ સંપન્ન

**ઝાલોદ , તા. 01**

આજે ૧ ડિસેમ્બર વિશ્વ એઇડ્સ દિવસ નિમિત્તે સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ ઝાલોદ ખાતે HIV/એઇડ્સ અંગે લોકોને જાગૃત કરવા માટે વ્યાપક જનજાગૃતિ રેલી તેમજ રંગોળી સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ DTHO શ્રી ડૉ. આર.ડી. પહાડીયા સાહેબ અને હોસ્પિટલના અધિક્ષક ડૉ. પ્રતિમા મહેતા મેડમના માર્ગદર્શન હેઠળ સફળતાપૂર્વક યોજાયો હતો. રેલીને હરિ ઝંડી ઝાલોદ તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. તુષાર ભાભોર સાહેબ દ્વારા આપવામાં આવતી પ્રસ્થાન કરાવવામાં આવ્યું. રેલીને સફળ બનાવવા જ્યોદશામાં નર્સિંગ કોલેજના ટ્રસ્ટી શ્રી મુકેશભાઈ ડામોર, પ્રિન્સિપાલ મેડમ શ્રી પિંકલબેન ડામોર તથા સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થીઓએ સક્રિય સહભાગિતાથી સમગ્ર શહેરમાં જનજાગૃતિનો સંદેશ પ્રસારિત કર્યો. આરોગ્ય વિભાગના સ્ટાફની હાજરીએ કાર્યક્રમને વધુ અસરકારક બનાવ્યો. રેલી ઠક્કર બાપા અધ્યાપન મંદિર ખાતે પૂર્ણ થઈ ત્યારબાદ નર્સિંગ કોલેજ તથા અધ્યાપન મંદિરના હાજર વિદ્યાર્થીઓ માટે માહિતીપ્રદ માર્ગદર્શન સત્ર યોજાયું. STI કાઉન્સેલર શ્રી અનિલ ભુરીયા, ICTC કાઉન્સેલર શ્રી જયેશ મેડા, લેબ ટેકનિકિયન શ્રી પ્રકાશ ડામોર અને એડોલેસન કાઉન્સેલર શ્રી આશાબેન દ્વારા HIV/AIDS ના લક્ષણો, સંક્રમણના માર્ગો તથા બચાવ ઉપાયો અંગે સરળ અને અસરકારક રીતે વિસ્તૃત માહિતી આપવામાં આવી. જાગૃતિવર્ધક રોલ પ્લે, જય દશામાં નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓએ HIV/એઇડ્સ વિશે જાગૃતિ ફેલાવવા માટે રોલ પ્લે રજૂ કર્યું.

### ગણતરી ફોર્મના ડિજિટાઈઝેશનની કામગીરી પ્રગતિમાં 92.39 % ડિજિટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે

# 2025ની મતદાર યાદીમાં રહેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ પૂર્ણ

**ગાંધીનગર, તા. 01**

સમગ્ર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ ઝુંબેશમાં ગણતરીનો તબક્કો 4થી ડિસેમ્બર સુધી ચાલવાનો છે. ભારતના ચૂંટણીપંચના માર્ગદર્શનમાં તથા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી હારીત શુક્લાની આગેવાનીમાં CEO કચેરી(Chief electoral office) ની સમગ્ર ટીમ તમામ જિલ્લાઓના ચૂંટણી અધિકારીશ્રી અને સ્ટાફ સાથે સંકલન સાધીને સમગ્ર પ્રક્રિયાને વેગવાન બનાવવા કાર્યરત છે. 2025ની મતદાર યાદીમાં નોંધાયેલા 5 કરોડથી વધુ મતદારોને ગણતરી ફોર્મનું વિતરણ કરી દેવામાં આવ્યું છે. રાજ્યના 33 જિલ્લાઓ પૈકી મોટાભાગના જિલ્લાઓમાં 100% ફોર્મ વિતરણ સંપન્ન થયું છે. જ્યારે અમુક જિલ્લાઓમાં 100% વિતરણનું લક્ષ્ય હાંસલ થવામાં છે. આ ફોર્મ પૈકી પરત મળેલા ફોર્મને ડિજીટાઈઝેશનની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે. આ કામગીરીમાં 92.39 % ગણતરી ફોર્મના ડિજીટાઈઝેશન સાથે ડાંગ જિલ્લો મોખરે છે. જ્યારે અન્ય જિલ્લાઓમાં પણ કામગીરી પ્રગતિમાં છે. ગણતરી દરમિયાન રાજ્યભરમાં 14.96 લાખથી વધુ અવસાન પામેલ મતદારો મતદાર યાદીમાં સામેલ હતા. જ્યારે 3.45 લાખથી વધુ મતદારો તેમના સરનામે ગેરહાજર જોવા મળ્યા, સાથોસાથ 20 લાખથી વધુ મતદારો કાયમી સ્થળાંતરિત થઈ ચૂક્યા હોવાનું ધ્યાને આવ્યું છે. તદુપરાંત 2.49 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવે છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય. તદુપરાંત 2.49 લાખથી વધુ મતદારો રિપીટેડ હોવાનું ધ્યાનમાં આવ્યું છે. મતદારોની ગણતરીની સમગ્ર કામગીરીને સુપેરે પૂરી કરવામાં કાર્યરત ગુજરાતના તમામ BLOને CEO કચેરી દ્વારા બિરદાવવામાં આવે છે. સાથોસાથ BLOને કોઈપણ તકલીફ હોય તો સ્થાનિક કચેરીનો સંપર્ક કરવા જણાવાયું છે. મતદારયાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ "પાત્રતા ધરાવતો મતદાર રહી ન જાય, પાત્રતા ન ધરાવતા મતદાર સામેલ ન થાય.

**ડિજિટાઈઝેશનમાં ટોપ-10 જિલ્લાઓની યાદી:**

| ક્રમ | જિલ્લો | ટકાવારી |
|---|---|---|
| 1 | ડાંગ | 92.39 |
| 2 | ગીર સોમનાથ | 87.71 |
| 3 | બનાસકાંઠા | 87.62 |
| 4 | સાબરકાંઠા | 87.48 |
| 5 | મહીસાગર | 86.29 |
| 6 | મોરબી | 86.06 |
| 7 | છોટા ઉદેપુર | 85.83 |
| 8 | પંચમહાલ | 85.77 |
| 9 | પાટણ | 85.46 |
| 10 | જૂનાગઢ | 85.22 |

## સરદાર પટેલના ક્રાંતિકારી નિર્ણયો અને સુઆયોજિત નગર નિયોજનનું સાક્ષી અમદાવાદ શહેર

# સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન અને કોર્પોરેશનના સુધારક તરીકે વહીવટી સુધારણા, જાહેર આરોગ્ય, ટાઉન પ્લાનિંગ સહિતની કામગીરી થકી સરદાર પટેલ સુશાસનના આદર્શ બન્યા

### અમદાવાદના જાહેર જીવનમાં સરદાર પટેલના નેતૃત્વની નિર્ણાયક ક્ષણ ૯ ફેબ્રુઆરી, ૧૯૨૪ના રોજ આવી. ઈતિહાસની તવારીખમાં આ તારીખનું વિશેષ મહત્ત્વ છે,


**ગાંધીનગર, તા. 01**

રાજ્યભરમાં રાષ્ટ્રીય એકતાના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જયંતીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. લોહપુરુષ સરદાર પટેલને શ્રદ્ધાંજલિ આપવા માટે રાજ્યભરમાં 'યુનિટી માર્ચ' સહિતના અનેક પ્રેરણાદાયી કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે. આ ઉજવણી માત્ર સરદારના દેશ માટેના અદ્વિતીય યોગદાનને યાદ કરવા પૂરતી સીમિત નથી, પરંતુ તેમના આદર્શોને વર્તમાન પેઢી માટે પ્રેરણાસ્રોત બનાવવાનો પણ એક અવસર છે. આઝાદી પૂર્વેના ભારતમાં, જ્યાં સરદાર પટેલની ઓળખ ખેડૂતોના મસીહા, બારડોલી સત્યાગ્રહના આગેવાન અને દેશી રજવાડાઓના વિલીનીકરણના મહાનાયક તરીકે પ્રસ્થાપિત થઈ, ત્યાં તેમના જાહેર જીવનનો પાયો ગુજરાતના આર્થિક - સાંસ્કૃતિક પાટનગર અમદાવાદમાં નંખાયો હતો. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમનો કાર્યકાળ આજના સ્વચ્છ, સુનિયોજિત અને સુશાસિત નગરતંત્ર માટે એક માર્ગદર્શક દીવાદાંડી સમાન છે. તેમણે અહીંથી જ પ્રશાસકીય નેતૃત્વના પાઠ શીખ્યા અને એક કુશળ વહીવટકર્તા તરીકેની પોતાની છાપ છોડી, જેનો વારસો આજે પણ જીવંત છે. સરદાર વલ્લભભાઈ પટેલના અમદાવાદ સાથેના રાજકીય સંસ્મરણો

**પ્રમુખ પદ અને લોક-કેન્દ્રી વહીવટની શરૂઆત**

અમદાવાદના જાહેર જીવનમાં સરદાર પટેલના નેતૃત્વની નિર્ણાયક ક્ષણ ૯ ફેબ્રુઆરી, ૧૯૨૪ના રોજ આવી. ઈતિહાસની તવારીખમાં આ તારીખનું વિશેષ મહત્ત્વ છે, કારણ કે આ દિવસે અમદાવાદ મ્યુનિસિપાલિટીના નવા ચૂંટાયેલા બોર્ડની સૌપ્રથમ બેઠકમાં સરદાર વલ્લભભાઈ પટેલ ૫૩ વિરુદ્ધ બે મતની જંગી બહુમતીથી મ્યુનિસિપલ પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. આ ચૂંટણી બે વર્ષ બાદ યોજાઈ હતી, કારણ કે ૯ ફેબ્રુઆરી ૧૯૨૨ના રોજ મ્યુનિસિપાલિટીને સસ્પેન્ડ કરવામાં આવી હતી. ૩૦ જાન્યુઆરી ૧૯૨૪ના રોજ યોજાયેલી ચૂંટણીમાં ૪૮ પ્રજાનિયુક્ત સભ્યો ચૂંટવા માટે સ્પર્ધા હતી. અગાઉ ત્રણ-ત્રણ વખત દરિયાપુર વોર્ડથી ચૂંટાનારા સરદારે આ વખતે ખાડિયા વોર્ડમાંથી ઉમેદવારી નોંધાવી હતી અને તેઓ બિનહરીફ ચૂંટાયા હતા. પ્રમુખ બન્યા બાદ સરદારે વહીવટી પ્રણાલીમાં મૂળભૂત પરિવર્તન લાવીને આ પદની ગરિમા અને ગૌરવમાં વધારો કર્યો. વર્ષોથી અંગ્રેજીમાં ચાલતો વહીવટ તેમણે સામાન્ય પ્રજા માટે સરળતાથી સમજાય તે રીતે ગુજરાતી ભાષામાં શરૂ કરાવ્યો હતો.

**પ્રજાની મ્યુનિસિપાલિટી અને સુનિયોજિત વિકાસ**



સરદારના આગમન પહેલાં, મ્યુનિસિપાલિટીમાં સામાન્ય પ્રજાજનોનો પ્રવેશ લગભગ અશક્ય ગણાતો હતો, પરંતુ સરદાર પટેલના કાર્યકાળમાં આ પરિસ્થિતિ બદલાઈ. સામાન્ય નાગરિક કોઈ પણ ખચકાટ વિના પોતાની નાનકડી સમસ્યા સાથે પણ સરદારને મળી શકતો, જ્યાં સરદાર તેમને શાંતિથી સાંભળતા અને તેમની સમસ્યાનું નિરાકરણ લાવતા. આમ ખરા અર્થમાં મ્યુનિસિપાલિટી 'પ્રજાની મ્યુનિસિપાલિટી' બની. સરદાર પટેલે મ્યુનિસિપલ કર્મચારીઓની કાર્યક્ષમતામાં વધારો કરવા સાથે વહીવટી પ્રક્રિયાઓને ઝડપી અને પારદર્શક બનાવી. અમદાવાદનો વિકાસ કરવા માટે સરદાર પટેલે વિવિધ યોજનાઓનો મક્કમતાપૂર્વક અમલ કરાવ્યો હતો. અમદાવાદને એક આધુનિક શહેર બનાવવા માટે ટાઉન પ્લાનિંગ (ટીપી) સ્કીમ લાગુ કરાવવામાં પણ તેમની ભૂમિકા નિર્ણાયક રહી હતી. તેમના માર્ગદર્શનમાં કોટની ચાર દીવાલમાં વસતા અમદાવાદનો વિકાસ કરવા માટે એલિસબ્રિજ અને મણિનગરની ટાઉન પ્લાનિંગ સ્કીમ રજૂ કરવામાં આવી હતી. સરદાર પટેલે કોર્પોરેશન હેઠળની શાળાઓમાં પ્રાથમિક શિક્ષણનો વ્યાપ વધાર્યો અને ગુણવત્તા સુધારવા પર ભાર મૂક્યો હતો. આ ઉપરાંત, શહેરમાં ગીચ વસવાટને કારણે ફેલાતા રોગચાળાને ડામવા માટે સરદારના નેતૃત્વમાં ૨૨૨ દિવસ સુધી યુદ્ધના ધોરણે સાફસફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. આ ઝુંબેશની પ્રશંસા ખુદ મહાત્મા ગાંધીએ પણ કરી હતી.

**ક્રાંતિકારી પહેલ અને આપત્તિ વ્યવસ્થાપનનો વારસો**

મ્યુનિસિપલ પ્રમુખ તરીકે સરદાર પટેલે કેટલીક ક્રાંતિકારી પહેલ પણ કરી હતી. તેમણે વર્ષોથી રિપન હોલ તરીકે ઓળખાતા સભાખંડનું નવસંસ્કરણ કરીને તેને ગાંધી હોલ નામ આપ્યું.૨૪ ઓગસ્ટ ૧૯૨૪ના રોજ, તેમણે ગાંધીજીનું સૌપ્રથમ નાગરિક સન્માન કરવાનું માન અમદાવાદ મ્યુનિસિપાલિટીને અપાવ્યું. એટલું જ નહીં, ગુજરાતની સૌપ્રથમ અને ભારતની બીજી કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટી અમદાવાદના કોચરબ જેવા પરાં વિસ્તારમાં સાકાર થઈ. સરદારના સૂચનથી, તેના નિર્માણમાં પ્રીતમરાય દેસાઈના પ્રયાસોને સન્માન આપવા માટે ધી બ્રહ્મક્ષત્રિય કો ઓ હાઉસિંગ સોસાયટીનું નામ પ્રીતમનગર રાખવામાં આવ્યું. આ જ પ્રીતમનગરની પ્રેરણાથી ખેડા જિલ્લામાં દૂધ ઉત્પાદકોએ નાના પાયા પર દૂધ ઉત્પાદક મંડળી રચી, જે આગળ જતાં વિશ્વવિખ્યાત સહકારી સંસ્થા અમૂલ તરીકે પ્રસિદ્ધિ પામી. સરદાર પટેલની વહીવટી ક્ષમતાનો અનુભવ જુલાઈ ૧૯૨૭માં પણ થયો, જ્યારે સમગ્ર ગુજરાતમાં અતિવૃષ્ટિને કારણે વ્યાપક તારાજી થઈ હતી. સરદાર એ સમયે અમદાવાદ મ્યુનિસિપાલિટીના પ્રમુખ હોવાની સાથે સાથે ગુજરાત પ્રાંતિક સમિતિના પણ પ્રમુખ હતા. તેમણે અને તેમના સાથીઓએ સેવાભાવનાથી જે રીતે ડિઝાસ્ટર મેનેજમેન્ટ કર્યું, તેનો અનુભવ સ્વતંત્રતા પૂર્વે સમગ્ર દેશવાસીઓને થયો હતો. આમ, સરદાર વલ્લભભાઈ પટેલનો અમદાવાદ મ્યુનિસિપાલિટીનો કાર્યકાળ માત્ર એક ઈતિહાસ નથી, પરંતુ સુશાસનનું એક ઉત્તમ ઉદાહરણ છે. તેમણે વકીલાતના વૈભવી જીવનનો ત્યાગ કરીને સામાન્ય નાગરિકોના હિત માટે જે પ્રતિબદ્ધતા દર્શાવી, તે પ્રેરણારૂપ છે. ટાઉન પ્લાનિંગ સ્કીમ્સ દ્વારા શહેરના ભવિષ્યને સુરક્ષિત કરવાનો તેમનો દૃષ્ટિકોણ તથા ૧૯૨૭ના પૂર જેવી આફતોમાં તેમનું અડીખમ નેતૃત્વ સહિતના તમામ સંસ્મરણો અમદાવાદના વિકાસની ગાથામાં સુવર્ણ અક્ષરે લખાયેલા છે. સરદારની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે, આપણે તેમના આ વારસાને યાદ કરીએ અને સમજાવટ, એકતા અને કર્મઠતાના આદર્શોને આપણા જાહેર જીવનમાં અપનાવીએ - એ જ સાચી શ્રદ્ધાંજલિ ગણાશે.



## ‘હું માત્ર વન ડે જ રમીશ’

# કોહલી કહ્યું- હું ગેમનો આનંદ માણવા ઇચ્છતો હતો, વર્લ્ડ કપના સવાલ પર કોચે કહ્યું- આવા સવાલની જરૂર શું છે?

**મુંબઈ, તા. 01**

રાંચીમાં રમાયેલી પ્રથમ વનડેમાં ભારતે સાઉથ આફ્રિકાને 17 રનથી હરાવીને સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી. આ મેચમાં વિરાટ કોહલીએ 135 રનની શાનદાર ઈનિંગ રમીને ટીમને જીત અપાવી. મેચ પછી કોહલીએ સ્પષ્ટ કહ્યું કે હવે તેમનું સંપૂર્ણ ધ્યાન માત્ર વનડે ક્રિકેટ પર છે. તે પહેલાથી જ ટી-20 અને ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યો છે. તાજેતરની ટેસ્ટ સિરીઝમાં ભારતની 0-2થી હાર પછી તેની ટેસ્ટ ટીમમાં વાપસીના અનુમાન લગાવવામાં આવી રહ્યા હતા, પરંતુ રાંચીમાં શાનદાર પ્રદર્શન પછી કોહલીએ આ ચર્ચાઓનો અંત લાવી દીધો.

કોહલીને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. તેના નિવેદન પછી જ્યારે તેના વર્લ્ડ કપ રમવા અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા, ત્યારે ટીમના બેટિંગ કોચ સિતાંશુ કોટકે કહ્યું - જ્યારે તે આટલા સારા ફોર્મમાં છે, તો આવા પ્રશ્નો પૂછવાની જરૂર જ શું છે? હું માનસિક રીતે મજબૂત- કોહલી મેચ પછી વિરાટ કોહલીએ કહ્યું કે તેની તૈયારી સંપૂર્ણપણે માનસિક હોય છે. તેણે જણાવ્યું કે જ્યાં સુધી શરીરની સ્થિતિ બરાબર રહે છે અને તે માનસિક રીતે શાર્પ અનુભવે છે, ત્યાં સુધી તેને પોતાના પર વિશ્વાસ છે. કોહલીએ કહ્યું કે તે મેચ પહેલા એક દિવસનો બ્રેક લે છે, કારણ કે હવે 37 વર્ષની ઉંમરે રિકવરી માટે સમયની પણ જરૂર હોય છે. તેણે કહ્યું- મને ખબર છે ક્યારે આરામ કરવો છે અને ક્યારે રમવું છે. તે 300થી વધુ વનડે રમી ચૂક્યો છે. કોહલીના મતે, જો તમે ગેમના ટચમાં છો અને નેટ્સ પર એક-બે કલાક બેટિંગ કરી શકો છો, તો તમે જાણો છો કે તમે યોગ્ય સ્થિતિમાં છો. વિરાટના ભવિષ્ય પર સવાલ કરવાની જરૂર નથી- બેટિંગ કોચ ટીમ ઈન્ડિયાના બેટિંગ કોચ સિતાંશુ કોટકે કહ્યું- વિરાટ કોહલીની ફિટનેસ અને ફોર્મ જોઈને તેમના ભવિષ્ય પર સવાલ ઉઠાવવાનું કોઈ કારણ નથી.

વર્લ્ડ કપ 2027માં કોહલીના રમવા અંગે જ્યારે સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે કોટકે કહ્યું, મને સમજાતું નથી કે આના પર ચર્ચા કરવાની જરૂર કેમ છે. તે ખૂબ સારી બેટિંગ કરી રહ્યો છે. મને નથી લાગતું કે આપણે તેના ભવિષ્ય પર વાત કરવાની જરૂર છે. તે જે રીતે રમી રહ્યો છે અને જે રીતે પોતાની ફિટનેસ જાળવી રાખે છે, તેમાં કોઈ પણ પ્રકારનો સવાલ ઊભો થઈ જ ન શકે. કોટકે એમ પણ કહ્યું કે ટીમ મેનેજમેન્ટ ભવિષ્યની ચર્ચામાં નથી ફસાઈ રહ્યું અને હાલમાં વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેના મતે રોહિત અને વિરાટ બંને ટીમના મહત્ત્વના ખેલાડીઓ છે અને મેદાન પર અનુભવ શેર કરીને યુવા ખેલાડીઓને સતત માર્ગદર્શન આપી રહ્યા છે. BCCI અધ્યક્ષે પણ વિરાટ-રોહિતની પ્રશંસા કરી BCCI અધ્યક્ષ મિથુન મન્હાસે રાંચીમાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ વનડેમાં ભારતની 17 રનની રોમાંચક જીતની પ્રશંસા કરી. વર્લ્ડ કપ 2027માં કોહલીના રમવા અંગે જ્યારે સવાલ પૂછવામાં આવ્યો, ત્યારે કોટકે કહ્યું, મને સમજાતું નથી કે આના પર ચર્ચા કરવાની જરૂર કેમ છે. તે ખૂબ સારી બેટિંગ કરી રહ્યો છે. મને નથી લાગતું કે આપણે તેના ભવિષ્ય પર વાત કરવાની જરૂર છે. તે જે રીતે રમી રહ્યો છે અને જે રીતે પોતાની ફિટનેસ જાળવી રાખે છે, તેમાં કોઈ પણ પ્રકારનો સવાલ ઊભો થઈ જ ન શકે. કોટકે એમ પણ કહ્યું કે ટીમ મેનેજમેન્ટ ભવિષ્યની ચર્ચામાં નથી ફસાઈ રહ્યું અને હાલમાં વર્તમાન પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. તેના મતે રોહિત અને વિરાટ બંને ટીમના મહત્ત્વના ખેલાડીઓ છે અને મેદાન પર અનુભવ શેર કરીને યુવા ખેલાડીઓને સતત માર્ગદર્શન આપી રહ્યા છે. BCCI અધ્યક્ષે પણ વિરાટ-રોહિતની પ્રશંસા કરી BCCI અધ્યક્ષ મિથુન મન્હાસે રાંચીમાં દક્ષિણ આફ્રિકા સામેની પ્રથમ વનડેમાં ભારતની 17 રનની રોમાંચક જીતની પ્રશંસા કરી. તેમણે વિરાટ કોહલીની ઈનિંગ્સ સાથે રોહિત શર્મા, કેએલ રાહુલ અને કુલદીપ યાદવના પ્રદર્શનની પણ પ્રશંસા કરી. મન્હાસે X પર લખ્યું કે વિરાટની શાનદાર બેટિંગ અને રોહિત-રાહુલનો મજબૂત સહયોગ ટીમને સારી સ્થિતિમાં લઈ ગયો. કુલદીપ અને હર્ષિત રાણાના મહત્વપૂર્ણ યોગદાનથી ભારતે સિરીઝમાં 1-0ની લીડ મેળવી. ભારત સિરીઝમાં 1-0થી આગળ ભારતે સાઉથ આફ્રિકાને 17 રનથી હરાવીને ત્રણ મેચની સિરીઝમાં 1-0ની લીડ મેળવી લીધી. વિરાટ કોહલીની 135 રનની સદીની ઈનિંગ્સ બાદ ફાસ્ટ બોલર કુલદીપ યાદવની ચાર અને હર્ષિત રાણાની ત્રણ વિકેટે ભારતની જીત સુનિશ્ચિત કરી દીધી. કોહલીએ 120 બોલમાં 11 ચોગ્ગા અને 7 છગ્ગા ફટકાર્યા. રોહિત શર્મા સાથે બીજી વિકેટ માટે 136 રનની ભાગીદારીએ ટીમને મજબૂત શરૂઆત આપી. JSCA સ્ટેડિયમની બેટિંગ-ફ્રેન્ડલી પિચ પર ભારતે 8 વિકેટે 349 રન બનાવ્યા. કાર્યકારી કેપ્ટન કેએલ રાહુલે 56 બોલમાં 60 રન જોડ્યા, જ્યારે રવીન્દ્ર જાડેજાએ છેલ્લા ઓવરોમાં 20 બોલમાં 32 રન બનાવીને સ્કોરને મજબૂત કરવામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું.

# 'દોસ્ત, કોઈ બીજી જર્સી તારા પર નહીં શોભે' : આન્દ્રે રસેલે IPLમાંથી નિવૃત્તિ લીધી



**મુંબઈ, તા. 01**

શાહરુખ ખાનની IPL (ઈન્ડિયન પ્રીમિયર લીગ)ની ટીમ KKR (કોલકાતા નાઈટ રાઈડર્સ)ના ખેલાડી આન્દ્રે રસેલે IPLમાંથી નિવૃત્તિની જાહેરાત કરી દીધી છે. તે છેલ્લા 11 વર્ષથી શાહરુખ ખાનની ટીમ માટે રમી રહ્યો હતો, પરંતુ હવે તે KKRના સ્પોર્ટ સ્ટાફ તરીકે કામ કરશે. તેની નિવૃત્તિની જાહેરાત પછી શાહરુખ ખાને ભાવુક અંદાજમાં તેને વિદાય આપી છે. આન્દ્રે રસેલની નિવૃત્તિની જાહેરાતની પોસ્ટના રિ-પોસ્ટ કરી શાહરુખ ખાને ઓફિશિયલ X એકાઉન્ટ પરથી લખ્યું-આગળ શાહરુખ લખે છે, ''પાવર કોચ', જે અમારા પર્પલ અને ગોલ્ડ જર્સીવાળા પ્લેયર્સને બુદ્ધિમત્તા, દમખમ અને સ્વાભાવિક રીતે, તેમની પાવર સોંપી રહ્યા છે અને હા, મિત્ર, તમારા પર બીજી કોઈ જર્સી ખરેખર વિચિત્ર જ લાગશે. મસલ રસેલ ફોરેવર. ટીમ વતી અને આ રમતને પ્રેમ કરતા તમામ લોકો વતી, તમને ખૂબ ખૂબ પ્રેમ.' આન્દ્રે રસેલે IPL કારકિર્દીની શરૂઆત દિલ્હી ટીમથી કરી હતી, બે વર્ષ તે ટીમનો ભાગ રહ્યો પછી 2014માં તે શાહરુખ ખાનની ટીમ કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે જોડાયો. ગઈ IPL સિઝનમાં આન્દ્રે રસેલને કોલકાતા નાઈટ રાઈડર્સે 12 કરોડ રૂપિયામાં રિટેન કર્યો હતો, જોકે 2025માં ખરાબ પ્રદર્શનને કારણે તેને રિલીઝ કરવામાં આવ્યો હતો. આન્દ્રે રસેલે IPLમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરતા રવિવારે લખ્યું હતું કે, 'IPLમાંથી સંન્યાસ લઈ રહ્યો છું, પણ સ્વૅગ નથી છોડી રહ્યો. IPL કારકિર્દી શાનદાર રહી, 12 સિઝનની યાદો, અને KKR પરિવાર તરફથી મળેલ ખૂબ પ્રેમ. હું દુનિયાની અન્ય ક્રિકેટ લીગમાં છગ્ગા મારતો રહીશ અને વિકેટ લેતો રહીશ.' રસેલે આગળ લખ્યું, અને સૌથી સારી વાત શું છે? કે હું ઘર છોડી રહ્યો નથી. તમે મને એક નવા રોલમાં જોશો, KKRના સપોર્ટ સ્ટાફમાં 2026ના પાવર કોચ તરીકે. નવો અધ્યાય, નવી ઊર્જા. હંમેશા નાઈટ માટે.

### હાફ ટાઈમ પહેલાં, વધારાના સમય (45+1 મિનિટ)માં મળેલી પેનલ્ટી પર દલાલમુઆન ગંગટેએ ગોલ કરીને સ્કોર 1-1 કરી દીધો

# ભારત U17 ફૂટબોલ ટીમે ઈરાનને 2-1થી હરાવ્યું

## એશિયન કપ 2026 માટે ક્વોલિફાય કર્યું; 10મી વખત ટુર્નામેન્ટમાં ભાગ લેશે

**મુંબઈ, તા. 01**

ભારતે અમદાવાદના EKA એરેનામાં ઈરાનને 2-1થી હરાવીને ગ્રુપ Dની અંતિમ મેચમાં શાનદાર જીત નોંધાવી અને AFC U17 એશિયન કપ 2026 માટે ક્વોલિફાય કર્યું. આ જીત સાથે ભારતે ટુર્નામેન્ટમાં પોતાની 10મી ઉપસ્થિતિ સુનિશ્ચિત કરી લીધી છે. ઈરાનને ક્વોલિફાય કરવા માટે ડ્રોની જરૂર હતી મેચ પહેલા ઈરાન મજબૂત દાવેદાર માનવામાં આવતું હતું. તેની પાસે સાત પોઈન્ટ હતા અને તેને માત્ર એક ડ્રોની જરૂર હતી. બીજી તરફ, ભારત પાસે ચાર પોઈન્ટ હતા અને તેને ગ્રુપમાંથી બહાર નીકળવા માટે કોઈપણ ભોગે જીત જોઈતી હતી. હાફ ટાઈમમાં સ્કોર 1-1 19મી મિનિટે ઈરાનના અમીરેઝા વેલીપુરે ગોલ કરીને ભારતની મુશ્કેલીઓ વધારી દીધી. પરંતુ ભારતીય ટીમે દબાણમાં પણ હાર ન માની. હાફ ટાઈમ પહેલાં, વધારાના સમય (45+1 મિનિટ)માં મળેલી પેનલ્ટી પર દલાલમુઆન ગંગટેએ ગોલ કરીને સ્કોર 1-1 કરી દીધો. બીજા હાફમાં ભારતનો આક્રમક ખેલ બીજા હાફની શરૂઆતથી જ ભારતે ઝડપી અને આક્રમક ગેમ રમી 52મી મિનિટે ઈરાનના ડિફેન્ડરની ભૂલનો ફાયદો ઉઠાવતા ગુનલેબા વાંગખેરાકપમે શાનદાર ગોલ કરીને ભારતને 2-1ની લીડ અપાવી. આ પછી ઈરાને બરાબરી કરવા માટે પૂરી તાકાત લગાવી દીધી. ફ્રી-કિક, ક્રોસ અને સતત એટેકથી ગોલ કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ ગોલકીપર રાજરૂપ સરકાર અને ડિફેન્સ પ્લેયર્સ મજબૂત દીવાલ બનીને ઊભા રહ્યા. સરકારે ઘણા મહત્વના સેવ કરીને ટીમની લીડ જાળવી રાખી. અંતિમ મિનિટોમાં ઈરાને દબાણ વધાર્યું અંતિમ મિનિટોમાં ઈરાને દબાણ વધુ વધાર્યું, પરંતુ ભારતીય ખેલાડીઓ સંયમિત રહ્યા અને સમજદારીપૂર્વક રમતા રહ્યા. આખરે, જ્યારે અંતિમ સીટી વાગી, ભારતની ઐતિહાસિક જીત પાકી થઈ ચૂકી હતી. આ જીત હિંમત, વિશ્વાસ અને શાનદાર ટીમવર્કનું ઉત્તમ ઉદાહરણ બની ગઈ.





# જયા બચ્ચન નથી ઈચ્છતાં કે દોહિત્રી નવ્યા સાસરે જાય!

**મુંબઈ, તા. 01**

એક્ટ્રેસ અને રાજ્યસભા સાંસદ જયા બચ્ચને તાજેતરમાં લગ્નના કોન્સેપ્ટને જૂનો ગણાવ્યો છે. જયાએ એમ પણ કહ્યું કે- તે ઈચ્છે છે કે તેમની દોહિત્રી નવ્યા નવેલી નંદા લગ્ન ન કરે.

'વી ધ વુમન' ઈવેન્ટમાં બરખા દત્તને આપેલા ઈન્ટરવ્યૂમાં જ્યારે જયાને સવાલ પૂછવામાં આવ્યો કે- જો નવ્યા લગ્ન પછી પોતાનું કરિયર છોડી દે તો શું તેમને મંજૂર હશે, તો એક્ટ્રેસે કહ્યું કે- હું નથી ઈચ્છતી કે નવ્યા લગ્ન કરે. તે જ સમયે, જ્યારે ઈન્ટરવ્યૂમાં પૂછવામાં આવ્યું કે- શું તેઓ લગ્નનો વિચાર જૂના જમાનાનો સમજે છે, તો તેમણે હા માં જવાબ આપ્યો. ઉપરાંત, જયાએ કહ્યું- 'તમે જાણો છો, હું હવે દાદી છું. નવ્યા થોડા દિવસોમાં 28 વર્ષની થવાની છે. મને લાગે છે કે, હવે હું એટલી વૃદ્ધ થઈ ગઈ છું કે આજની છોકરીઓને એ જણાવું કે બાળકોનો ઉછેર કેવી રીતે કરવો જોઈએ. સમય ઘણો બદલાઈ ગયો છે. આજકાલના નાના બાળકો એટલા સમજદાર છે, તેઓ એટલા સ્માર્ટ છે કે તમને પણ પાછળ છોડી દેશે.' જયા બચ્ચને લગ્નની સરખામણી દિલ્હીના લાડુ સાથે કરતા કહ્યું- 'જે ખાય તે પસ્તાય, જે ન ખાય તે પણ પસ્તાય." તેમણે હસતાં હસતાં કહ્યું- "બસ જિંદગીની મજા લો." ઈન્ટરવ્યૂમાં જયા બચ્ચને પાપારાઝી પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું કે- તેમનો સાચો સંબંધ મીડિયા સાથે છે, પરંતુ પાપારાઝી સાથે નથી. જયા બચ્ચનને પૂછ્યું હતું કે, 'અખબાર કે મીડિયા સાથે તમારો સાચો સંબંધ શું છે?' તેના જવાબમાં જયા બચ્ચને કહ્યું, 'મીડિયા સાથે મારો ખૂબ સારો સંબંધ છે. એ પણ સાચી વાત છે કે, હું પોતે મીડિયાની પ્રોડક્ટ (મીડિયાના કારણે અહીં છું) છું, પરંતુ મારો પાપારાઝી સાથે કોઈ સંબંધ નથી, તે શૂન્ય છે. આ લોકો કોણ છે? શું આ લોકો દેશનું પ્રતિનિધિત્વ કરે છે? તમે તેમને મીડિયા કહો છો?'

'મને સાચા પત્રકારો માટે ખૂબ સન્માન છે' જયા બચ્ચને આગળ કહ્યું, 'હું તો પોતે મીડિયામાંથી છું. મારા પિતા પત્રકાર હતા. મને સાચા પત્રકારો માટે ખૂબ સન્માન છે, પરંતુ જે લોકો બહાર કેમેરા લઈને ફરે છે, ગંદા અને ટાઈટ કપડાં પહેરીને, મોબાઈલ ફોન હાથમાં લઈને કોઈની પણ તસવીર ખેંચી લે છે, તેઓ મીડિયા નથી. તેમને લાગે છે કે મોબાઈલ ફોન હોવાથી તેઓ કંઈ પણ બોલી શકે છે. આ લોકો કોણ છે? તેમનો અભ્યાસ શું છે, બેકગ્રાઉન્ડ શું છે?'



# સામંથા રૂથ પ્રભુએ છાનામાના બીજા લગ્ન કરી લીધા

## 'ફેમિલી મેન'ના ડિરેક્ટર રાજને બનાવ્યો જીવનસાથી, મંદિરમાં 30 મહેમાનોની સાક્ષીમાં લીધા સાતફેરા

**મુંબઈ, તા. 01**

સાઉથની ફિલ્મોથી લઈને હિન્દી ફિલ્મો અને વેબ સિરીઝ સુધીની સફર ખેડનારી એક્ટ્રેસ સામંથા રૂથ પ્રભુના જીવનમાં ફરી એકવાર ખુશીઓએ દસ્તક આપી છે. 1 ડિસેમ્બર 2025ના રોજ, એક્ટ્રેસે તેના બોયફ્રેન્ડ અને ફેમસ વેબ સિરીઝ 'ધ ફેમિલી મેન'ના ડિરેક્ટર રાજ નિદિમોરુ સાથે છાનામાના બીજા લગ્ન કરી લીધા છે. આ કપલે કોઈમ્બતુરના ઈશા યોગ કેન્દ્રના 'લિંગ ભૈરવી' મંદિરમાં પ્રાચીન યોગિક પરંપરા મુજબ લગ્ન કર્યા હતા. આ લગ્નમાં કુલ 30 મહેમાનો હાજર રહ્યા હતા. સમંથાએ લગ્નમાં લાલ સાડી પહેરી હતી, તો બીજી તરફ રાજ સિમ્પલ કપડાંમાં જોવા મળ્યો. આ કપલે ઈશા યોગ સેન્ટરની અંદર 'લિંગ ભૈરવી' મંદિરમાં લગ્ન કર્યા હોવાનું કહેવાય છે. લગ્ન સોમવારે સવારે થયા હતા અને રવિવારે મોડી રાત્રે લગ્નના સમાચાર ફરવા લાગ્યા હતા. સામંથા-રાજના લગ્ન પ્રાચીન યોગિક પરંપરા મુજબ યોજાયા હતા સામંથા અને રાજના ઘનિષ્ઠ લગ્ન હતા, જેમાં ફક્ત પરિવાર અને નજીકના મિત્રો જ હાજર રહ્યા હતા. ઓશોના ઈશા ફાઉન્ડેશનના લિંગ ભૈરવી મંદિરમાં આ દંપતીએ પ્રાચીન યોગિક પરંપરા મુજબ ભૂત શુદ્ધિ લગ્ન કર્યા હતા. આ એક ખાસ પ્રક્રિયા છે જે લગ્ન કરનારા બે લોકો વચ્ચે એક ઊંડો બંધન બનાવે છે, જે ફક્ત વિચારો, લાગણીઓ અથવા શારીરિકતાથી આગળ વધે છે, પરંતુ તેમને શરીરના પાંચ તત્વોના સ્તરે જોડે છે.

# સ્વરા ભાસ્કરના પરિવાર પર મોટી મુશ્કેલી આવી પડી

## એક્ટ્રેસના સસરાને બ્રેઈન હેમરેજ થયું, આજે સવારે સર્જરી કરાઈ; ચાહકોને પ્રાર્થના કરવા અપીલ કરી

**મુંબઈ, તા. 01**

એક્ટ્રેસ સ્વરા ભાસ્કરના સસરાને શનિવારે બ્રેઈન હેમરેજ થયું છે. ત્યારબાદ આજે (રવિવારે) સવારે તેમની સર્જરી થઈ. એક્ટ્રેસે જણાવ્યું કે, તે અને તેનો પતિ ફહાદ અહેમદ આ સમયે પરિવાર સાથે છે. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર એક નોટ શેર કરીને લખ્યું, 'ફહાદના પિતા અને મારા સસરાને ગઈકાલે રાત્રે બ્રેઈન હેમરેજ થયું અને આજે સવારે ઓપરેશન થયું. અમે આ સમયે પરિવારની આ સ્થિતિમાં વ્યસ્ત છીએ અને કેટલાક દિવસો સુધી ઉપલબ્ધ નહીં



રહીએ. કૃપા કરીને અંકલ માટે દુઆ કરજો.' સ્વરા ભાસ્કર અને રાજકારણી ફહાદ અહેમદે માર્ચ 2023માં લગ્ન કર્યાં હતાં. સપ્ટેમ્બર 2023માં તેમના ઘરે દીકરીનો જન્મ થયો, જેનું નામ તેમણે રાબિયા રાખ્યું છે. તાજેતરમાં સ્વરા અને ફહાદ રિયાલિટી શો 'પતિ પત્ની ઔર પંગા'માં સાથે જોવા મળ્યા હતા. આ શો કપલ્સ પર આધારિત હતો. આ શોની પહેલી સીઝન રૂબીના દિલેક અને અભિનવ શુક્લાએ જીતી હતી. એક્ટ્રેસે ઈન્સ્ટાગ્રામ પર શોના પોતાના અનુભવ વિશે લખ્યું હતું, 'પતિ પત્ની ઔર પંગા મારા માટે પ્રેગ્નન્સી અને ડિલિવરીના લગભગ 2.5 વર્ષ પછી કેમેરા પર વાપસી હતી. સાચું કહું તો, મેં આ શો એટલા માટે પસંદ કર્યો કારણ કે તેનું શૂટ શેડ્યૂલ સરળ હતું અને તેનાથી મને ફરીથી કામ શરૂ કરવામાં સરળતા રહેતી. હું શોમાં કોઈ અપેક્ષા વગર અને થોડા શંકા સાથે ગઈ હતી. મને બાકીના સ્પર્ધકો વિશે કંઈ ખબર નહોતી, પરંતુ આ અનુભવ અપેક્ષા કરતાં ઘણો સારો અને મનોરંજક સાબિત થયો.'

# PAN-આધાર લિંક કરવાની ડેડલાઇન આ મહિને પૂર્ણ થશે

## લોન સસ્તી થઈ શકે છે, કોમર્શિયલ સિલિન્ડરના ભાવ ઘટ્યા, વર્ષના અંતિમ મહિનામાં 6 મોટા ફેરફાર પર નજર કરી લો

**નવી દિલ્હી, તા.01**

આ વખતે ડિસેમ્બર મહિનામાં 6 મોટા ફેરફારો થઈ રહ્યા છે. એમાં આધાર-પાન લિંકિંગની ડેડલાઇનથી લઈને નિર્ધારિત તારીખ પછી ભરવામાં આવતા ITRની છેલ્લી તારીખ અને SBI mCASH સર્વિસ બંધ થવાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ કોમર્શિયલ ગેસ-સિલિન્ડરના ભાવ 10.50 રૂપિયા સુધી ઘટાડ્યા છે. જ્યારે RBI તેની MPC મિટિંગમાં વ્યાજદર 0.25% ઘટાડીને 5.25% કરી શકે છે. આવો... જાણીએ એવા જ છ ફેરફારો વિશે, જે પહેલી તારીખથી અમલમાં આવ્યા છે...

ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટે PANને આધાર સાથે લિંક કરવાની છેલ્લી તારીખ 31 ડિસેમ્બર 2025 નક્કી કરી છે. આ નિયમ એવા લોકો પર લાગુ પડે છે, જેમને 1 ઓક્ટોબર 2024 પહેલાં આધાર એનરોલમેન્ટ IDથી PAN જાહેર કરવામાં આવ્યો હતો.

જો તમે સમયસર લિંકિંગ નહીં કરાવો તો તમારો PAN ડી-એક્ટિવ થઈ જશે. એની અસર ITR ફાઈલિંગ, બેંક KYC, લોન લેવા અને સરકારી સબસિડી પર પડશે.

શું કરવું? આજે જ ઈન્કમ ટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલ પર જઈને લિંકિંગ પૂર્ણ કરો. પ્રક્રિયા સરળ છે - PAN નંબર, આધાર નંબર અને OTPથી થઈ જાય છે. દંડ પણ જમા કરાવવો પડશે.




રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ની મોનેટરી પોલિસી કમિટી (MPC)ની મિટિંગ 3થી 5 ડિસેમ્બર સુધી ચાલશે. આશા રાખવામાં આવી રહી છે કે આ મિટિંગમાં RBI વ્યાજદર 0.25% ઘટાડીને 5.25% કરી શકે છે. જો આવું થાય છે તો લોન સસ્તી થશે અને તમારો EMI પણ ઘટી શકે છે.

આ પહેલાં RBIએ તેની છેલ્લી MPC મિટિંગ (29 સપ્ટેમ્બરથી 1 ઓક્ટોબર)માં સતત બીજી વાર રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો ન હતો અને એને 5.5% પર યથાવત્ રાખ્યો હતો. જ્યારે ઓગસ્ટમાં થયેલી મિટિંગમાં પણ એમાં કોઈ ફેરફાર થયો ન હતો.

RBIએ ફેબ્રુઆરીમાં યોજાયેલી મિટિંગમાં વ્યાજદરોને 6.5%થી ઘટાડીને 6.25% કર્યા હતા. મોનેટરી પોલિસી કમિટી દ્વારા આ ઘટાડો લગભગ 5 વર્ષ પછી કરવામાં આવ્યો હતો. બીજી વાર એપ્રિલમાં યોજાયેલી મિટિંગમાં પણ વ્યાજદર 0.25% ઘટાડવામાં આવ્યો હતો. જૂનમાં ત્રીજીવાર દરોમાં 0.50%નો ઘટાડો થયો, એટલે કે, મોનેટરી પોલિસી કમિટીએ ત્રણ વારમાં વ્યાજદરો 1% ઘટાડ્યા.

એસેસમેન્ટ યર 2025-26 (ફાઈનાન્સિયલ યર 2024-25) માટે નિર્ધારિત તારીખ પછી ઈન્કમ ટેક્સ રિટર્ન (ITR) ભરવાની છેલ્લી તક 31 ડિસેમ્બર 2025 સુધીની છે. જો તમે ITR ફાઈલ નહીં કરો તો ઈન્કમ ટેક્સની નોટિસ મળી શકે છે.

શું કરવું? ઈન્કમ ટેક્સ ઈ-ફાઈલિંગ પોર્ટલ પર લોગ-ઈન કરો. ફોર્મ-16, બેંક સ્ટેટમેન્ટ, કેપિટલ ગેઈન, ફોરેન ઈન્કમ બધું એકત્રિત કરી લો. TR-1થી ITR-4 સુધી જે પણ લાગુ પડતું હોય, બિલેટેડ વિકલ્પ પસંદ કરીને 31 ડિસેમ્બરની રાત્રે 12 વાગ્યા પહેલાં સબ્મિટ કરી દો. તમારા એકાઉન્ટન્ટને અત્યારે જ કહી દો, કારણ કે છેલ્લા અઠવાડિયામાં સર્વર હેંગ થઈ શકે છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)એ ટેક્સ ઓડિટવાળા કેસો માટે ઈન્કમટેક્સ રિટર્ન (ITR) ફાઈલ કરવાની ડેડલાઇન વધારીને 10 ડિસેમ્બર 2025 કરી દીધી છે.

આ એસેસમેન્ટ યર 2025-26 માટે છે. નાના બિઝનેસ ઓનર્સ, પ્રોફેશનલ્સ અને જેમનું ટર્નઓવર 1 કરોડથી વધુ છે, તેમના માટે આ જરૂરી છે.

શું કરવું? તમારા એકાઉન્ટન્ટનો સંપર્ક કરો અને બધા ડોક્યુમેન્ટ્સ એકઠા કરો. ઓનલાઈન પોર્ટલ પર ફોર્મ 3CD સાથે ITR-3 અથવા ITR-5 ફાઈલ કરો. જો 10 ડિસેમ્બર પછી ફાઈલ કર્યું, તો સેક્શન 234A હેઠળ વ્યાજ લાગશે. આ ફેરફાર ટેક્સપેયર્સને રાહત આપે છે, પરંતુ સમયનું પાલન જરૂરી છે.

સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (SBI)ની લોકપ્રિય mCASH સર્વિસ આજથી બંધ થઈ ગઈ છે. આ સુવિધા OnlineSBI અને YONO Lite એપ દ્વારા પૈસા મોકલવા અને ક્લેમ કરવા માટે હતી.

આ સેવાના ઉપયોગની છેલ્લી તારીખ બેંકે 30 નવેમ્બર 2025 નક્કી કરી હતી, જે હવે સંપૂર્ણપણે બંધ થઈ જશે. એનો અર્થ એ છે કે જો તમે આ સેવાનો ઉપયોગ કરો છો, તો હવે UPI, NEFT અથવા IMPS જેવી પદ્ધતિઓ અપનાવવી પડશે.

શું કરવું? તરત જ તમારી બેંક એપ તપાસો અને નવા ટ્રાન્સફર વિકલ્પો શીખો. આનાથી નાના-મોટા પૈસા મોકલવામાં કોઈ અડચણ નહીં આવે. નિષ્ણાતોનું કહેવું છે કે આ ફેરફાર ડિજિટલ પેમેન્ટને વધુ મજબૂત બનાવવાની દિશામાં એક પગલું છે, પરંતુ યુઝર્સને થોડી અસુવિધા થઈ શકે છે.

આજથી 19 કિલોનો કોમર્શિયલ ગેસ-સિલિન્ડર 10.50 સુધી સસ્તો થયો છે. દિલ્હીમાં એની કિંમત 10 રૂપિયા ઘટીને 1580.50 થઈ ગઈ છે. પહેલાં એ 1590.50માં મળતો હતો. જ્યારે મુંબઈમાં એ હવે 10.50 રૂપિયા સસ્તો થઈને 1531.50 રૂપિયામાં મળશે.

# નવેમ્બરમાં UPIથી ₹26.32 લાખ કરોડની લેવડ-દેવડ...

## 2,047 કરોડ ટ્રાન્ઝેક્શન, વાર્ષિક ધોરણે 32%નો વધારો

**મુંબઈ, તા.01**

નવેમ્બર મહિનામાં દેશભરમાં UPI (યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ) દ્વારા 2,047 કરોડ ટ્રાન્ઝેક્શન થયા, જેમાં 26.32 લાખ કરોડ રૂપિયાની લેણદેણ થઈ. વાર્ષિક ધોરણે લેણદેણની સંખ્યામાં 32%નો વધારો થયો છે. જ્યારે, ટ્રાન્સફર કરાયેલી રકમમાં 22%નો વધારો થયો છે. આ દરમિયાન દરરોજ સરેરાશ 68.2 કરોડ ટ્રાન્ઝેક્શન થયા અને 87,721 કરોડની રકમ ટ્રાન્સફર કરવામાં આવી.

આ પહેલા ઓક્ટોબરમાં 2,071 કરોડ ટ્રાન્ઝેક્શન દ્વારા 27.28 લાખ કરોડ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. આ અત્યાર સુધીના કોઈપણ એક મહિનાનો રેકોર્ડ છે. UPIને રેગ્યુલેટ કરતી સંસ્થા નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) એ આજે એટલે કે 1 નવેમ્બરે ડેટા જાહેર કર્યો. IMPS પર નવેમ્બર 2024 ની સરખામણીમાં વ્યવહારોની સંખ્યા 10% ઓછી રહી, જોકે તેની રકમ 10% વધીને 6.15 લાખ કરોડ થઈ. FASTag ટ્રાન્ઝેક્શન વાર્ષિક ધોરણે 3% વધીને 36.9 કરોડ રહ્યું. ટ્રાન્સફર રકમ 16% વધીને 7,046 કરોડ રહી. AeP S દ્વારા 10.8 કરોડ ટ્રાન્ઝેક્શન થયા, જેનાથી 28,428 કરોડની રકમ ટ્રાન્સફર થઈ. વાર્ષિક ધોરણે આ 19% વધુ છે. ભારતમાં RTGS અને NEFT પેમેન્ટ સિસ્ટમનું સંચાલન RBI પાસે છે. IMPS, RuPay, UPI જેવી સિસ્ટમ્સને નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (NPCI) ઓપરેટ કરે છે. સરકારે 1 જાન્યુઆરી 2020થી UPI ટ્રાન્ઝેક્શન માટે ઝીરો-ચાર્જ ફ્રેમવર્ક ફરજિયાત કર્યું હતું. UPI સેવા માટે તમારે એક વર્ચ્યુઅલ પેમેન્ટ એડ્રેસ તૈયાર કરવું પડે છે. ત્યારબાદ તેને બેંક ખાતા સાથે લિંક કરવું પડશે. ત્યારબાદ તમારે તમારો બેંક ખાતા નંબર, બેંકનું નામ કે IFSC કોડ વગેરે યાદ રાખવાની જરૂર નથી રહેતી. પેમેન્ટ કરનાર ફક્ત તમારા મોબાઈલ નંબરના આધારે પેમેન્ટ રિક્વેસ્ટ પ્રોસેસ કરે છે.



### ઓલટાઈમ હાઈ બનાવીને બજાર ગગડ્યું :

# સેન્સેક્સ 65 પોઈન્ટ ઘટીને 85,642 પર બંધ થયો

## નિફ્ટી પણ 27 પોઈન્ટ ગગડ્યો, FMCG અને ફાર્મામાં વેચવાલી

**મુંબઈ, તા.01**

અઠવાડિયાના પહેલા કારોબારી દિવસે સોમવાર, 1 ડિસેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 65 પોઈન્ટ ઘટીને 85,642 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 27 પોઈન્ટનો ઘટાડો રહ્યો, તે 26,176 પર બંધ થયો.

આ પહેલા શરૂઆતી કારોબાર દરમિયાન સેન્સેક્સે 86,159 અને નિફ્ટીએ 26,325નો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો. સેન્સેક્સના 30 શેરોમાંથી 16માં ઘટાડો જોવા મળ્યો. આજે FMCG, ફાર્મા અને ફાઈનાન્સ શેરોમાં ઘટાડો રહ્યો. જ્યારે ઓટો અને IT શેરોમાં વધારો જોવા મળ્યો.

એશિયન બજારો: કોરિયાનો કોસ્પી 0.16% નીચે અને જાપાનનો નિક્કેઈ 1.89% નીચે બંધ થયો. જ્યારે, હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.67% ઉપર બંધ થયો.

અમેરિકન બજારો: 28 નવેમ્બરે ડાઉ જોન્સ 0.61% વધીને 47,716 પર બંધ થયો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 0.65% અને S&P 500 માં 0.54% નો વધારો જોવા મળ્યો. 28 નવેમ્બરના રોજ વિદેશી રોકાણકારો (FIIs) એ કેશ સેગમેન્ટમાં 3,795.72 કરોડના શેર વેચ્યા. જ્યારે સ્થાનિક રોકાણકારો (DIIs) એ 4,148.48 કરોડની ખરીદી કરી.




નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIs એ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

અઠવાડિયાના છેલ્લા કારોબારી દિવસે શુક્રવાર, 28 નવેમ્બરના રોજ શેરબજારમાં ઘટાડો જોવા મળ્યો. સેન્સેક્સ 14 પોઈન્ટ ઘટીને 85,707 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 13 પોઈન્ટનો ઘટાડો રહ્યો.

તે 26,203 પર બંધ થયો. આજે ઓઈલ એન્ડ ગેસ, રિયલ્ટી, પ્રાઈવેટ બેન્કિંગ અને IT માં ઘટાડો જોવા મળ્યો. મીડિયા, મેટલ, ફાર્મા અને હેલ્થકેર ઘટીને બંધ થયા.

27 નવેમ્બરે બજાર 14 મહિના પછી ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યું હતું. નિફ્ટીએ કારોબાર દરમિયાન 26,310 અને સેન્સેક્સે 86,055 નો સ્તર સ્પર્શ્યો હતો. આ પહેલા સેન્સેક્સે 27 સપ્ટેમ્બર 2024 ના રોજ 85,978 અને નિફ્ટીએ 26,277 નો ઓલટાઈમ હાઈ બનાવ્યો હતો.

# રૂપિયો 89.79 સુધી ગગડ્યો, સૌથી નીચલા સ્તરે: વિદેશી રોકાણકારો સતત પૈસા ઉપાડી રહ્યા છે, ડોલરની મજબૂતીથી દબાણ વધ્યું.....

**મુંબઈ, તા.01**

પિયો (23 સપ્ટેમ્બર) ડોલર સામે અત્યાર સુધીના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. કારોબાર દરમિયાન રૂપિયો 34 પૈસા ઘટીને 89.79 ના સ્તરે આવી ગયો હતો. આ 2 અઠવાડિયા પહેલાના ઓલ-ટાઈમ લો (89.66) ને પાર કરી ગયો. 21 નવેમ્બરે રૂપિયો 98 પૈસા ઘટ્યો હતો.

ઘરેલું શેરબજારોમાં ઘટાડો અને સતત વિદેશી ભંડોળની ઉપાડને કારણે રૂપિયા પર દબાણ આવ્યું છે. સવારે રૂપિયો 89.45 પ્રતિ ડોલરના સ્તરે ખુલ્યો હતો. જ્યારે શુક્રવારે ડોલર સામે રૂપિયો 9 પૈસાના ઘટાડા સાથે 89.45 પર બંધ થયો હતો.

રૂપિયો 2025માં અત્યાર સુધી 4.77% નબળો પડી ચૂક્યો છે. 1 જાન્યુઆરીએ રૂપિયો ડોલર સામે 85.70ના સ્તરે હતો, જે હવે 89.79ના સ્તરે પહોંચી ગયો છે.

રૂપિયામાં ઘટાડાનો અર્થ એ છે કે ભારત માટે વસ્તુઓની આયાત મોંઘી થશે. આ ઉપરાંત, વિદેશમાં ફરવું અને ભણવું પણ મોંઘું થઈ ગયું છે.



ધારો કે જ્યારે ડોલર સામે રૂપિયાની કિંમત 50 હતી, ત્યારે અમેરિકામાં ભારતીય વિદ્યાર્થીઓને 50 રૂપિયામાં 1 ડોલર મળતો હતો. હવે 1 ડોલર માટે વિદ્યાર્થીઓને 89.79 રૂપિયા ખર્ચ કરવા પડશે. આનાથી વિદ્યાર્થીઓ માટે ફીથી લઈને રહેવા-જમવા અને અન્ય વસ્તુઓ મોંઘી થઈ જશે.

રૂપિયાનો આ ઘટાડો ડોલરની વૈશ્વિક મજબૂતી સાથે સંકળાયેલો છે. ડોલર ઈન્ડેક્સ 0.04 ટકા વધીને 99.50 પર પહોંચી ગયો. આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઈલની કિંમતોમાં પણ ઉછાળો આવ્યો, બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સમાં 1.96% ના વધારા સાથે તે 63.60 ડોલર પ્રતિ બેરલ પર ટ્રેડ કરી રહ્યું હતું.

આયાતકારો તરફથી ડોલરની ભારે માંગે પણ રૂપિયાને નીચે ધકેલ્યો. ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (FPIs) હાઈ વેલ્યુએશનને કારણે કંપનીઓના સ્ટેક્સ વેચી રહ્યા છે, જેનાથી આઉટફ્લો થઈ રહ્યો છે.

ઓઈલ બાયિંગ, ગોલ્ડ બાયિંગ અને કોર્પોરેટ્સ તથા કેન્દ્ર સરકાર તરફથી રી-પેમેન્ટ્સે પણ દબાણ વધાર્યું. ટ્રેડ ટેન્શન્સને કારણે US સાથેની વાટાઘાટોમાં અવરોધો આવી રહ્યા છે. ટ્રમ્પ એડમિનિસ્ટ્રેશન તરફથી ટેરિફ ઈમ્પોઝિશને વાતચીતને મુશ્કેલ બનાવી છે.

જો કે, કોમર્સ સેક્રેટરી રાજેશ અગ્રવાલે કહ્યું છે કે 2025ના અંત સુધીમાં એક ફ્રેમવર્ક ટ્રેડ ડીલ પર સેટલમેન્ટની અપેક્ષા છે, જે ભારતીય નિકાસકારોને ટેરિફ લાભો આપશે.

રૂપિયામાં ઘટાડાની ઘરેલુ ઈક્વિટી માર્કેટ્સ પર પણ નકારાત્મક અસર પડી. આજે સેન્સેક્સ 64 અંક ઘટીને 85,641.90ના સ્તરે બંધ થયો. નિફ્ટી પણ 27 અંક ઘટ્યો, તે 26,175.75ના સ્તરે બંધ થયો.

જ્યારે શુક્રવારે FIIs એ ઈક્વિટીઝમાં 3,795.72 કરોડ રૂપિયાનું નેટ સેલિંગ કર્યું હતું. એક્સપર્ટ્સનું કહેવું છે કે આ આઉટફ્લો વેલ્યુએશન પ્રેશર અને ગ્લોબલ ક્યુઝ સાથે સંકળાયેલું છે.

માર્કેટ એક્સપર્ટ્સનું કહેવું છે કે રૂપિયો દબાણમાં છે, કારણ કે FPIs ના ભારે બાયિંગથી પૈસા બહાર જઈ રહ્યા છે.

હાઈ વેલ્યુએશન્સને કારણે સ્ટેક્સ સેલ, ઓઈલ-ગોલ્ડ બાયિંગ અને રી-પેમેન્ટ્સથી આઉટફ્લોઝ થઈ રહ્યા છે.

શોર્ટ ટર્મમાં આ ટ્રેન્ડ ચાલુ રહી શકે છે, પરંતુ ટ્રેડ ડીલ પર પ્રોગ્રેસથી રાહત મળી શકે છે.

ડોલરની સરખામણીમાં કોઈપણ અન્ય કરન્સીની વેલ્યુ ઘટે તો તેને મુદ્રાનું ઘટવું, તૂટવું, નબળું પડવું કહેવાય છે. અંગ્રેજીમાં તેને કરન્સી ડેપ્રિસિયેશન કહે છે. દરેક દેશ પાસે ફોરેન કરન્સી રિઝર્વ હોય છે, જેનાથી તે આંતરરાષ્ટ્રીય ટ્રાન્ઝેક્શન કરે છે. ફોરેન રિઝર્વના ઘટવા અને વધવાની અસર કરન્સીની કિંમત પર દેખાય છે.

જો ભારતના ફોરેન રિઝર્વમાં ડોલર, અમેરિકાના રૂપિયાના ભંડાર બરાબર હશે તો રૂપિયાની કિંમત સ્થિર રહેશે. આપણી પાસે ડોલર ઘટશે તો રૂપિયો નબળો પડશે, વધશે તો રૂપિયો મજબૂત થશે. આને ફ્લોટિંગ રેટ સિસ્ટમ કહેવાય છે.

# TVSની પ્રથમ એડવેન્ચર બાઇકની ડિલિવરી શરૂ

## ઓક્ટોબર, 2025માં લોન્ચ થઈ હતી, જાણો વેરિએન્ટ વાઇઝ કિંમત, ફીચર્સ અને કેવી રીતે મળશે બાઇક

**નવી દિલ્હી, તા.01**

જો તમે ટીવીએસ અપાચે RTX 300 બુક કરાવી છે, તો હવે તમારે વધુ રાહ જોવી પડશે નહીં. હકીકતમાં, ટીવીએસ મોટરે આ નવી એડવેન્ચર બાઇકની ડિલિવરી સત્તાવાર રીતે શરૂ કરી દીધી છે. નોંધનીય છે કે ઓક્ટોબર, 2025માં લોન્ચ થયા પછી આ બાઇક ઘણી ચર્ચામાં રહી છે, કારણ કે આ ટીવીએસની પહેલી એડવેન્ચર ટુરર મોટરસાઈકલ છે. આ બાઇક એવા રાઈડર્સ માટે ખૂબ જ આકર્ષક રહી છે, જેઓ વધુ ખર્ચ કર્યા વિના એક શક્તિશાળી અને ભરોસાપાત્ર એડવેન્ચર બાઇક ઈચ્છતા હતા. ચાલો જાણીએ બાઇકના ફીચર્સ, કિંમત અને પાવરટ્રેન વિશે વિગતવાર.





વેરિઅન્ટ મુજબ કિંમત જાણો ટીવીએસ અપાચે RTX 300 ની શરૂઆતની એક્સ-શોરૂમ કિંમત 1.99 લાખ છે. કંપનીએ તેને ત્રણ વેરિઅન્ટમાં રજૂ કરી છે. તેનું બેઝ વેરિઅન્ટ 1.99 લાખમાં, જ્યારે ટોપ મોડેલ 2.14 લાખમાં મળે છે.

આ ઉપરાંત, ટીવીએસે તેને "બિલ્ટ ટુ ઓર્ડર" (Built To Order - BTO) વિકલ્પ સાથે પણ રજૂ કરી છે, જ્યાં ગ્રાહકો પોતાની પસંદગી પ્રમાણે બાઇકને કસ્ટમાઇઝ (સજ્જ) કરાવી શકે છે.

બાઇક કેવી રીતે મળશે ડિલિવરીની પ્રક્રિયા બુકિંગના ક્રમ પ્રમાણે ચાલી રહી છે. કંપનીએ શરૂઆત બેંગ્લોરથી કરી છે અને હવે ધીમે ધીમે બાકીના શહેરોમાં પણ બાઇક પહોંચાડવામાં આવશે. આનાથી તે ગ્રાહકોને રાહત મળશે જેઓ લાંબા સમયથી આ મોડેલની રાહ જોઈ રહ્યા હતા. ટીવીએસનો લક્ષ્ય છે કે તમામ બુકિંગ સમયસર પૂરા થાય અને ગ્રાહકોને કોઈપણ વિલંબ વિના બાઇક મળે.

ડિઝાઈનની દ્રષ્ટિએ, RTX 300 એક ખરા અર્થમાં એડવેન્ચર બાઇક જેવું લાગે છે. તેમાં ટ્વીન-LED હેડલાઇટ, ઊંચી વિન્ડસ્ક્રીન, ફેન્ડર્સ અને શાર્પ બોડી પેનલ્સ છે. તે સ્ટીલ ટ્રેલીસ ફ્રેમ પર બનેલ છે, જે તેને ઉબડખાબડ રસ્તાઓ માટે મજબૂતી આપે છે. ઉબડખાબડ રસ્તાઓમાં સંભાળવા માટે, લાંબા-પ્રવાસ USD (અપસાઈડ ડાઉન) અને પાછળના મોનોશોક સસ્પેન્શનનો સમાવેશ થાય છે. આ બાઇકમાં 19-ઈંચનું ફ્રન્ટ અને 17-ઈંચનું રિયર વ્હિલ પર ચાલે છે.

તેમાં હાઈવે અને ડર્ટ રોડ બંને ઉપયોગ માટે ડ્યુઅલ-પર્પઝ ટાયરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તે પાંચ કલર ઓપ્શન આવે છે: વાઈપર ગ્રીન, મેટાલિક બ્લુ, પર્લ વ્હાઈટ, લાઈટનિંગ બ્લેક અને ટાર્ન બ્રોન્ઝ.

અપાચે RTX 300માં ખૂબ જ શુદ્ધ મિકેનિકલ સેટઅપ છે. તે 299cc, બિલકુલ નવું, લિક્વિડ-કૂલ્ડ RT-XD4 એન્જિન દ્વારા સંચાલિત છે. આ એન્જિન લાંબી મુસાફરી અને ભારે ગરમીમાં પણ બાઈકને ઠંડુ રાખે છે. આ એન્જિન 35 હોર્સપાવર (hp)ની મહત્તમ પાવર અને 28.5 Nm નો પીક ટોર્ક ઉત્પન્ન કરે છે, જે એડવેન્ચર રાઈડ માટે તાકાત આપે છે.

તેમાં સ્મૂથ ગિયર શિફ્ટિંગ માટે સ્લિપ-એન્ડ-આસિસ્ટ ક્લચ સાથે 6-સ્પીડ ગિયરબોક્સ અને ક્વિકશિફ્ટર (ક્લચ દબાવ્યા વિના ગિયર્સ શિફ્ટિંગ) અને રાઈડ-બાય-વાયર (ઈલેક્ટ્રોનિકલી કંટ્રોલ થ્રોટલ) જેવી પ્રીમિયમ સુવિધાઓ છે.

ફીચર્સની વાત કરીએ તો, આ બાઇક અનેક હાઈ-ટેક રાઈડર એઈડ્સ સાથે આવે છે, જેમાં ટ્રેક્શન કંટ્રોલનો સમાવેશ થાય છે જે બાઈકને રસ્તા પર લપસતા અટકાવે છે. ABS (એન્ટી-લોક બ્રેકિંગ સિસ્ટમ)માં રેલી, અર્બન અને રેઈન જેવા મોડ્સ છે, જે વિવિધ રસ્તાની સ્થિતિ અનુસાર બ્રેકિંગને લપસતી અટકાવે છે. બાઈકની 5-ઈંચની TFT સ્ક્રીનમાં ક્રુઝ કંટ્રોલ અને ટર્ન-બાય-ટર્ન નેવિગેશનની ફીચર્સ છે. તમે SmartX કનેક્ટ એપ્લિકેશન દ્વારા ફોન કોલ્સ અને મ્યૂઝિક કંટ્રોલ કરી શકો છો.

# સોનું ₹2,011 વધીને ₹1.29 લાખ પ્રતિ 10 ગ્રામ થયું

## આ વર્ષે 52,440 રૂપિયા મોંઘું થયું, ચાંદી ₹9,381 વધીને ₹1.74 લાખ પ્રતિ કિલો થઈ

**નવી દિલ્હી, તા.01**

સોના-ચાંદીના ભાવમાં આજે એટલે કે 1 ડિસેમ્બરે તેજી જોવા મળી રહી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ સોનું 2,011 રૂપિયા મોંઘું થઈને 1,28,602 રૂપિયા પર પહોંચી ગયું છે. આ પહેલા 10 ગ્રામ સોનું 1,26,591 રૂપિયાનું હતું.

જ્યારે, ચાંદી 9,381 રૂપિયા મોંઘી થઈને 1,73,740 રૂપિયા પર પહોંચી ગઈ. આ પહેલા ચાંદીની કિંમત 1,64,359 રૂપિયા પ્રતિ કિલોગ્રામ હતી. 17 ઓક્ટોબરે સોનાએ 1,30,874 રૂપિયા અને 14 ઓક્ટોબરે ચાંદીએ 1,78,100 રૂપિયાની ઓલ ટાઈમ હાઈ બનાવી હતી.



અલગ-અલગ શહેરોમાં રેટ્સ અલગ કેમ હોય છે? IBJA ની સોનાની કિંમતોમાં 3% GST, મેકિંગ ચાર્જ અને જ્વેલર્સ માર્જિન શામેલ હોતું નથી, તેથી અલગ-અલગ શહેરોમાં રેટ્સ અલગ-અલગ હોય છે. પંજાબ નેશનલ બેંક સહિત ઘણી બેંકો ગોલ્ડ લોન રેટ નક્કી કરવા માટે આ કિંમતોનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 52,440 રૂપિયા વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,28,602 રૂપિયા થઈ ગયું છે.

આ સમયગાળા દરમિયાન ચાંદીનો ભાવ પણ 87,723 રૂપિયા વધ્યો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 1,73,740 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

1. કેન્દ્રીય બેંકોની ખરીદી: દુનિયાભરની મોટી બેંકો ડોલર પર નિર્ભરતા ઓછી કરવા માગે છે. તેથી તેઓ પોતાના ખજાનામાં સોનાનો હિસ્સો સતત વધારી રહ્યા છે.

અસર: જ્યારે મોટી બેંકો સતત ખરીદી કરે છે, ત્યારે બજારમાં સોનાની માંગ જળવાઈ રહે છે અને કિંમત ઉપર જાય છે.

2. ક્રિપ્ટોથી સોના તરફ વલણ: ક્રિપ્ટોમાં ઉતાર-ચઢાવ અને કડક નિયમોના ડરથી રોકાણકારો સોનામાં પૈસા લગાવી રહ્યા છે. છેલ્લા કેટલાક સમય દરમિયાન ભારતમાં શેરબજારમાંથી ઓછા વળતરે પણ સોનાને આકર્ષક બનાવ્યું છે. આ ઉપરાંત લગ્નની સીઝન શરૂ થવાથી પણ સોનાની માંગ વધી ગઈ છે.

અસર: સોનાની માંગમાં તેજી અને ગોલ્ડ ETFમાં વધતા રોકાણથી કિંમતો વધી જાય છે.

3. લાંબા ગાળાની સંપત્તિ: સોનું ક્યારેય સંપૂર્ણપણે નકામું થતું નથી. તે નષ્ટ થતું નથી, મર્યાદિત માત્રામાં છે અને મોંઘવારીના સમયે તેની કિંમત જાળવી રાખે છે.

અસર: લાંબા ગાળે સોનું રાખવું મોટાભાગે ફાયદાકારક છે.

આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર સુધી જઈ શકે છે કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ભૌગોલિક રાજકીય તણાવ યથાવત છે. આનાથી સોનાને ટેકો મળી રહ્યો છે. આનાથી સોનાની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં, આ વર્ષે સોનું 1 લાખ 35 હજાર રૂપિયા પ્રતિ 10 ગ્રામ સુધી જઈ શકે છે.

# ટેન્ડરમાં ગેરરીતિ: ગિફ્ટ સિટીના ફૂડઝોનનો કોન્ટ્રાક્ટ શિલ્પા શેટ્ટીની કંપનીને આપી દેવાયો

**ગાંધીનગર, તા.01**

ગાંધીનગર ગીફ્ટ સિટિમાં ફુડઝોનની ટેન્ડર પ્રક્રિયામાં ગેરરીતિ થઈ હોવાનો આક્ષેપ થયા છે. ફિલ્મી હસ્તી શિલ્પા શેટ્ટીની બાસ્ટીઅન હોસ્પિટાલિટિ લિ.ને ફાયદો થાય તે રીતે ટેન્ડરની શરતમાં રાતોરાત ફેરફાર કરી ગુજરાત સરકારને 68 કરોડ રૂપિયાનું નુકસાન થાય તે રીતે ફૂડઝોનનો કોન્ટ્રાકટ પધરાવી દેવામાં આવતા વિવાદ સર્જાયો છે.

આ ગીફ્ટ સિટિ માટે ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટિ કંપની દ્વારા સેન્ટ્રલ પાર્કમાં ફૂડઝોનનો કોન્ટ્રાકટ આપવા બીજી જુલાઈ 2025ના રોજ વેબસાઈટ પર જાહેરાત કરવામાં આવી. જેમાં પ્રી-બિડ કિલેરિફિકેશન 13-8-2025ના રોજ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ 13-8-2025થી 2-9-2025સુધી ઓનલાઈન ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી. જ્યારે ફિઝિકલ ટેન્ડર રજૂ કરવાની 3-9-2025 નક્કી કરવામાં આવી હતી. આ ટેન્ડર પ્રક્રિયામાં ફૂડ કંપનીઓને 15 વર્ષનો કોન્ટ્રાક્ટ આપવા અને 1 લાખ ચોરસ ફુટ જગ્યા ફૂડઝોન તૈયાર કરવા અને મેન્ટેઈન કરવા જણાવવામાં આવ્યું હતું. જેમાં 65 લાખ રૂપિયા એક મહિનાનું ભાડુ નક્કી કરવામાં આવ્યું હતું. તેમજ 8થી 8.50 કરોડ રૂપિયાનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી હોય તેવી ફુડ કંપની ટેન્ડર ભરી શકશે તેમ જણાવવામાં આવ્યું હતું.

જેમાં મહિને 65 લાખ રૂપિયા પ્રમાણે એક વર્ષનું ભાડું 7.80 કરોડ રૂપિયા થાય. 15 વર્ષના કોન્ટ્રાકટમાં ગીફ્ટ સિટિ કંપનીને 120 કરોડ રૂપિયાની આવક થાય તેવું આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ 18 ટકા જીએસટી પ્રમાણે 21.60 કરોડ રૂપિયાનો ટેક્સ મળવા પાત્ર હતો. ત્યારબાદ ભાડામાં ઘટાડો કરી પ્રતિ ચોરસ ફુટ 55 રૂપિયા નક્કી કર્યું. તેમાં પણ માત્ર 15 દિવસ બાદ તુરત



ભાડાના દરમાં વધુ ઘટાડો કરી 45 રૂપિયા પ્રતિ ચોરસ ફુટ કરવામાં આવ્યું હતું. અચાનક રાતોરાત 45 રૂપિયાના સ્થાને ભાડામાં ઘટાડો કરી 35 રૂપિયા પ્રતિ ચોરસ ફુટ ભાડુ નક્કી કરવામાં આવ્યું હતું. આમ દર મહિને 65 લાખ રૂપિયા ભાડું જે શરૂઆતમાં નક્કી કરાયું હતું. તેમાં મહિને ખાસ્સો 30 લાખ રૂપિયાનો ઘટાડો કરી દેવાયો.

ટેન્ડરની શરતો મુજબ વાર્ષિક 8થી 8.50 કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવતી કંપનીઓ ફુડઝોનના ટેન્ડરમાં ભાગ લઇ શકશે તેને કારણે ગુજરાત અને પરપ્રાંતની 4થી 5 કંપનીઓ ટેન્ડરમાં ભાગ લઈ શકે તેવી પરિસ્થિતિ સર્જાતા માનીતી કંપનીને કોન્ટ્રાકટ મળે તે માટે ટર્નઓવરની શરતમાં રાતોરાત ફરી એકવાર ફેરફાર કરી જે કંપનીનું વાર્ષિક ટર્નઓવર 10 કરોડથી વધુ હોય તે કંપની ટેન્ડર ભરી શકશે.

જેથી ગુજરાત સહિતની અન્ય કંપનીઓ ટેન્ડર ભરી શકવામાં સક્ષમ બની શકી નહીં અને ફિલ્મી દુનીયાની હસ્તી શિલ્પા શેટ્ટી જે કંપનીમાં વધુ ઈક્વિટી ધરાવે છે તે કંપની બાસ્ટિઅન હોસ્પિટાલિટિ લિમિટેડને પ્રતિ ચોરસ મીટર 35 રૂપિયા પ્રમાણેનું ભાડુ નક્કી કરી 1,01,796 ચોરસ ફુટ જમીન ફૂડઝોન માટે પધરાવી દેવામાં આવ્યો છે.

બાસ્ટીઅન હોસ્પિટાલિટિ પ્રા. લી. કંપનીનું નામ અગાઉ આલિયા હોસ્પિલિટિ હતું. જેની સ્થાપના 2014મા રણજીત બ્રિદ્રાએ કરી હતી. વર્ષ 2015માં તેનું નામ બદલવામાં આવ્યું અને 2019માં ફિલ્મી હસ્તી શિલ્પા શેટ્ટીએ 50 ટકાનો હિસ્સો ખરીદ્યો હતો. બાસ્ટીઅન હોસ્પિટાલિટિ કંપનીએ સેન્ટ્રલ બેન્ક ઓફ ઈન્ડિયા પાસેથી 23.30 કરોડ રૂપિયા અને ઈન્ડિયન બેન્કમાંથી 8.90 કરોડ રૂપિયાની લોન મેળવી છે. જ્યારે એક્સસીસ બેન્કમાંથી લોન લીધી છે. શિલ્પા શેટ્ટીની એસએસકે યોગ પ્રા.લી. કંપની દ્વારા બાસ્ટીઅન હોસ્પિટાલિટિમાં 50 ટકાનો હિસ્સો ખરીદવામાં આવ્યો હતો.

ફૂડ કોર્ટના આ કોન્ટ્રાકટમાં સરકારની આવક વધે તેના બદલે પરપ્રાંતીય માનીતા કોન્ટ્રાકટરને ફાયદો થાય તેવી શરતોએ કોન્ટ્રાકટ પધરાવી દેવામાં આવ્યો છે. ટેન્ડર બહાર પાડ્યા પછી અવાર-નવાર ટેન્ડરની શરતોમાં ફેરફાર કરવામાં આવ્યા જેને કારણે સ્થાનિક ગુજરાતી વ્યાપારીઓની બાદબાકી કરી દેવામાં આવી છે. આમ 8થી 8.50 કરોડ રૂપિયાના વાર્ષિક ટર્ન ઓવરના નિયમમાં ફેરફાર કરી 10 કરોડ રૂપિયાથી વધુ ટર્ન ઓવરનો નિયમ કરી દેવામાં આવ્યો જ્યારે કેટલાકને અનુભવના બહાને હટાવી દેવામાં આવ્યા.

# SG હાઈવે પર હિટ એન્ડ રન, યુવકનું મોત

## ગાંધીનગરથી નોકરી જવા નીકળેલા બાઇકચાલકને નિરમા યુનિ. પાસે ટક્કર મારી વાહનચાલક ફરાર, અકસ્માત સ્થળે પરિવારજનોનું હૈયાફાટ રુદન

**અમદાવાદ, તા.01**

અમદાવાદના એસજી હાઈવે પર વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. 1 ડિસેમ્બર વહેલી સવારે ગાંધીનગરથી નોકરી જવા બાઈક પર નીકળેલા કથન ખરચર નામના યુવકને અજાણ્યા વાહનચાલકે નિરમા યુનિવર્સિટી પાસે ટક્કર મારી હતી. યુવકને ટક્કર વાગતા ઘટનાસ્થળે જ મોત થયું છે. એસજી 1 ટ્રાફિક-પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, કથન ખરચર નામનો 21 વર્ષીય યુવક ગાંધીનગર ખાતે પોતાના મામાના ઘરે રહે છે. કથન YMCA પાસે આવેલી ખાનગી કંપનીમાં નોકરી કરે છે. કથન રોજની જેમ વહેલી સવારે ગાંધીનગરથી બાઈક પર પોતાની ઓફિસ જવા નીકળ્યો હતો. નિરમા યુનિવર્સિટી પાસે પહોંચતાં સવારે 6:30 વાગ્યાની આસપાસ કથનને અજાણ્યા વાહનચાલકે ટક્કર મારી હતી. એને લીધે કથન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો જેથી તેનું ઘટનાસ્થળે મોત થયું હતું. આ ઘટનાની જાણ થતાં જ ટ્રાફિક-પોલીસ અને મૃતક યુવકનાં પરિવારજનો સ્થળ પર પહોંચ્યાં હતા. યુવાન દીકરાનું મોત થતાં પરિવારજનો હૈયાફાટ રુદન કરી રહ્યાં હતાં. ટ્રાફિક-પોલીસે અકસ્માત સર્જનાર અજાણ્યા વાહનચાલકને શોધી કાઢવા CCTV ફૂટેજમાં આધારે વધુ તપાસ શરૂ કરી છે. એસજી 1 ટ્રાફિક-પોલીસ સ્ટેશનના PI આર.વી વીછીએ જણાવ્યું હતું કે અકસ્માત કરીને અજાણ્યો વાહનચાલક નાસી ગયો છે. પોલીસ દ્વારા એસજી હાઈવે પરના CCTV ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. હિંમતનગર તરફથી આવતી આઈવા ટ્રકના ચાલકે પોતાની ગાડી પુરઝડપે અને ગફલતભરી રીતે બેદરકારીથી ચલાવી વૃદ્ધને ટકકર મારતા તેઓ રોડ ઉપર પડી ગયા હતાં.

# B.Ed ભણેલી મહિલા અમદાવાદમાં પતિ સાથે ડ્રગ્સ વેચતા ઝડપાઈ! રાજસ્થાનથી જથ્થો લાવવામાં ભાઈ કરતો હતો મદદ

**અમદાવાદ, તા.01**

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ડ્રગ્સની હેરાફેરી કરતા ચાંપતી કાર્યવાહી કરતા વાડજમાં રહેતા એક દંપતીની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાંચને દંપતીના વાડજના ભાડાના મકાનમાંથી 35,77,500 રૂપિયાની કિંમતનો 357.750 ગ્રામ MD ડ્રગ્સનો જથ્થો મળી આવ્યો હતો. આ સમગ્ર કાર્યવાહી દરમિયાન પોલીસે કુલ 36.40 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

મળતી માહિતી અનુસાર, અમદાવાદના વાડજમાં અખબારનગર સર્કલ નજીક ખત કોલોનીમાં દરોડા પાડવામાં આવ્યા હતા. અહીં ભાડાના મકાનમાં રહેતા 28 વર્ષીય કમલેશ બિશ્નોઈ અને તેની પત્ની 24 વર્ષીય રાજેશ્વરી બિશ્નોઇને ઝડપી પાડવામાં આવ્યા હતા. આ દંપતી પાસેથી નેટ 357 ગ્રામ 750 મિલિગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ




જપ્ત કરવામાં આવ્યું હતું, જેની આંતરરાષ્ટ્રીય બજાર કિંમત 35,77,500 રૂપિયા છે. ડ્રગ્સ ઉપરાંત પોલીસે રોકડા 22,800 રૂપિયાના બે મોબાઈલ ફોન, બે આધાર કાર્ડની નકલ, બેટરીવાળો વજનકાંટો, અને 53 નંગ પ્લાસ્ટિકની પારદર્શક ખાલી ઝીપર બેગ સહિત કુલ 36,40,800 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પ્રાથમિક પૂછપરછમાં જાણવા મળ્યું છે કે આ પતિ-પત્ની છેલ્લા ત્રણ મહિનાથી અમદાવાદમાં છૂટક ગ્રાહકોને એમ.ડી. ડ્રગ્સનો જથ્થો વેચી રહ્યા હતા. આ સમગ્ર ગેરકાયદે પ્રવૃત્તિમાં પકડાયેલી મહિલાનો મુખ્ય રોલ સામે આવ્યો છે. B.Ed. સુધીનો અભ્યાસ કરેલી રાજેશ્વરી ડ્રગ્સની હેરાફેરીનું કામ કરતી હતી. તેણે પોલીસને જણાવ્યું કે, 'મારા મામાનો દીકરો સુભાષ આ પ્રવૃત્તિમાં સંડોવાયેલો છે. સુભાષે મને આર્થિક લાભની લાલચ આપીને આ કામ માટે સહમત કરી હતી.' રાજેશ્વરીએ પોલીસ સમક્ષ કબૂલ્યું કે તે લગભગ પાંચથી છ વખત રાજસ્થાનના સાંચોર ખાતે જઈને ગેરકાયદે એમડી ડ્રગ્સનો જથ્થો લઈ આવેલી છે. તાજેતરમાં જ પાંચ દિવસ પહેલા તે બસમાં સાંચોર ખાતે તેના પિયરમાં ગઈ હતી. ત્યાં તેના મામાના દીકરા સુભાષે ઉત્તર પ્રદેશના લખનઉ ખાતેથી લાવેલો MD ડ્રગ્સનો જથ્થો તેને આપ્યો હતો. આ જથ્થો અમદાવાદ લાવીને તે અને તેનો પતિ છૂટક વેચાણ કરતા હતા. આ મામલે ક્રાઈમ બ્રાન્ચે એન.ડી.પી. એસ. એક્ટ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદના મેઘાણીનગરમાં પ્રેમ સંબંધની શંકામાં યુવકની હત્યા, પીઠ પર છરીના ઘા ઝીંકતા મોત....

**અમદાવાદ, તા.01**

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં ફરી એકવાર હત્યાનો બનાવ બન્યો છે, જેના કારણે આ વિસ્તારમાં એક જ અઠવાડિયામાં બે હત્યાની ઘટનાઓ નોંધાઈ છે. ગઈકાલે મોડી રાતે મેઘાણીનગરના ભાર્ગવ રોડ પર ચંદ્રશેખર તોમર નામના યુવકને અજાણ્યા શખસ દ્વારા પીઠના ભાગે છરીના આડેધડ ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ હત્યા પાછળ પ્રેમ સંબંધ જવાબદાર હોવાની શંકાના આધારે પોલીસે તપાસનો દોર શરૂ કર્યો છે.

મળતી માહિતી અનુસાર, ચંદ્રશેખર તોમર સંયુક્ત પરિવારમાં રહેતો હતો અને નોકરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. રવિવારે (30મી નવેમ્બર) મોડી રાતે તે પોતાના મિત્ર સાથે ભાર્ગવ રોડ પર ચાલીને જઈ રહ્યો હતો, ત્યારે અચાનક એક અજાણ્યો શખસ આવ્યો હતો અને પાછળથી તેની પીઠ પર છરીના ઘા ઝીંકીને તરત જ ફરાર થઈ ગયો હતો.




છરીના હુમલાથી ચંદ્રશેખર લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા ચંદ્રશેખરને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પરિવારજનોને આ ઘટનાની જાણ થતાં તેઓ પણ તરત જ હોસ્પિટલ પહોંચ્યા હતા. જો કે, ટૂંકી સારવાર બાદ ફરજ પરના તબીબોએ ચંદ્રશેખરને મૃત જાહેર કર્યો હતો. આ પછી ઘટનાની જાણ થતાં જ મેઘાણીનગર પોલીસ સ્ટેશનનો કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. જોકે, પોલીસે પ્રાથમિક તપાસમાં હત્યાનું કારણ પ્રેમ પ્રકરણ હોવાની શક્યતા વ્યક્ત કરી છે અને તે દિશામાં તપાસ શરૂ કરી છે.

# અમદાવાદ ફાયર વિભાગના સહાયક સ્ટેશન ઓફિસરના ઈન્ટરવ્યૂ રદ, લેખિત પરીક્ષા વિના કરાઈ હતી ભરતી પ્રક્રિયા

**અમદાવાદ, તા.01**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC) દ્વારા ફાયર વિભાગમાં જાહેર કરવામાં આવેલી સહાયક સ્ટેશન ઓફિસરની ભરતીમાં લેખિત પરીક્ષા વગર ફક્ત ઈન્ટરવ્યૂ લેવાના હોવાથી કોંગ્રેસે ભરતીને લઈને વિરોધ નોંધાવ્યો હતો. સમગ્ર મામલે કોંગ્રેસે આક્ષેપ કર્યા હતા કે, સામાન્ય રીતે ક્લાસ 3-4ની ભરતીમાં લેખિત પરીક્ષા લેવામાં આવે છે. પરંતુ AMC દ્વારા માત્ર ઈન્ટરવ્યૂ રાખવામાં આવ્યું છે. વિવાદ થતાં અંતે AMCએ ફાયર વિભાગ હેઠળની સહાયક સ્ટેશન ઓફિસરના ઈન્ટરવ્યૂ રદ કરાયા છે અને લેખિત પરીક્ષા લેવા સૂચના આપવામાં આવી છે.

મળતી માહિતી મુજબ, AMCના ફાયર એન્ડ ઈમરજન્સી ખાતામાં સહાયક સ્ટેશન ઓફિસરની ભરતી બહાર પાડવામાં આવી હતી. ભરતીમાં કુલ 144



અરજી મળી હતી, જેમાંથી 120 ઉમેદવારોને ફિઝિકલ ટેસ્ટ માટે બોલાવ્યા હતા. આ પછી ફિઝિકલ ટેસ્ટમાં પાસ થનારા 62 ઉમેદવારોમાંથી 32 ઉમેદવારોનું વેરિફિકેશન થતાં મૌખિક ઈન્ટરવ્યૂ માટે બોલાવાયા હતા. સમગ્ર ભરતી પ્રક્રિયામાં લેખિત પરીક્ષાને સ્થાન ન આપવામાં આવતા આ મામલે કોંગ્રેસ દ્વારા ભરતીમાં કૌભાંડ આચરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરીને વિરોધ નોંધાવ્યો હતો.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે, રાજ્ય સરકારના ક્લાસ 3-4 સંવર્ગની તમામ જગ્યાઓની ભરતી પ્રક્રિયામાં ઈન્ટરવ્યૂની જોગવાઈ રદ કરવામાં આવી છે. છતાં AMCએ સહાયક સ્ટેશન ઓફિસરની ભરતીમાં લેખિત પરીક્ષા લીધા સિવાય માત્ર ઈન્ટરવ્યૂ 2 ડિસેમ્બરના રોજ લેવાના છે, ત્યારે ભરતીમાં ઈન્ટરવ્યૂ રદ કરવા કોંગ્રેસે માગ કરી હતી.

# યુવકે નશો કરીને અકસ્માત સર્જ્યો : વડોદરા-પાદરા રોડ પર નશામાં ધૂત ચાલકે કાર ડિવાઈડર પર ચડાવી

**વડોદરા, તા.01**

વડોદરા-પાદરા રોડ પર સમીયાલા ગામ પાસે મોડી રાત્રે નશાની હાલતમાં કાર ચલાવતા ચાલકે કારને ડિવાઈડર પર ચડાવી દીધી હતી. નશાની અસર એટલી તીવ્ર હતી કે, ચાલક કારનો દરવાજો પણ ખોલી શક્યો નહોતો. આ ઘટનાની જાણ ગ્રામજનોએ તુરંત જ 112 નંબર પર કોલ કરીને જાણ કરતાં વડોદરા તાલુકા પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આરોપીની અટકાયત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા-પાદરા રોડ પર સમીયાલા ગામ પાસે યુવક નશાની હાલતમાં કારને ડિવાઈડર પર ચડાવી દીધી હતી. જેને પગલે આસપાસના લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા. આ સમયે વડોદરા તાલુકા પોલીસની ટીમ નાઈટ પેટ્રોલિંગમાં હતી અને સમીયાલા બસ સ્ટેન્ડ પાસે જ હોવાથી પોલીસ પણ તાત્કાલિક પહોંચી ગઈ હતી. પોલીસ અને ગ્રામજનોની મદદથી કારનો કાચ તોડીને કાર ચાલકને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યો હતો. ચાલકની આંખો લાલચોળ હોવાથી અને તોતડાતી જીભે વાત કરતો હોવાથી તે દારૂના નશામાં હોવાનું પોલીસે નોંધ્યું હતું.

# ઘર કંકાસમાં ફાયરિંગ કરનારો શખસ ઝડપાયો, નશામાં સસરાના ઘર બહાર તોફાન મચાવ્યું હતું

**અમદાવાદ, તા.01**

અમદાવાદમાં ઘર કંકાસના કારણે એક શખસે વિજય ચાર રસ્તા નજીકની સુભાષ સોસાયટીમાં બે રાઉન્ડ ફાયરિંગ કર્યું હતું. આ ઘટનાની તપાસમાં સામે આવ્યું છે કે, સેટેલાઈટમાં રહેતા અને ઓટોમોબાઈલ શોપ ચલાવતા રાહુલ સોનીએ ગુસ્સામાં આવીને તેમના સસરા મનહર સોનીના ઘર બહાર હવામાં ફાયરિંગ કર્યું હતું, જેના પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે ફાયરિંગ કરનારા શખસની ધરપકડ કરી લીધી છે.



આ ઘટના અંગે પોલીસે વિગતવાર જણાવ્યું કે, આરોપી રાહુલ સોની અને તેની પત્ની વચ્ચે લાંબા સમયથી ઘર કંકાસ ચાલતા હતા. આ મામલે સસરા મનહરભાઈએ સમજાવટ માટે ફોન કરતાં રાહુલ વધુ ગુસ્સે ભરાયો હતો. ગુસ્સામાં રાહુલ સોની લાયસન્સવાળા હથિયારો સાથે સુભાષ સોસાયટીમાં સસરાના ઘરે પહોંચ્યો હતો. તેણે પોતાની પાસે રહેલી 12 બોર રાઈફલમાંથી બે રાઉન્ડ અને રિવોલ્વરમાંથી ચાર રાઉન્ડ મળીને કુલ છ રાઉન્ડ હવામાં ફાયર કર્યાં હતા.

આ પછી સસરા મનહરભાઈએ 112 પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી. પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પોલીસે આરોપી રાહુલને નશો કરેલી હાલતમાં ઝડપી લીધો હતો. તેની ગાડીમાંથી એક 12 બોર રાઈફલ અને એક રિવોલ્વર સહિત બે હથિયારો જપ્ત કરવામાં આવ્યા છે. રિવોલ્વરમાંથી બે જીવતા કારતૂસ પણ મળી આવ્યા છે.

પોલીસ તપાસમાં રાહુલ સોનીના બેકગ્રાઉન્ડને લઈને ચોંકાવનારી વિગતો સામે આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, તેની સામે વર્ષ 2018માં આનંદનગર, સેટેલાઈટ અને સરખેજ પોલીસ સ્ટેશનમાં અલગ અલગ ગુનાઓ નોંધાયેલા છે. આ ઉપરાંત, આનંદનગર પોલીસ સ્ટેશનમાં અગાઉ તેના પર 'આર્મસ એક્ટ' હેઠળ બે ગુના દાખલ થયેલા હોવાનું પણ જાણવા મળ્યું છે.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત**

**આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599

